કુમાર

અંક ૩૪

ઉગતી પ્રજાનું માસિક


આસો : ૧૯૮૨

તંત્રી રવિશંકર રાવળ



દીપબાલિકા

ચિત્રકાર : ચન્દ્રવદન ભટ્ટ



લવાજમ વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની.
ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો.
લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



દિન અસ્ત થતાં ચિત્રકાર : સ્વ. રામરાવ

'કુમાર'ના આસો ૧૯૮૨ના અંકનું મુખચિત્ર

કુમાર
આસો સં.
૧૯૮૨
આવતી કાલના નાગરિકો તેમજ આજના ઘરોનું માનીતું માસિક
વર્ષ ત્રીજું
અંક દસમો

શ્રી

શ્રી એ સુખસંપત્તિનો મંગલ સંકેત છે; એટલે કોઇપણ શુભ પ્રવૃત્તિમાં પ્રથમ સ્થાન એનું છે. જેમ, શ્રી ગણેશાય નમઃ

શ્રીરામ, નૂતનશ્રી, એમાં શ્રી એટલે વર્ચસ્ અને શોભા.

શ્રી એટલે લક્ષ્મી. આપણા વેપારીઓ ચોપડાને પ્રથમ પાને એને લખે છેઃ શ્રી૧ા. પણ વ્યાપારે આપણી શ્રી વસે છે ખરી? અને શ્રી૧ા તે શ્રી૧ા જ રહે છે કે શ્રી૩ શ્રી૫ ને શ્રી૧૦ પણ થઇ જાય છે?

શ્રી એ પરાપૂર્વથી લોકનારાયણી મનાએલી છે. કમલમાંથી એ પ્રગટી છે અને એને મસ્તકે બે ગજરાજ સામસામી સુંઢો અદ્ધર કરીને અમૃતધારા ઢોળે છે. ગૃહદેવી રૂપે તો એનાં કંકુપગલાં ઘેરઘેર પડે છે ને પૂજાય છે.

એક પૈસાઘેલો કહેતો, 'તમે વૈષ્ણવ; પણ લક્ષ્મીનાથે ય શ્રીની ઉપાસના વગર પ્રસન્ન ન થાય! હું તો શ્રીભક્ત છું!'

પણ વૈષ્ણવી તો છે વત્સલ માતા; ખરાખોટાપણાથી એ ન ખરીદાય, ન વેચાય.

શ્રી એટલે ધાતુનું ધન-પૈસો અને તે ય એક જણનો, એવો સાંકડો અર્થ આજના અર્થશાસ્ત્રનો છે. પણ શ્રી તો હતી સર્વલૌકિકરિદ્ધિ.

'જ્યારે માનવ ચિત્ત પ્રેમ ને આદરપૂર્વક કોઇ ક્રિયા કે રચના કરે ત્યારે એમાં જે અકથ્ય પણ કળી શકાય તેવું તત્ત્વ પ્રવેશે છે તે શ્રી છે. આત્માની સુવાસ તે શ્રી.'

દીવાળી એ શ્રીપૂજનની તિથિ છે. એ દિવસે ઘણાંક પોતાનાં ઘરેણાં સંભાળશે ને પુરાંત ગણશે. પણ શરીર ને મનની શ્રીને કોણ સ્થાપશે? ખરી જણસ પારખનાર હોય છે વીરલા.

દેશમાં સાચા શ્રીભક્તો પાકશે ને લુંટાએલી લક્ષ્મીને પાછી લાવી વસાવશે તે દહાડે હિંદ સ્વરાજ્યનો સોનાસુરજ ઉગશે.

દેશળજી પરમાર





ઘોર રાત્રિની ભર નિદ્રા પછી જાગી ઉઠતાં પ્રભાતના પ્રથમ પ્રકાશનું દર્શન કેટલું મનોહર અને રમ્ય લાગે છે! ચોમાસાનાં જળની રેલમછેલ થઇ ગયા પછી આશ્વિન માસનાં ખુલ્લાં ઉજ્જ્વળ પ્રભાત લગભગ બધાં એવાં જ હોય છે. અને એવા દિવસોનાં દર્શન વરસના બીજા મહીનામાં ભાગ્યે જ થાય છે. પૃથ્વી શુદ્ધ થઇ લાગે છે, વનસ્પતિ પ્રફુલ્લ લાગે છે, પંખીઓ કલ્લોલથી ઉડતાં દેખાય છે. એવી જીવન સ્થિતિ, એવા ઉજાસ ને પ્રકાશ તમ સૌનાં અંતરમાં પ્રકટી રહો એવું આજ વાંચ્છું છું.

'કુમાર'ના અંકો પર અંકોની વિવિધતા ને મનોહરતાની જ વાતો ને ચર્ચામાં માત્ર સંતોષ લઇ બેસતા વાંચનારાઓને આજ ફરી કહું છું કે 'કુમાર' તમને માત્ર વાંચવાનો જ રસ આપવા નથી નિર્માયું; પણ તમને ઉલ્લાસવંતા કરી જગતની કોઇ ને કોઇ સેવામાં ઉતારવાના તેને અભિલાષ છે. હૃદય પર હાથ રાખી તમે સૌ વિચારજો કે તમે દારિદ્રય, દુષ્કાલ અને અજ્ઞાનના પંજામાં પડેલા આપણા પરાધીન દેશવાસીઓના સમુદ્ધાર માટે શી તૈયારી કરી છે?

સાધારણ રીતે આપણે બધા બીજાને કામ કરતા જોઇ પોતાને ભાગે આવેલ કામમાંથી છટકી જઇએ છીએ અથવા બીજાઓ કરી રહ્યા છે માટે આપણે કરવાની શી જરૂર છે એમ માની નીરાંતે ફરીએ છીએ, અને કામ કરી રહેલા માણસોનો બોજો વધારીએ છીએ અથવા તેમને થકવીએ છીએ. એ થાકીને રહી જાય છે ત્યારે પાછા આપણે જ 'બસ, કરી રહ્યા' કહીને તેમનો ઉપહાસ કરવા તૈયાર થઇ જઇએ છીએ. આવી સ્થિતિ હોવાથી દેશનું એક પણ કામ ઉગી નીકળતું નથી, સંસ્થાઓ સફળ થતી નથી. એ બધાંનું પાપ પેલા કામ કરી છુટનારાઓને માથે નહિ, પણ દૂરથી તેમની ચેષ્ટામાં રાચી રહેલા સ્વપરાયણ પામરોને જ શિર છે.

ઈંગ્લંડની આફત વખતે એક બહાદુરે ઉચ્ચાર્યું કે ઇંગ્લંડનો દરેક બચ્ચો દેશની સેવા કરે, અને એ વાક્ય એ પ્રજાના સૂત્ર જેવું બની ગયું. અંગ્રેજોની ફતેહ ને સફળતાની ચાવી એ વાક્યમાં છે. આજ પતિત ભારતમાં જાગૃતિનો મંત્ર શોધવા જવું પડે એમ નથી. આજ તો એ મંત્રના જીવતા-જાગતા અધિદેવતા જેવા ગાંધીજીનાં અનુષ્ઠાન અહોરાત્ર ચાલુ છે. એમના મંત્ર યુદ્ધભૂમિ ઉપરથી નથી ઉચ્ચારાતા, પણ તપ અને ક્રિયાની શુદ્ધિથી મળેલી નિર્ભયતામાંથી આપોઆપ ગાજી ઉઠે છે.

એ મંત્ર એટલો જ છે કે 'દરેક જણ પોતાનો ભાર ઉપાડતાં શીખી જાય.' આ વાક્યનો અર્થ દરેક જણ પોતાના જીવનના સંજોગો પ્રમાણે આગળ વધવામાં કરે. 'આ તો મારૂં કામ નહિ; એમાં હું ન જાણું; હું શું કરૂં?' વગેરે નકાર વચનોથી આપણે ઘણી બાબતોનો શ્રમ બીજા ઉપર વધાર્યા જ

હું જ કેસરી એક, વને હો! હું જ કેસરી એકઃ
એ અભિમાન અનેરૂં વીરા! સંકટ હણે અનેક.

દસ કલા–આદેશો

આપણી લલિત કલાઓના પુનરૂદ્ધાર માટે આપણો દેશ આપણી પાસેથી શી શી આશા રાખી શકે તે જણાવનારા દસ સુંદર કલા–આદેશો વડોદરાના દીવાન શ્રી મનુભાઇએ આપણી આગળ મુકયા છે:

૧ કોઇ પણ હિંદીને પ્રાસાદ, હર્મ્ય કે બંગલો બંધાવવો હોય તો તેણે હિંદુ શિલ્પશાસ્ત્રના અભ્યાસવાળા સૂત્રધાર પાસે તેનો નકશો કરાવી તેને હસ્તક જ તે બંધાવવો.

૨ કોઇ પણ હિંદીવાને પોતાના ઘરનો શણગાર કરવો હોય તો ખુરશી, કોચ, ફર્નિચર વગેરે ગૃહ–શંગારનાં સર્વ ઉપસ્કરણ હિંદી કારીગરીનાં જ પસંદ કરવાં.

૩ સુષ્ટિસૌન્દર્ય ને કલાલાવણ્ય માટે આદરભાવ ઉભો થાય તે સારૂ શાળાઓનાં તથા બીજાં સર્વ જાહેર મકાનોની આસપાસ સુગંધી ફુલ સાથેના બાગબગીચા, જળાશયો, ફુવારા વગેરે મનરંજન થાય તેમ રચાવવાં.

૪ લાવણ્યની પૂજા માટે જાપાનમાં થાય છે તે પ્રમાણે જાહેર તહેવારો પસંદ કરવા. જેવા કે વસંત ઋતુમાં વસંતપંચમી; શરદ ઋતુમાં શરદપૂર્ણિમા; હેમંતોત્સવ કે જે દિવસે કમળ અગર કુમુદિનીનાં ફુલોથી સર્વ ઉત્સવ–વિહારીઓ સજ્જ થાય, કે અશોકનાં પહેલાં અંકુર ફુટવાના પ્રસંગે લલનાઓ અલક્તક લગાડેલા પગે તેને લત્તાપ્રહાર કરી સૌન્દર્યની પૂજા સ્થાપે.

૫ ધાર્મિક ઉત્સવના દિવસોએ પણ પૂજાઅર્ચાની વિધિમાં ફળફુલોવાળાં વૃક્ષ રોપવાની વિધિ દાખલ કરાવવી.

૬ શાળાનાં મકાનો તેમજ શહેરનાં બીજાં જાહેર મકાનો ઉપર દેશનાં પુરાણોમાંથી બોધ અને નીતિસૂચક ચિત્રપટો દીવાલના શૃંગાર માટે ચીતરાવવાં.

૭ ધનાઢ્ય ગૃહસ્થોએ પોતાના ગૃહશંગારમાં હિંદી કલાનાં નમુનેદાર ચિત્રો એકત્ર કરી તેનું પ્રદર્શન કરાવવું.

૮ દેશનાં સંગ્રહસ્થાનોમાં હિંદુસ્તાનના શિલ્પનાં પુતળાંઓ તથા ચિત્રોનો સંગ્રહ કરાવવો.

૯ પરદેશની લલિત કલાઓના અભ્યાસ માટે હોતકરૂ જુવાનોને શિષ્યવૃત્તિ આપી પરદેશ મોકલવા.

૧૦ દેશના કારીગરોએ પોતાનાં સાંકડાં મન પ્રફુલ્લ કરી સૌંદર્યની ઉપાસના માટે પરદેશના લાવણ્યમય નમુનાઓને પોતાનાં કારખાનાંમાં સ્થાન આપવું.

મનુભાઇ નંદશંકર

કરીએ છીએ. તે વેળા આપણે આપણને સુઝે ત્યાં સુધી કામ કરી છુટીએ તો આપણા બંધુઓ માટે શાંતિ અને આરામનો ફાળો આપવાનું પુણ્યકાર્ય કર્યું ગણાશે.

ત્યારે, આ પુરા થતા વર્ષની સાથે તમે તમારી કારકીર્દિ સરખાવી જુઓ. તમે વાંચનથી તમારા મનની સમૃદ્ધિમાં વધારો કર્યો છે? તમે ક્રિયા અને સેવાથી દક્ષતા પ્રાપ્ત કરી છે? સદ્વર્તન ને બંધુભાવથી સ્નેહીઓ, જ્ઞાતિબંધુઓ કે શહેરીઓ જોડે સહકાર વધાર્યો છે? તમે તમારા અલ્પ જીવનની મર્યાદા વધારી છે? તમારા ઘર, પોળ કે શહેરની પ્રગતિમાં તમે લેશમાત્ર સહાય અર્પી છે?

તમારૂં અંતઃકરણ આ વિષયમાં સંતોષ જાહેર કરે તો જ માનજો કે આજ તમારી દીવાળી છે; નહિ તો તમારા ગયા વર્ષનું દીવાળું તો ખરૂં જ ને?

ૐ

કોઈપણ માણસ કેટલું ભણ્યો છે અથવા કેટલું જાણે છે તે પરથી તેનું માપ નથી નીકળી શકતું. તે દુનિયાને કેટલું આપી શકે છે, દુનિયાના ભંડારમાં તે કેટલો નવો ફાળો આપી શકે છે તે પરથી જ તેની શક્તિનું રૂપ પરખાય છે.

નવયુગની ઘટના માત્ર યૂનિવર્સિટી મારફતે જ થશે એવું અત્યારે આપણે માનીએ છીએ. યૂનિવર્સિટી એટલે દેશપરદેશના જ્ઞાનગ્રંથોનું માત્ર ગોખણ એવું થઇ ગયું છે. મોટી ડિગ્રીઓ ધરાવનાર સર્વગુણસંપન્ન અને તેમનાં વાક્યો જ વેદપ્રમાણ એવું ભણેલા લોકો માનતા દેખાય છે. યૂનિવર્સિટીમાં સજીવતા, સ્વત્વ છે કે નહિ તે ક્યારે જણાય? યૂનિવર્સિટી તેનાં ઉત્પન્ન કરેલાં માણસો મારફતે આખા દેશને જ્ઞાનજળથી તૃપ્ત કરી શકે, દેશનાં તમામ માણસોને પોતાની શક્તિઓનું ભાન કરાવી શકે અને દરેક માણસ પોતાનું કાર્ય કોઇ સમજથી, કોઈ ચોક્કસ યોજનાથી કરતો થઇ જાય તે દિવસે યૂનિવર્સિટી દેશની માતૃસંસ્થા થઇ ગણાય. ત્યાં સુધી છાપેલાં કાટલાં જેવા વિદ્યાર્થીઓ બહાર પાડયે જવાનો કશો અર્થ નથી.



જીંદગીની સફરે

કેટલા અને કેવા બોજા સાથે, કેવી જંજીર ગળામાં પહેરીને અને કેવી મામુલી જીવનનૌકામાં બેસીને આપણો યુવાન વિદ્યાર્થી ઘુઘવતા સંસારસાગરમાં જીંદગીની સફરે ઉપડે છે એનું ઉપલું ચિત્ર વધારે સમજાવવું પડે તેવું નથી. એક બાજુએ પોતે પોતપોતાની ફરજ બજાવી ચુક્યાં છે એવું માનનારાં માતપિતા, ધર્મગુરુ અને વિદ્યાગુરુ, તથા બીજી બાજુએથી સફરની ભીષણતામાં વધારો કરતાં ચડી આવતાં તોફાનનાં ઘોર વાદળાં પણ લક્ષ બહાર નહિ હોય.



એક દૃશ્ય નાટિકા

લખનાર : **દેશળજી પરમાર**

પ્રવેશ ૧લો

[થોડે દૂર વિહાર, અંદર પીપળો; તેની ઉપરવટ કોટના કાંગરા અને બુરજની હાર દેખાય છે. શોણભદ્ર નદીને કાંઠે પાટલિપુત્રના વૃક્ષ-રાજિવાળા રસ્તે મગધરાજ આદિ નંદ વૃદ્ધ મહાપદ્મ એકલો આવતો દેખાય છે. માથે મુગટ ડગમગતો, એક હાથ વાંકી કેડ ઉપર અને બીજા હાથમાં હુક્કરની દાતરડી.]

મહાપદ્મ : શો ચમત્કાર! આજ હું નવ્વાણુ કરોડનો માલીક. નગદ નવ્વાણુ કરોડ સોનામહોરો! રાજપુરુષો અને પંડિતો મને નવકોટિશતેશ્વર કહે છે. અહો, ધનનો આનંદ કંઇ થવાનો છે?

[હાથમાંની દાતરડી તરફ જુએ છે.]

હાશ, હવે મને ધરપત વળી. આશાની પરી આ દાતરડી. એને લઇ હું દરિયામાં પડચો તેવો પાણીએ માગ દીધો. બંને બાજુએ જળ ખડકાઇને થંભી ગયાં—જાણે પથ્થરની ભીંતો! અને મારો સઘળો દ્રવ્યભંડાર રત્નાકરને તળીએ મુકી આવ્યો. આ ન હોત તો આટલું હું ક્યાં સંઘરત?

લોકો મને લોભિયો કહે છે. ગરીબોની આંખોમાં જ ઝેર ભર્યું હોય છે; ને જગતની જીભોને તો કાંટા ઉગ્યા છે. પાટલિપુત્રના પ્રાગ્યો કદાચ મારું બધું લુટી લેત. પણ બસ, હવે તો બીજો કુબેર બનું.

[અંતરાત્માનો અવાજ સંભળાય છે.]

'ચાંડાલ! એ બધું ધન લોકોનું છે, લોકોને લીધે છે, લોકોને માટે છે.'

મહાપદ્મ : (સાંભળ્યું ન સાંભળ્યું કરીને મોટેથી) જુઠું, નરાતાળ જુઠું. રાજભાગ તો છે અનાદિ ઇશ્વરી હક્ક. મારા મગધમાં પ્રજા કમાય છે, ખાય છે પીએ છે, રહે છે જીવે છે ને રાજભાગ ન દે? દ્રોહીઓ એને 'કર ને વેરા' કહી નિંદે તેથી શું હું રાજભાગ છોડી દઉં? અને મારા પૈસા જોડે પ્રજાને કે પ્રભુને લેવાદેવા શી?

હા! . . . . પણ કુંવરો કપાતર નીવડયા છે. એ ગર્વિષ્ઠ કબુદ્ધિડાઓને દ્વેષ, દ્રોહ ને કલહ વગર બીજી વાત નથી. (ઉતરેલા મોંએ) અને મહાપદ્મ, સાવધાન. મગધની ગાદી પિતૃઘાતીઓના લોહીઆળા હાથે રંગાઇ રહી છે. આ હાથ પણ પિતૃહત્યારો છે. વળી તથાગતનું વચન છે કે કર્મનો લોપ નથી. ઓ મહાપ્રભુજી! મને ક્ષમા કરો—મને બચાવો!

[એવે આંખ આગળ એક દેખાવ ઉભો થાય છે.]

(હેબતાઇને) આ શું?—આ શું? આ પ્રલયના જળઓઘ; વચ્ચે વડવાનળના ભડકા; અને તેમાં સમણાતી તલવારોના કાટકા. આ . . . શિર ને ધડ ને લોહીની ધારો!

[ફાટી આંખે મહાપદ્મ જડવત્ થંભે છે; દેખાવ સંકેલાય છે ને ભગવાન બોધિસત્ત્વની કષાય વસ્ત્રધારી સૌમ્ય મૂર્તિ સાકાર થાય છે.]

બોધિસત્ત્વ : (ગંભીર રહીને) જોયું? તથાગતનો બોધ વીસાર્યો, ધર્મરાજ્ય ભુલ્યો, રાજધર્મ ન પાળ્યો, પ્રજાને પીડી, લોકલક્ષ્મીને પાતાળે પુરી. રાજા, આ તારાં કરતુક! તારા કુળમાં કલેશની યાદવી મંડારો અને તેમાં તું, તારૂં રાજપાટ, તારો વંશ—સૌ નાશ પામશે. કર્મનો નિયમ અટલ છે.

[વિકળ જેવો રાજા ઘુંટણીએ પડે છે ને બોધિસત્ત્વ અંતર્ધાન થાય છે.]

મહાપદ્મ : ઓમ્ મણિપદ્મે ઓમ્, ઓમ્ મણિપદ્મે ઓમ્; સત્ય છે, સત્ય છે. મારા પુરોગામી મગધપતિ અજાતશત્રુના સઘળા દોષ મેં લીધા છે, ગુણ છોડી દીધા છે. હું વિમાર્ગે ચડયો, ધર્મચક્ર અને રાજ્યતંત્રનો મંગલમય સંગમ સાધવાને બદલે વિત્તૈષણામાં વળ્યો.

મારૂં યૌવન અને યૌવનનું એ સ્વપ્ન! ઓ! આકાશપાતાળ એક કરી નાખે તેવું જોમ. અંતરનો ઉદ્રેક ને ઉછરંગ. એ પ્રેરિત યૌવનમાં એકસત્તાક મહારાજ્ય સ્થાપ્યું. એકલવીરની માફક યવનસત્તાને ખાળી ઉભો. અહો, એ લક્ષ્યવેધી અભિલાષો અને દેવદુર્લભ મનોરથો. કઠોર સુક્કાં ફળ જેવાં આજ એ સૌ ખરી પડેલાં જોઉં છું ત્યારે મને મારો જ અપરાધ લાધે છે. ચોમાસાના પૂરમાં જડમુળથી ઉખડી પડેલા થડ જેવો હું મોતને આરે આવી પહોંચ્યો છું . . . . અને એ કાળનાં મહાપુર તો વહી ગયાં.

પણ . . . મારો ચંદ્ર, મારો પ્રિય ચંદ્ર છે ત્યાં લગી મને શો ભય છે? હાં,—પણ મોડું થાય છે, હાથીને લઇ મહાવત ક્યારનો ઉભો જણાય છે. વળી આજ તો છે કુમારોનો બુદ્ધિપ્રયોગ એટલે જરા વહેલો સજ્જ થાઉં.

[હાથમાં દાતરડી હલાવતો, લથોડીઆં લેતો નગર તરફ વળે છે.]

પ્રવેશ ૨જો

[રાજમહાલયના મધ્યચોક વચ્ચે અંબર ઢાંકેલ કંઇક પડચું છે. નજીક પરદેશી રાજદૂત ઊભો છે. સામેથી આજાનબાહુ ચંદ્રગુપ્ત તથા આચાર્ય વિષ્ણુશર્મા વાતો કરતા દાખલ થાય છે.]

વિષ્ણુશર્મા: વત્સ વૃષલ, સમય થઈ ગયો છતાં અદ્યાપિ કોઇ આવ્યું જણાતું નથી. ચાલો, આપણે પેલી વિશ્રંભકથા કરી લઇએ.

ચંદ્રગુપ્ત : ભગવાન કૌટિલ્ય ! કોણ જાણે કેમ, મારૂં મન પરિસ્થિતિથી કંટાળી ગયું છે. વર્તમાનને અનુકૂળ એ થતું જ નથી. કોઇ સાદ કરીકરી બોલાવી જતું હોય તેમ થયા કરે છે. વિષમ કાળના ભણકારા કાને અથડાય છે, ત્યારે મારૂં ચિત્ત ફાળ ભરીભરી કુદી ઊઠે છે. મહાખેલ ખેલવા અધીરૂં થાય છે અને . . . અને કોઈ અગમ્ય ભાવિની કલ્પના મારાં અંતર્ચક્ષુને ભરી દે છે, દેવ !

વિષ્ણુશર્મા : યથાર્થ છે, ચંદ્ર ! તારી વાણી દ્વારા હું ભારતનો નવો પ્રાણ બોલતો સાંભળું છું. આજે એ ઉત્થાન માગે છે. મ્લેચ્છ લોકોનાં આક્રમણનો ભય સદાનો ઝઝુમે છે. ભારતનું ઐક્ય પડી ભાંગવાનો ઘણો સંભવ છે. નંદકુળ અસ્તાચળે બેઠું છે. પરંતુ વત્સ ! વિધિએ આપણો મેળાપ કરાવ્યો છે તે હેતુપુરઃસર જ છે. એ તું સમજે છે, ચંદ્ર ?

ચંદ્રગુપ્ત : આર્ય, મારો વિનીત આત્મા આશા ને ઉત્સાહભર્યો આપને ચરણે નમે છે. પ્રકાશ કરીને મારો પંથ ઉજ્જ્વલ કરો, મને દોરો.

વિષ્ણુશર્મા : આ અખિલ આર્યાવર્તને પુનરપિ આર્યમય કરી દેવો અને કંટક વડે કંટક કાઢવાને ન્યાયે યવનોનો સંહાર યવનો વડે થવા દેવો. સામદામની નીતિજાળ પાથરી રૂઢિ જોગણીઓને જકડી લેવી, જીર્ણશીર્ણ સડાને સ્વધામ પહોંચાડવો ને નવો આત્મા, નવું વિધાન ને નવી ઘટના અવતારવાં.

ચંદ્રગુપ્ત : આર્ય, આપ મારા અંતરની ઉંડી વાત પ્રગટ કરતા હો તેવો મીઠો અનુભવ થાય છે.

વિષ્ણુશર્મા : ચંદ્ર, એ તો તારા અંતઃકરણનો પૂર્વ સંસ્કાર. મારી વિદ્યા, મારૂં કૌશલ, મારૂં જીવન સર્વસ્વ તારી જોડે રહી નવો આર્યાવર્ત ઘડવા અર્પણ કરૂં છું. વ્યોમ અને સૂર્ય



બોધિસત્ત્વની સૌમ્ય મૂર્તિ સાકાર થાય છે.

સરખા આપણે શું ન કરીએ ?

ચંદ્રગુપ્ત : ભગવન્, આજ મને નવું સ્વપ્ન લાધે છે, જીવિતદાન મળે છે અને જાણે મારી મહત્ત્વાકાંક્ષાનો જુવાળ સહસ્રધા ઉલ્લાસ પામે છે 'શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ.'

[ચંદ્ર આચાર્યને વંદન કરે છે, ત્યાં નંદકુમારો ને તેમના ગુરુદેવનું ટોળું ઘોંઘાટ કરતું આવી પહોંચે છે.]

ગુરુદેવ : જયજય આચાર્યજી.

વિષ્ણુશર્મા : જય ભારતી, ગુરુદેવ. ક્ષેમકલ્યાણ વર્તે છે ને ?

ગુરુદેવ : મગધને સિંહાસને મહારાજા નંદદેવનું છત્ર છે ત્યાં સુધી સર્વ કુશલ જ છે.

વિષ્ણુશર્મા : એ તો ભવિષ્ય નક્કી કરે તે.

સુકલ્પ : ગુરુજી, અયોધ્યાપુરીના રામભદ્રે લંકાપતિ પર વિજયો મેળવ્યા પછી પણ સિંહલદ્વિપના નૃપાળને આ શું સુઝ્યું હશે ?

ગુરુદેવ : તોપણ આવી સૂક્ષ્મ વસ્તુમાં રાજ્યાધિકારીઓએ બકધ્યાન કહેતાં બગલાના જેવા ધ્યાનવાળા થવું જોઇએ.

સુમાલ્ય : એમને એટલું ય ભાન નહિ હોય કે ઉત્તર ખંડવાસીઓ મનુષ્ય છે, દક્ષિણવાસીઓ વાનર છે અને દક્ષિણાંત લંકાના તો જડ બુદ્ધિના રાક્ષસો જ છે !

સુકલ્પ : ક્યાં આપણી ઉંચી સંસ્કૃતિ અને ક્યાં એ પામર સ્થૂલબળવાળા ?

ચંદ્રગુપ્ત : આચાર્યજી, મને તો ભાસે છે કે અન્યથી અળગા થવામાં સંસ્કૃતિનું વહેણ સુકાય છે, વિકાસ અટકે છે અને રાજ્યો વચ્ચેનો ભયરાક્ષસ ઊભો જ રહે છે.

વિષ્ણુશર્મા : અને એ આંતરરાષ્ટ્રીય વ્યવહાર આર્યાવર્તના દિગ્વિજયનું બ્રાહ્મમુહૂર્ત છે. સૌની જુદીજુદી સંસ્કૃતિઓનું મિશ્ર ઐક્ય પ્રગટે, માનવતાનો વિસ્તાર ને આચાર વધે અને . . .

ગુરુદેવ : કિંતુ આચાર્યજી, 'પરરાજ્યં ભયાવહં'

વિષ્ણુશર્મા : કુશાગ્રબુદ્ધિને તો 'પરરાજ્યં હિતાવહં' હોય; ઉપયોગ સાધી લેવાની તર્કશક્તિ જોઇએ.

ચંદ્રગુપ્ત : આચાર્યજીનું કથન સત્ય છે. પ્રથમ પોતાનું રાજ્ય સુદૃઢ ને વ્યવસ્થિત હોય તો જ બીજાં રાજ્યો જોડે સંબંધ બાંધવા તત્પર થવાય.

ગુરુદેવ : હું તો ટુંકું ને ટચ એક સૂત્ર શીખ્યો છું કે

જાત ને ઘર સંભાળીને રહેવું મને આ નવી પ્રજાની બુદ્ધિમત્તા ને મનોવૃત્તિ સમજાતી નથી.

વિષ્ણુશર્મા : પરંતુ એ બંનેને પોષવી ને વિકસાવવી એ આપણો આચાર્યોનો ધર્મ ખરો કે નહિ ?

સુકલ્પ : આપણને આ ટાહ્યલાં સાંભળતાં કંટાળો આવે છે.

સુમાલ્ય : મને તો એમાં કશી સુઝ જ પડતી નથી. શું—

ગુરુદેવ : જુઓ જુઓ, મહારાજ પધારે છે; માટે સકલ શિષ્યગણ શાન્ત થઇ જાઓ; અને મનમાં સરસ્વતીસ્તવન કરી લ્યો.

[ચોઘડિયાં વાગવા માંડે છે. છડીદાર નેકી પુકારતો આવે છે. પાછળ નંદરાજા ચાલતા આવે છે.]

'જય ! શ્રી મગધનાથની જય ! શ્રી નંદદેવની જય, શ્રી લોકપાલની જય !'

[મહાપદ્મ બેઉ પક્ષ વચ્ચે ઉભા રહે છે; રાજકુંવરો નમન દે છે. ગુરુદેવ આશિષ ભણે છે.]

મહાપદ્મ : જયજય, કૌટિલ્ય.

વિષ્ણુશર્મા : જય ભારતી, મહારાજ !

મહાપદ્મ : કેમ, ચંદ્ર—સુકલ્પ. આજ તમારી બુદ્ધિની પરીક્ષા થશે. (આવેલા રાજદૂતને) કહે, સિંહલદ્વિપના તમારા ગજરાજનો શો સંદેશ છે ? એ ભેદ તો આ અમારા કુમારો ઉકેલી દેશે.

રાજદૂત : મહારાજનો જય હો. લંકાધીશે આ (અંબરનું અંતરપટ ખસેડી) લોહપિંજર પાઠવ્યું છે. તેનું સળિયાનું દ્વાર ઉઘાડયા વગર અંદરની મૂર્તિનો લોપ કરવાનો છે.

સુમાલ્ય : ગુરુજી ?

[ગુરુદેવ વચ્ચે કંઇ કહેવા જાય છે એટલામાં]

વિષ્ણુશર્મા : મહારાજ, આ પ્રયોગમાં કુમારોની જ બુદ્ધિ કામ કરે એ ઇષ્ટ છે.

મહાપદ્મ : એમ જ, ગુરુદેવ ! આપણે આમાં કશો ભાગ લેવાનો નથી. આજનો દિવસ વિદ્યાદાનનો નહિ, વિદ્યાદર્શનનો છે.

મહાપદ્મ : ચંદ્ર, શો વિચાર કરે છે ? આ પ્રશ્ન મગધના યશ-અપયશનો છે. લંકાનરેશને પણ એમ લાગે કે પાટલિપુત્રના હાથ અને મસ્તક બંને બાહોશ ને સાબુત છે.

ચંદ્રગુપ્ત : મહારાજ, હું પ્રયોગ કરવા તૈયાર છું; પણ મારા ભાઇઓને યે અવકાશ તો છે જ.

સુમાલ્ય : મહારાજ, આ કોયડો (પીંજરા સામે જઇને) ઉકેલવો અશકય છે. ચોક્કસ કંઇ ભુલ થઇ જણાય છે. નરી આરસ પ્રતિમા છે. જો તો ખરો, સુકલ્પ !

સુકલ્પ : (ઝીણી નજરે જોતો) ભાઈ, મારી પાસે કાંઈ જંતરમંતર નથી કે એનો લોપ કરૂં. ચંદ્રગુપ્ત, તું સાચો ઠરે તો અમે હાર્યા.

મહાપદ્મ : વારૂ, ચંદ્ર ! ત્યારે તારા આચાર્યની વિદ્યા દીપાવ.

[ચંદ્રગુપ્ત લાકડાં સળગાવી અંદર લોઢાનો સળિયો લાલચોળ તપાવે છે. એને લઇને પીંજરાની મૂર્તિ આગળ ધરે છે. મૂર્તિ મીણની હોવાથી પીગળીને ઢગલો થઇ પડે છે]

મહાપદ્મ : ધન્ય છે, કુમાર ! તારી વિદ્યા ફળી જોઇ મને પ્રસન્નતા ઉપજે છે.

વિષ્ણુશર્મા : મેધાવી ચંદ્રગુપ્ત ચક્રવર્તી વિજેતા થવા સરજાયો છે. ભરતખંડનું ભાગ્ય એ પ્રથમ સમ્રાટ વડે ઉજ્જવલ દીપવાનું છે.

[સુકલ્પ આદિનાં મોં ચડે છે. ગુરુદેવનું વદન બગડી જાય છે.]

મહાપદ્મ : (રાજદૂતને) જા, તારા ભૂપાલને આ વર્તમાન પહોંચાડજે, અને અમારા નામે કહેજે કે મગધ અને સિંહલદ્વિપનો મૈત્રી સંબંધ અન્યોન્ય શ્રેયસ્કર રહેશે.

રાજદૂત: જેવી આજ્ઞા, મહારાજ ! (નમન કરી વિદાય લે છે.)

મહાપદ્મ : ચાલો સૌ; ચંદ્રના વિજયમાં દરબાર ભરીને પછી જ છુટા પડીએ. [સૌ કચેરી ભણી વળે છે.]

ચંદ્રગુપ્ત : (સિંહાસન પછીનું પહેલું વામાસન બતાવીને) આર્ય કૌટિલ્ય, અહીં વિરાજો.

સુકલ્પ : (એ જ આસન બતાવીને) ગુરુજી, આ આપનું આસન; બેસો.

[ગુરુદેવ બેસી જાય છે. બીજા નંદકુમારો હસવા માંડે છે. ચંદ્રગુપ્તને ઝાળ ઉઠે છે.]

ચંદ્રગુપ્ત : (વેગમાં) સુકલ્પ, રાજપુત્ર થઇને આવો અવિવેક ?!

સુકલ્પ : એમાં અવિવેક શાનો ! ગમેતેમ પણ ગુરુજી કુળગુરુ છે. આ આસને બેસવાનો એમનો હક્ક પરંપરાનો છે.

ચંદ્રગુપ્ત : પણ આચાર્યજી આપણા અતિથિ છે.

સુકલ્પ : અતિથિ છે તેથી શું ? શું રાજગુરુ પરંપરાનો ભોગવટો છોડે ?

ચંદ્રગુપ્ત : કેમ, તમારે હજુ આંધળી પરંપરા જ ચલાવવી છે ? (મહાપદ્મ તરફ) મહારાજ, આ ઘોર અપમાન છે; અન્યાય થાય છે; અને અતિથિદેવનો દ્રોહ કરાય છે. પૂજ્ય વિદ્યા કે પરંપરા ?

વિષ્ણુશર્મા : (સંયમપૂર્વક) આપે મને પુરા આદરમાન સહિત આમંત્ર્યો છે, મહારાજ !

મહાપદ્મ : હા, તે ખરૂં. પરંતુ એક પરદેશીની વિદ્યાના બહુમાન માટે કુળપરંપરા તુટે તે અસંભવિત છે.


વિષ્ણુશર્મા : (ધુંધવાઇને) અસંભવિત છે, રાજા ? શું અસંભવિત છે ? હું એને સંભવિત કરૂં છું તે તું જોઈ શકશે. બ્રહ્મવર્ચસ્ ભાગ્યે જ પ્રજળે છે, અને પ્રજળે છે ત્યારે દાવાનળના ભભુકા પેઠે જડ ને ચેતન સૌને બાળી ભસ્મ કરે છે. એકવાર બ્રહ્મભોજનમાં પંક્તિભેદ કર્યો હતો અને આજ આ સાચા બ્રાહ્મણનું આ બીજીવાર અપમાન થાય છે !

પણ . . . . પરિણામ અનિષ્ટ છે.

ચંદ્રગુપ્ત : (ક્રોધ મારતો) સુકલ્પ, દુષ્ટ, આ તારૂં કર્મ છે.

સુકલ્પ : જા, જા, વર્ણસંકર! શૂદ્રાણીનો છોકરો થઈ રાજકુમારને ધમકાવવાની ધૃષ્ટતા કરે છે?

ચંદ્રગુપ્ત : અને તમે અણીશુદ્ધ ક્ષત્રિયો! મારી માતા મુરા! એનાં શીલ ને લાવણ્યની જોડ ભારતભરમાં ક્યાંય જોઇ ખરી?



આચાર્ય વિષ્ણુશર્મા (ચાણક્ય)

સુકલ્પ : જોઇ એ સાધ્વી રખાતને, દાસીપુત્ર!

ચંદ્રગુપ્ત : અને જાઇને પુછ માતા સુનંદાને. આઠ માંસપેશીઓમાંથી આઠ નીકળ્યા તમે તે!

સુમાલ્ય : બસ કર તારો લવારો, કહું છું કે—નહિ તો

મહાપદ્મ : પારકો કજિયો ઘરમાં લાવવો છે, ચંદ્ર?

ચંદ્રગુપ્ત : પિતાજી, એમ ચંદ્ર તમારો નથી. સિદ્ધાન્તને ભોગે જડ પરંપરા પૂજનાર ચંદ્રગુપ્ત ન હોય. ચંદ્ર તો છે એ સાંકડી પાળને તોડનારો અને નવીન ઉદાર પરંપરા પ્રવર્તાવનારો. આજ નહિ તો કાલે, કાલ નહિ તો અનંતમાં.

વિષ્ણુશર્મા : ઓ ગર્વાન્ધ દુર્મતિ નંદો! તમે કે જેણે મારી અવમાનના કરી છે તે અધમોનું—નંદવંશનું નિકંદન ન કાઢું અને મગધના શૂન્ય સિંહાસને લાયક નરનાથ ન નીમું ત્યાં સુધી શિખાબંધન કરવાના મારે શપથ છે.

[માથું ખુલ્લું કરી ચોટલીની ગાંઠ છોડી વાળ છુટા લટકાવે છે; ને રાજમહાલયની બહાર નીકળે છે.]

ચંદ્રગુપ્ત : અને હું . . .—નંદકુળનો કાળો નાગ, મારા આચાર્યદેવની વચનસિદ્ધિ ન થાય ત્યાં સુધી જંપનારો નથી. માતા મુરાનું નામ મગધના ઇતિહાસમાં અમર જોડું તો જ ચંદ્રગુપ્ત ખરો. આર્ય કૌટિલ્ય! આ અનુયાયીને છોડી આપ ક્યાં જાઓ છો? [ચંદ્રગુપ્ત બહાર દોડી જાય છે.]

મહાપદ્મ : (સુકલ્પ આદિને) જાઓ કુલાંગારો! તમારૂં કાળું કરો અહીંથી.

[સુકલ્પ આદિ સૌ મુંગામુંગા ચાલવા માંડે છે; છેલ્લે ગુરુજી પણ આસનેથી ઉઠી નીકળે છે.]

મહાપદ્મ : (માથે હાથ મુકીને) હા દૈવ! આ તેં શું કર્યું? મારાં પાપફળ નજર આગળ તરવા માંડે છે. જે ચંદ્રને આ વૃદ્ધાવસ્થાનો સ્તંભ માન્યો હતો તે આમ એકાએક ખસી પડે છે. અહો, ભગવાન બોધિસત્ત્વની વાણી ખરી પડવાનો સમય ભરાઈ ચુક્યો કે શું? મહાપદ્મ! કોણ જાણે તારી શી ગતિ થવાની છે?

[રાજા એમ કહેતો કહેતો રાજમહાલયના એક ખંડમાં ચાલ્યો જાય છે.]

પ્રવેશ ૩જો

[ગંગાતટ ઉપર પાટલિપુત્રના પ્રજામન્દિરમાં કેટલાક પ્રાચ્યો વાતો કરતા પ્રવેશ કરે છે.]

પહેલો : કુમાર ચંદ્રગુપ્ત અને આચાર્ય વિષ્ણુશર્માના ગયા પછી નંદરાજાનો જુલમ વધી પડ્યો છે.

બીજો : જુલમની તો વાત ન પુછો, ભાઇ. એક નંદને બદલે નવનવ નંદનો ત્રાસ પીડી રહ્યો છે.

ત્રીજો : અને કરવેરાનો ય કાંઈ પાર છે? કર્મચારીઓ દ્વારા કૈં કૈં બહાનાં કઢાવડાવી રાજા વેપારીઓનાં દ્રવ્ય લુટે છે.

ચોથો : આ અનિષ્ટ નિવારવા અર્થે આપણે અખિલ પ્રાચ્ય મહાજન સભા સ્થાપીએ એવી મારી સુચના છે.

[સંન્યાસીના છુપા વેશે વિષ્ણુશર્મા ને ચંદ્રગુપ્ત બીજા પ્રાચ્યોના સંગાથમાં દાખલ થાય છે અને એક બાજુ ઉભા રહે છે.]

ત્રીજો : પણ લોકપક્ષના મોવડી વગર શું વળે?

બીજો : હા, એ સાચું છે. આપણે જોઇએ છીએ કે સચીવ કાત્યાયનની કુશલ રાજ્યનીતિથી સિકંદર માંડમાંડ અટકી રહ્યો છે. અને હજુ યે ભય ક્યાં ઓછો થયો છે?

પહેલો : અરે, તેણે તો ઘણા ભારતીય સૈનિકોની પોતાના લશ્કરમાં ભરતી કરી છે. એ દેશદ્રોહીઓ કોઇક દિવસ આર્યાવર્તને મ્લેચ્છોના મોંનો કોળિયો બનાવી દેશે.

ચોથો : અને આ નંદકુળ તે કાંઈ ક્ષત્રિયકુળ છે? કોઇકનો પિતા શૂદ્ર તો કોઈકની માતા શૂદ્ર. શૈશુનાગ વંશ પછી ક્ષત્રિયો મહાવીર જરાસંધના મગધમાંથી પરવારી બેઠા.

પહેલો : એ અપરાધ મહારાજ મહાપદ્મને શિર છે. ક્ષત્રિયોનો એ બીજો પરશુરામ બન્યો છે. જમદગ્નિપુત્ર બ્રાહ્મણ હતો અને આ અબ્રાહ્મણ છે એટલો જ ફેર.

બીજો : હા, કહેવાય છે કે મહારાજા મહાનંદીની રાણી કોઇ વાળંદ જોડે પ્રેમમાં પડી તેના આ મહાપદ્મ. અને પછી મહાપદ્મને ગાદી મળે માટે ત્રણેએ મળીને ભલા મહાનંદીનો ઘાત કર્યો.

ત્રીજો : અરે, આ વેળા ચંદ્રગુપ્ત હોત તો કેવું સારું!

[વિષ્ણુશર્મા સૌની આગળ આવી ભગવું વસ્ત્ર કાઢી પ્રગટ થાય છે.]

પ્રાચ્યો : અહો, આ તો આચાર્ય વિષ્ણુશર્મા. આર્યને અમારાં શતકોટિ વંદન. [સૌ નમસ્કાર કરે છે.]

વિષ્ણુશર્મા : એ તો તમો મહાજને ચંદ્રગુપ્તનું સ્મરણ કર્યું એટલે નછુટકે મારે મગધના હિત ખાતર પ્રગટ થવું પડ્યું.

પ્રાચ્યો : ભગવાન કૌટિલ્યના અંતરમાં મગધપ્રજાને સારુ સદાસર્વદા કલ્યાણભાવના જ ભરી છે.

વિષ્ણુશર્મા : તો આર્યનાગરિકો, એક વાત શ્રવણ કરો. પાટલિપુત્રનું તેમ જ ભરતખંડનું ક્ષેમ ઇચ્છો તો મગધને સારુ નવા રાજ્યતંત્રનું સ્થાપન સહસા આવશ્યક છે. મદ્રદેશ પડ્યો છે એ તરફ આપણું દુર્લક્ષ છે; પણ હવે પાટલિપુત્રનો વારો નજીક આવી પહોંચ્યો છે. અને જેમ પાટલિપુત્ર આપણો પ્રાણદુર્ગ છે, તેમ વૈરી સેનાને સારુ ગંગાની નૌકાઓ સુલભ છે.

પ્રાચ્યો : આર્યનાં વચન યથાર્થ છે, યથાર્થ છે.

વિષ્ણુશર્મા : અને એક વિશેષ. મગધ માત્ર મહારાજ્ય થઇને સંતોષ કેમ લે ? મગધ સામ્રાજ્ય બને. બૃહદાર્યાવર્ત સ્થાપીએ ત્યારે જ આપણો વ્યાપાર અને વૈભવ વૃદ્ધિ પામે, અને તો જ આપણે પૂર્વજોને પ્રસન્ન કરી શકીએ.

પ્રાચ્યો : સત્ય છે આર્ય, સત્ય છે. ત્યારે તો મગધનો સુવર્ણકાળ હશે— સત્યયુગ હશે.

વિષ્ણુશર્મા : અને આજ શું જુઓ છો ? અવ્યવસ્થા ને અંધેર. નવ નંદ જેટલા મગધના નવ વિભાગ પડ્યા છે. કુળ અને વર્ણનું મિથ્યા અહંત્વ વધ્યું છે, એકતા તુટી છે, ધર્મ ગયો છે. . . .

પહેલો પ્રાચ્ય : મગધના એ જીર્ણ પ્રાણનો ઉદ્ધાર કરવાનો જ મુખ્ય હેતુ છે, આચાર્યદેવ !

વિષ્ણુશર્મા : હા, એ એક જ માર્ગ છે. પરંતુ તે રાજ્યનીતિથી અજાણ અચતુર પ્રજામંડળથી થવા સંભવ નથી. સ્વાયત્ત શાસનને કાજે તો જોઇએ પ્રથમ આત્મશાસન. પ્રથમ વ્યક્તિ અને પછી સંસ્થા. અને તેને સારુ મગધના શુભ્ર આત્મા શો અવતરે પ્રખર આત્મશાસક . . .

પહેલો પ્રાચ્ય : પરંતુ એવા પ્રજાના ચંદ્રમા કુમાર ચંદ્રગુપ્ત તો પરદેશવાસી રહ્યા.

વિષ્ણુશર્મા : નહિ નહિ, પ્રજાજનો એ રાજકુમારને હૈયે તો સ્વદેશના ક્રાન્તિકાળનો મહાહુતાશ પ્રજળે છે. મહાન આર્યાવર્તની મંત્રસિદ્ધિ સારુ એ હાલ સાધના કરી રહ્યા છે. એકદા જગત જાણશે કે ભરત સમો બ્રહ્માવર્તનો એક ને અપૂર્વ દિવાકર ઉદયમાન થયો છે.

બીજો પ્રાચ્ય: ભગવન્, એમનાં સુભગ દર્શન અમે ઝંખીએ છીએ. કુમારને જોઈ અમે આશાવાન થઇશું, પુનર્જીવન પામીશું.

વિષ્ણુશર્મા : સાધુસાધુ, એ અહીં જ છે. વત્સ વૃષલ! મગધલોકનંદન ! આગળ આવ—અહીં આવ.

[ચંદ્રગુપ્ત છુપો વેશ ઉતારી વિષ્ણુશર્મા કને આવી ઉભો રહે છે.

ચંદ્રગુપ્ત : જયજય, પુરજનો.

પ્રાચ્યો : (એક અવાજે) દીર્ઘાયુષી રહો કુમાર, તમે અમારા સૌભાગ્યસૂર્ય છો; પ્રજાનાવના કર્ણધાર છો; મગધના તારણહાર છો. (સૌ વંદન કરે છે.)

ચંદ્રગુપ્ત : હું તમારા સદ્‌ભાવ માટે સદા ઋણી છું. ભગવાન કૌટિલ્યની દિવ્ય દૃષ્ટિ વડે મગધના ઉદ્ધારનો માર્ગ મને સુઝ્યો છે. ભારતનો નવો આત્મા અવતાર વાંછે છે. નવા રાજ્યતંત્રનો પ્રાણ તમારા હૃદયમાં સંચર્યો છે અને દેશના ઉદયનું પ્હેરોડ ફુટ્યું છે. પ્રાચ્યો એ નવ આર્યાવર્તના અમૃતભોગી થાઓ એ જ મારી મંગલ ભાવના.

[એ ઘડીએ સુકલ્પ ધનુર્ધારીઓની એક ટોળી લઇ બરાડો પાડતો પ્રવેશે છે.]

સુકલ્પ . ક્યાં છે એ દુષ્ટ રાજદ્રોહીઓ ? કેમ, ગર્દભો સમક્ષ પ્રવચન કરી રહ્યા છો ? નંદ વંશનાં મુળ ધારો છો તે કરતાં વધુ ઉંડાં છે, સમજ્યા ? મારા વીર ધનુર્ધારીઓ ! આ ચંદ્ર ફરતો ચક્રાવો કરી પકડો એને, અને આ રાજ્યશત્રુ આચાર્યને.

[પ્રાચ્યમંડળ વેરાઇ જાય છે; વિષ્ણુશર્મા તેમની વચ્ચે કુદી પડી ખાઈના બંધ પર થઇ ગંગાના તટ પરની હોડીમાં પલાયન કરે છે. ચંદ્રગુપ્ત બાણ ચઢાવેલ ધનુર્ધારીઓના વ્યૂહમાં બંધાઈ જાય છે.]

પ્રવેશ ૪થો

[મગધ મહારાજ્યના એક ગામના બીડ આગળ બેશુદ્ધ ચંદ્રગુપ્ત પડયો છે. નજીકના ખેતરમાં એક ખેડુત લાંબી કોદાળી વડે સાંઠીઓ સુડે છે.]

ખેડુત : (મનમાં) આ રાજનું તો ભગવાન જાણે શું થવા બેઠું છે ! નંદરાજાને મન તો ધન, ધન, ધન થઈ રહ્યું છે, ને પ્રજાનો જીવ જાય છે. એટલેથી ય કાંઈ પત્યું ? રાજ સામે ગુરુની પાછળ ચંદ્રકુમાર બહારવટે નીકળ્યા ત્યારનો પાછો લડાઇઓનો ઉત્પાત વધ્યો છે. ચંદ્રગુપ્તને પકડીને કારાગ્રહમાં પુર્યો, ભુખે રીબાવ્યો; પણ ત્યાંથી એના ગુરુએ કળા કરીને કાઢ્યો; અને હવે બાપદીકરો ગાદી સારુ લડ્યા કરે છે. પાડેપાડા વઢે એમાં વચ્ચે ઝાડનો ખો. હે પ્રભુ, હવે તો અમ લોક સામું જોઇને કાંઈક છેડો લાવે તો સારું.

[કોદાળી પડતી મુકી આકાશ સામે ટીકી રહે છે. એટલામાં દૂરની ઝાડીમાંથી સિંહને નીકળતો જોઈ ચમકે છે.]

બાપ રે ! આ ક્યાંથી ? ને આમ ક્યાં હાલ્યો, મારા . . .



ઘવાએલા ચંદ્રગુપ્તનું શરીર ચાટવા માંડે છે

[કપાળે હાથ મુકી જુએ છે ને ધીમે પગલે એની પાછળ જાય છે. જે ઝાડ હેઠળ ઘાયલ ચંદ્રગુપ્ત મૂર્ચ્છામાં પડયો છે ત્યાં સિંહ જાય છે અને ભાવપૂર્વક એનું શરીર ચાટવા માંડે છે.]

ખેડુત : (આશ્ચર્યથી) આ તો કૌતક દીઠું કળિકાળમાં. માણસના દેહને સિંહ ચાટે એ જીંદગી આખીમાં દીઠું તો શું પણ સાંભળ્યું ય નથી. આ સ્વપ્નું તો નથી ને ? (પોતાની આંગળી કરડી જુએ છે.)

[સિંહ ચાટીને ચાલ્યો જાય છે, અને ચંદ્રગુપ્ત શુદ્ધિમાં આવે છે. ખેડુત તેના તરફ આગળ વધે છે.]

ચંદ્રગુપ્ત : (મનમાં) આ શું ? હાશ; શરીરે કેવો આરામ લાગે છે ?—પણ હું ક્યાં છું ? હાં—હાં; સાંભર્યું. લડાઈમાં ઘવાઇને થોડુંક ચાલ્યો, પણ બેભાન થઇને પડી ગયો. તે જ આ જગ્યા. પણ—પણ શરીરમાં આ આટલી બધી તાજપ કેમ લાગે છે ? કાંઇ સમજાતું નથી.

[ખેડુત નજીક આવી પહોંચે છે.]

ખેડુત : (નવાઈ પામીને) ભાઈ, તમે કોણ છો ? અને આવી હાલતમાં અહીં કેમ પડયા છો ?

ચંદ્રગુપ્ત : (વિચાર કરીને મનમાં) આ રાજ્યની સરહદમાં પ્રગટ થવામાં જોખમ છે. (મોટેથી) ભાઈ, હું લડાઈમાં સૈનિક તરીકે લડતો હતો, તેમાં ઘવાઇને પડયો. નાસભાગમાં કોઇએ મારી ખબર ન લીધી. માંડમાંડ થોડુંક ચાલ્યો ત્યાં તો બેશુદ્ધ થઇને પડયો; તે હમણાં જ આ ભાન આવતાં જાગ્યો.

ખેડુત : પણ તમે કોઈ પ્રારબ્ધી પુરુષ લાગો છો; કોઇ દેવતાઇ દેખાઓ છો.

ચંદ્રગુપ્ત : (બેદરકારીથી હસીને) ના રે ભાઇ, હું તો દુ:ખિયારો માણસ છું. આ ઘા પડયા છે તે કોણ જાણે ક્યારે રૂઝાશે ?

ખેડુત : પણ હમણાં શું બન્યું એ જાણો છો ?

ચંદ્રગુપ્ત : ના ભાઇ, શું ?

ખેડુત : આ જંગલમાંથી એક વિકરાળ સિંહ નીકળી આવીને તમારૂં ડીલ ચાટવા મંડયો. ને હમણાં—આ ઘડીએ જ એ પાછો વનરાઈમાં સમાઈ ગયો. (ચંદ્રગુપ્ત ફિકકું હસે છે તે જોઇને) તમે માનો ન માનો, પણ મેં આ સગી આંખે જોયું.

ચંદ્રગુપ્ત : (મનમાં) ખરેખર ! હું ઈશ્વરની કૃપાનું જ પાત્ર છું. પ્રભુ મને વારંવાર આમ જ બચાવી લે છે. એમાં એનો સંકેત ગમે તે હો. તે દહાડે યુદ્ધભૂમિની વચ્ચોવચ્ચ હું બેભાન અવસ્થામાં ઘવાએલો પડયો હતો ત્યારે એક હાથી મને સુંઢમાં લઈ ઉપાડી ગયો, ને હું કચરાઈ મરતો બચ્યો.

(બહારથી નવાઈ બતાવીને) સાચેસાચ ? એમ કેમ બને ?

ખેડુત : ખોટું બોલતો હોઉં તો મને રામદુહાઇ (મનમાં) આ છોકરો જો સાથી તરીકે મારા ભેગો રહે તો ઘરમાં અભરે ભરાય. (મોટેથી) ભાઇ, મારે ઘેર આવશો ?—તમને સારૂં થઈ જાય ત્યાં લગી.

ચંદ્રગુપ્ત : ભલે, ભાઇ ! મને વાંધો નથી. ચાલો.

[ચંદ્રગુપ્ત માંડમાંડ બેઠો થઇ ખેડુતનો ટેકો લઇને ચાલવા માંડે છે, અને થોડે દૂર ખેતર વચ્ચે ખેડુતની ઝુંપડીએ આવે છે.]

ખેડુત : (બારણું ખખડાવીને) સાંભળ છ કે ? બારણું ઉઘાડ. ઘેર પરોણા આવ્યા છે.

સ્ત્રી : (બારણું ઉઘાડતી) શું, પરોણા ? (ચંદ્રગુપ્ત તરફ ફરીને) ભલે ભાઇ, ભલે આવ્યા. (તેનું અશક્ત શરીર જોઇને) લ્યો ખાટલો ઢાળી દઉં.

ખેડુત : એમને લડાઇમાં ઘા પડયા છે; એટલે તું ઘા તેલ લાવ તો હું ઘા સીંચીને પાટા બાંધી દઉં. અને પછી તું,—એમને ભુખ પણ લાગી હશે.

[ખેડુતની સ્ત્રી ઘાતેલ આપી રાંધવા માંડે છે. એટલામાં ખેડુતનો નાનો છોકરો બહારથી આવે છે.]

છોકરો : મા, મા, મને ભુખ લાગી છે, ખાવા દે.

સ્ત્રી : ઘડીક ખમે તો આ મહેમાન સારૂ—

છોકરો : ના, મને અબઘડી દે; મારે રમવા જવું છે.

[સ્ત્રી ચુલા પરથી ઉનો રોટલો ઉતારી અંદર થોડું ઘી નાખીને તેને પીરસી દે છે.]

ખેડુત : (ચંદ્રગુપ્તને પાટા બાંધતો બાંધતો) તે ભાઇ, હવે આ રાજનું શું થશે ? આમાં કોઇ હારે જીતે એમ છે કે નહિ ?

ચંદ્રગુપ્ત : એ તો કેમ ખબર પડે ? પણ નંદરાજાની ચોખ્ખી પડતી આવી દેખાય છે.

ખેડુત : લાગે છે તો એમ જ; નહિ તો ઘડપણમાં આવી કબુદ્ધિ ન સુઝે. પણ તો ય કુંવર ચંદ્રગુપ્તને ગાદી મળે એમ નથી; આઠ આઠ કુંવરો આડા પડયા છે.

ચંદ્રગુપ્ત : એ તો કાંઇ ન કહેવાય. આ લડાઇઓમાં

જોતા નથી ચંદ્રગુપ્તનો સપાટો ?

ખેડુત : તો તો તમારા મોંમાં સાકર. એ કુંવરોનો પણ કાળો કેર છે.

છોકરો : મા, બીજો રોટલો દે.

સ્ત્રી : વાહ ભાઇ, કાંઇ ખાતાં શીખો છો ? કોર કોર કાઢી નાખીને વચલો ગરભ જ જમો છો, કરમી ? આમ તો તારા બાપે ય નથી ખાતા. તું તો કુંવર ચંદ્રગુપ્તના જેવું કરતો દેખું.

[છોકરો હાથ મોં ધોઇ પાણી પી ચાલ્યો જાય છે.]

ચંદ્રગુપ્ત : (સ્ત્રીનાં વેણ સાંભળી નવાઇ પામીને) કેમ બાઇ, એમ કેમ કહ્યું ?

સ્ત્રી : એમ ન કહું તો બીજું શું કહું ? જુઓને, કુંવર ચંદ્રગુપ્ત આટલા વખતથી નંદ બાપુ સામે લડે છે, પણ તાગ નથી આવતો. પહેલેથી લડતાં લડતાં એકેક ગામ જીતવા માંડે કે ઝટ પાર આવે. પોતે છે તો બહુ બુદ્ધિવાળા, ને વળી ચાણાક જેવા ગુરુ છે; પણ કોણ જાણે કેમ મતિ મુંઝાઇ ગઈ છે !

ચંદ્રગુપ્ત : પણ એમ જીતતાં આવ્યે શો ફાયદો ?

સ્ત્રી : ફાયદો તો ખરો જ તો. રાજ હાથ કરવું હોય તો પહેલાં સીમાડો જીતવો જોઇએ કે પરબાર્યો રાજધાની પર જ હુમલો થાય ? ચારે કોર કાંઇ જોર ન બાંધ્યું હોય ને વચ્ચે જઇને ત્રાટકે એટલે તો પછી દુશ્મન પીખી જ નાખે ને ?

ચંદ્રગુપ્ત : ખરૂં છે, બાઇ.

ખેડુત : વાત તો વાજબી લાગે છે. આ સમાચાર કોક કુંવરજીને પહોંચાડે તો કેવું સારૂં ! લોભિયા નંદ અને ઉછાંછળા કુંવરોના જુલમથી અમે તો હવે ત્રાહેત્રાહે પોકારી ગયા છીએ.

સ્ત્રી : હવે તો ભગવાન પાસે હાથ જોડીને માગીએ છીએ કે આ નંદનો કાંટો જાય ને ગુલાબ જેવા ચંદ્રગુપ્ત ગાદીએ આવે.

ચંદ્રગુપ્ત : તમે સૌ ધારો છો એવું ઇશ્વર કરો.

[ચાર પ્રવેશ કરે છે.]

ચાર : (એક બાજુ પર) યુદ્ધના મેદાનમાંથી પડતાં જતાં લોહીનાં ટીપાં પેલા ઝાડ તળે થીજેલાં જોઇને ત્યાંથી પગેરૂં કાઢતો અહીં સુધી તો આવ્યો. હવે આ ઝુંપડીમાં તપાસ કરૂં; કદાચ મહારાજ ચંદ્રગુપ્ત અહીં આવ્યા હોય તો. (અંદર નજર કરે છે.) ઓહો ! અહીં જ છે ને શું ? (અંદર જઇને) જય હો, દેવ ! ભગવાન ચાણક્યે સંદેશો પાઠવ્યો છે. આજ્ઞા હોય તો જણાવું.

[ખેડુત ને તેની સ્ત્રી આશ્ચર્યથી ચમકી ઉઠે છે.]

ચંદ્રગુપ્ત : સુખેથી કહે.

ચાર : આર્યે આપને પોતાના આશ્રમ નજીકના વડ હેઠળ આવતી કાલે મળવાનો સંકેત કર્યો છે. યુદ્ધક્ષેત્રમાં જઈ આવ્યો; પણ આપ ત્યાં ન મળ્યા એટલે શોધ કરતોકરતો અહીં આવ્યો છું.

ચંદ્રગુપ્ત : સાધુસાધુ, એક કાર્ય કર. આપણા નાઠેલા સૈનિકોને પુનઃ સંમિલિત થવાનો મારો આદેશ જણાવ. લે નીશાની તરીકે મારી આ મુદ્રા. (આંગળીએથી વીંટી કાઢીને આપે છે.)

ચાર : આજ્ઞા, મહારાજ. ત્યારે હું વિદાય માગું છું.

[જાય છે.]

ખેડુત : ઓહો ! આપ જ કુંવર મહારાજ ? અમને નાહક અંધારામાં રાખ્યા. અમારૂં આંગણું પાવન થયું, મહારાજ.

સ્ત્રી : ત્યારે તો મેં ભાનભુલીએ આપનો વિનય છોડીને નાને મોઢે મોટાં વેણ કાઢયાં. અમને ખમા કરો મહારાજ! અમે શું જાણીએ . . . . ?

ચંદ્રગુપ્ત : તમે તો બહેન, આજ મને યુદ્ધનો નવો મંત્ર શીખવ્યો છે. જીવનભર હું તમને શે ભુલું ? મારી જીતની ચાવી તમે તો મને બતાવી છે. ત્યારે, હવે હું રજા માગું છું.

સ્ત્રી : મહારાજ, અમારૂં ઘર પાવન કર્યું એમ અમ ગરીબનો રોટલો—

ચંદ્રગુપ્ત : ના બહેન, મારે દૂર જવાનું છે ને પ્રભાતે તો મારે ગુરુદેવને મળવું જોઇએ. એટલે રોકાઇ તો નહિ શકું.

[સ્ત્રી કંકાવટી ને ચોખા લાવે છે.]

સ્ત્રી : ત્યારે સુખેથી સીધાવો, મહારાજ ! ભગવાન આપને જીત આપે. (ચંદ્રગુપ્તને ચાંલ્લો કરી ચોખા ચોડે છે અને ઓવારણાં લે છે)

ચંદ્રગુપ્ત : તમારી આશિષ જરૂર ફળશે, બહેન. (ખેડુત તરફ જોઇને) ભાઇ, તમે મને આશ્રય આપ્યો તેનો હું અતિ ઋણી છું. બદલો તો ઇશ્વર આપશે.

ખેડુત : એ શું બોલ્યા, મહારાજ ? અમારે આંગણે આપ સરખા દેવનાં પગલાં કયાંથી ? મેં પ્રથમથી જ નહોતું કહ્યું મહારાજ, કે આપ કોઇ દેવતાઇ પુરુષ છો ?

[ચંદ્રગુપ્ત સ્મિત કરતો ચાલી નીકળે છે. ખેડુત અને એની સ્ત્રી હર્ષાતુર નયને એને જતો જોઇ રહે છે.]

પ્રવેશ ૫ મો

[મગધની રાજસીમા પરનું વન : એક હાથે વૃક્ષની ડાળને પકડી શરીર ઝુલાવતો ચંદ્રગુપ્ત સરદારના પોશાકમાં ઉભો ઉભો વિચાર કરે છે.]

ચંદ્રગુપ્ત : ભગવાન કૌટિલ્યે કારમા કારાગ્રહમાંથી છોડવ્યા પછી તો હું સિકંદરની છાવણીમાં અતિથિ થઇ આવ્યો. તેણે મને માનપૂર્વક સેનાપતિ બનાવ્યો અને મદ્રદેશનો ક્ષત્રપ નીમ્યો. કિંતુ, આર્ય હજુ કેમ ન આવ્યા ?

લગ્ન ! ઓ મીઠું સ્વપ્ન ! ભાવિની વિધાત્રી શી જીવન-સખી ! પણ લગ્ન પ્રથમ મગધના સિંહાસન જોડે. લગ્નને તો નંદકુળે સર્વથા નર્ક કરી મુકયું છે. એ સંગદોષમાં એમનો

વિનાશ ક્યારનો ય રોપાઇ ગયો છે. યવનનાં આક્રમણનો અને કુટુંબદ્વેષનો એ ભોગ બન્યું છે. અધોગતિની એ વેદિનું બલિદાન હું ન બનીશ. મારે તો આર્યાવર્તની રચના કાજે નવો પંથ પાડી દૃષ્ટાન્તભૂત થવું જોઇશે. લગ્ન કોઈ ઉચ્ચ આદર્શની સિદ્ધિ અર્થે ન હોય તો તે શા કામનું છે?

પણ મારૂં અંતર બલવાન કો ભાવિ યુદ્ધનું ક્ષેત્ર બની ગયું છે હમણાં. વર્ષાચરેલ બે ગોધાની કે મદગળતા બે માતંગની સાઠમારી જેવું એ ઉલ્લાસ ને ઉદ્રેકપૂર્ણ છે. મગધનો દિગ્વિજય અને આર્યાવર્તનો ઉદય, એ બે મારાં જીવનધ્યેય.

[પાછળથી વિષ્ણુશર્મા આવે છે.]

વિષ્ણુશર્મા : વત્સ ! એ જ શોભે છે તમને. વંગસમુદ્રથી માંડીને દક્ષિણ સાગર સુધીની પૃથ્વી વશ કરવાનો મારો સંકલ્પ છે. પણ જમદગ્નિગોત્રી હું પ્રારબ્ધને નથી માનતો. પુરુષાર્થ મારો પ્રભુ છે. અને હવે દેહે ને આચારે બ્રાહ્મણ છતાં રાષ્ટ્રધર્મને અર્થે ક્ષત્રિય બન્યો છું. નીતિ ને સંપ્રદાય ખરા, પરંતુ રાષ્ટ્રધર્મથી હેઠા. સમજ્યા, કુમાર ?

ચંદ્રગુપ્ત : સમજ્યો, આર્ય. આપની નીતિ સમયાનુવર્તી હશે એમાં મને શંકા નથી. આ શિષ્યને તો ઝંપલાવવાની જ આજ્ઞા જોઇએ.

વિષ્ણુશર્મા : શિષ્ય નહિ પણ સખા. જુઓ, હવે આપણે નંદના દેશનિકાલ મંત્રી શકટારના ષડ્યંત્રથી ચેતવાનું છે. એ ગાંધારના મલયકેતુને મગધ અપાવવા પ્રપંચ ખેલી રહ્યો છે.

ચંદ્રગુપ્ત : એના શા ભાર છે? એક તો મારૂં પ્રચંડ દલ છે ને અગત્ય હશે તો પડોશી પર્વતકની સહાય લેતાં શી વાર?

વિષ્ણુશર્મા: પણ મારી નીતિ એવી ખરી કે રક્તપ્રવાહ બને તેટલો ઓછો વહેવડાવવો અને કળબળે કામ કાઢી લેવું. વળી પ્રાચ્યોનો પણ વિશ્વાસ નહિ, ચંદ્ર !

ચંદ્રગુપ્ત: આપ પારદર્શી છો; આપ્તજન છો. પણ મહારાજ મહાપદ્મનું શું ?

વિષ્ણુશર્મા : એ તો કુમાર, રાજધર્મ એટલે જ દંડધર્મ. અને આપણા મિલનનું તમને વિસ્મરણ તો નથી થયું ને ? પાટલિપુત્રની પગથીમાં સંધ્યાકાળે ધોતીએ કાંટો ભરાણો અને મેં તે બોરડીનું જડામુળ કાઢ્યું. કુમાર, એ ઓળખાણ અકસ્માત નથી, હો.

ચંદ્રગુપ્ત : આર્ય, એ મધુર સ્મરણ હજી તાજું જ છે મને.

વિષ્ણુશર્મા : અને વિજય વસમો છે. તથાપિ એકવાર માર્ગ નિષ્કંટક થયા પછી નંદોને મચ્છર પેરે નિર્વાણ પમાડવા સુકર છે. પરંતુ વત્સ ! મારા આહ્નિક વિધિને કાલાતિપાત થાય છે માટે જાઉં.

ચંદ્રગુપ્ત : જય હો, આર્ય.

વિષ્ણુશર્મા : જય હો આર્યાવર્તનો.

[વિષ્ણુશર્મા પોતાના આશ્રમ તરફ વળે છે.]

ચંદ્રગુપ્ત : (એકલો એકલો) સમયમૂર્તિ સિદ્ધ પુરુષ ચાણક્યની નીતિ અભૂતપૂર્વ છે. પરંતુ અલૌકિક પૌરુષ, વેધક દૃષ્ટિ ને ચોખુટ પૃથ્વીને વીંટળી વળે તેવી કલ્પના અને કૃતિ —એ સૌ જો માનવજગતનાં કલ્યાણજનક સાધન અને રીત વડે ન આચરાય તો એ અર્થહીન ને અનર્થકારી જ હશે. અને કોણ જાણે છે કે જીવનસાફલ્ય શામાં છે ?

[વિચારમગ્ન ચાલી નીકળે છે.]

પ્રવેશ ૬ઠ્ઠો

[પ્રવેશ ૧લાને રસ્તે અંધારિયાની ઠંડીમાં ઠુંઠવાતો મહાપદ્મ જતો દેખાય છે. દૂર એક ઝુંપડીમાંથી દીવાનો ઉજાસ પડે છે.]

મહાપદ્મ : (ટાઢે ને તાવે ઝુંકતો) મારા નવ્વાણુ કરોડ ! મારો કુબેરભંડાર જોવાને હું હામ ભીડી નીકળ્યો તો ખરો; પણ ટાઢ કેટલી ચડી છે ! અને આ કાળી રાત ! પણે કંઇક અજવાળું જણાય છે. જોઉં તો ખરો. રાતવાસો રહીને પછી આગળ વધીશ.

[ઝુંપડી આગળ જઇ બાર ખખડાવે છે. એમાં રહેનાર મજુર બહાર આવે છે.]

મજુર: કોણ છો, ભાઇ ? અત્યારે અહીં ક્યાંથી ?

મહાપદ્મ : અજાણ્યો મુસાફર. વૃદ્ધ છું, તાવે અશક્ત છું.

મજુર : આવોઆવો, અંદર. આ ઝુંપડી તમારી

પતંગિયાંનું ગીત

અમે સૃષ્ટિનાં બાલ સૌ પતંગિયાં રે લોલ;
કૈંક ભાતે રૂપે ને રજે રંગીઆં રે લોલ.

અમે રોપેરોપેથી પાછાં નાસીએ રે લોલ;
ફુલફુલે અડકીને ઉપર નાચીએ રે લોલ.

અમે માણુસ મોટાં થકી ડરી જતાં રે લોલ;
નહિ ગામે શેરી કે ઘરે ઢુકતાં રે લોલ.

અમે પ્રેમ ને પવિત્રતાનાં પંથીઓ રે લોલ;
રૂડા પ્રાણુ ને સૌન્દર્ય કેરાં સંગીઓ રે લોલ.

અમે પાંખે ચડેલ રસ દીવડાં રે લોલ;
ક્ષણુ ઉડી અજવાળી ને શમી જતાં રે લોલ.

અમે અંતરનાં સ્વપ્ન શાં પતંગિયાં રે લોલ;
નવા અરુણુ પ્રભાતનાં ઉમંગિયાં રે લોલ.

અમે ઇશ્વરનાં બાલ સૌ પતંગિયાં રે લોલ;
વિમલ જગનાં વિહારીઓ પતંગિયાં રે લોલ.

દેશળજી પરમાર

જ છે. તમને ભૂખ લાગી હશે. કહો તો છાશરોટલો હાજર કરૂં.

મહાપદ્મ : ના ભાઇ, ભાથું મેં હમણાં જ ખાઇ લીધું.

મજુર : તો લ્યો પથારી કરી આપું બારણે; અને ટાઢ ન વાય માટે થોડું તાપણું કરીએ.

[મજુર પથારી પાથરે છે ને તાપણું કરે છે. રાજા પડખામાં દાતરડી સંતાડી સુએ છે. એવે કોઇ રસ્તા ઉપર દેખાય છે.]

દૂત : (રસ્તે ઉભો રહીને) આર્ય ચાણક્યનો સંદેશો લઇ મહારાજ મહાપદ્મને મળવા પાટલિપુત્ર જઇ આવ્યો. એ તો સાંજના આ બાજુ ગયા છે એવો મહાવત પાસેથી પત્તો મળ્યો. અહીં સુધી તો પહોંચ્યો; પણ હવે આ મેઘલીમાં પંથ કપાય તેમ નથી વળી લાંબી મજલથી થાકયો છું. ચાલ, પેલી ઝુંપડી તરફ જાઉં, જો આશરો મળે તો. (આગળ વધીને) કોઇ છો કે અંદર ?

મજુર : કેમ ભાઈ, શું કામ છે ?

દૂત : આજ રાતની રાત કાઢવી છે, જો વીસામો લેવા દ્યો તો.

મજુર : એમાં શું, ભાઇ. રાજા મહાપદ્મનાં પગલાં જોકે ફરી વળ્યાં છે, પરંતુ પરમેશ્વરની અમીનજર છે. આવો ભાઈ, આવ્યો અતિથિ કાંઇ આંગણેથી પાછો જાય ?

[દૂત તાપણા આગળ બેસે છે; મજુર ઝુંપડીમાં પાથરણું લેવા જાય છે.]

દૂત : (રાજા સામે જોઈ ચમકીને મનમાં) આ કોણ ? હું જેને શોધું છું તે આવે વેશે અહીં કયાંથી ? વાહવાહ, યોગ તો ભારે થઈ ગયો.

[મજુર પથારી કરે છે ને તાપણામાં થોડાંક છોડિયાં નાખે છે.]

મજુર : આ ડોસો પણ તમારા જેવો પરદેશી મુસાફર છે. પાણી જોઇએ તો આખો ઘડો ભર્યો છે, આ લ્યો. હવે હું સુવા જાઉં છું.

દૂત : કાંઈ ફીકર નહિ, ભાઇ. તમે તમારે સુખેથી સુઓ.

[દૂત સુઇ જવાનો ડોળ કરે છે. થોડીવારે મહાપદ્મ ઉઠે છે.]

મહાપદ્મ : પાણી, ભાઇ, મને પાણી આપો. આટલી તરસ જીંદગીમાં કોઇ દિવસ નહોતી લાગી.

દૂત : (મનમાં) આ લાગ મઝાનો છે. જળ અને વિષને ભળી જતાં શી વાર ?

[પાણીનું પ્યાલું ભરી ગજવામાંથી એક પડીકી કાઢી અંદર ભેળવે છે. રાજા તે પી જાય છે.]

મહાપદ્મ : હાશ ભાઇ, હાશ. તારૂં સારૂં થજો.

દૂત : મહારાજ, આપની સેવા કરવાનો અમારો ધર્મ છે.

['મહારાજ' શબ્દ સાંભળી મહાપદ્મ ચમકે છે.]

દૂત : ચિંતા ન કરો; હું કુમાર ચંદ્રગુપ્ત તરફથી ક્ષમાપત્ર લાવ્યો છું.

મહાપદ્મ : ક્ષમાપત્ર ! મારા ચંદ્ર,—મારા પ્રિય ચંદ્ર તરફથી ? હા, પેલા દુષ્ટ કૌટિલ્યને કુસંગે એ ખરાબ થયો. પણ હવે લાગે છે કે એ સુપુત્ર નીવડે.

[મહાપદ્મ તાપણાને ઉજાસે ગુંચળું ઉખેળી વાંચે છે.]

તીર્થરૂપ પરમપૂજ્ય મહારાજ શ્રી મહાપદ્મની પવિત્ર સેવામાં આજ્ઞાધીન કુમાર ચંદ્રગુપ્તના સાષ્ટાંગ પ્રણામ. હું આપ મહારાજનો પુત્ર કહેવડાવવા યોગ્ય નથી; પરંતુ પશ્ચાત્તાપનો અગ્નિ અસહ્ય બનતાં દૂત દ્વારા આ પત્રથી ક્ષમાપન માગું છું. આપનું અગાધ વાત્સલ્ય સાંભરી આવે છે ત્યારે ભૂતકાળની મારી ઉચ્છંખલતા મને લજ્જાસ્પદ લાગે છે. તોપણ આ નમ્ર બાળકને આપની પાછલી અવસ્થાએ પડખે ઉભવા દેશો તો મારૂં પ્રાયશ્ચિત્ત પૂર્ણ થયું માનીશ; અને એ રીતે લેશ પણ પિતૃઋણ વાળી શકીશ.

મહાપદ્મ : (પત્રનું ભુંગળું વાળતો ગળગળો થઇને) બોલ દૂત, બોલ, મારો ચંદ્ર ક્યાં છે ? લાવ લાવ, મને બતાવ. મારી એને સો વાર ક્ષમા છે. (ઉભો થાય છે.)

[એવે એના પડખામાંથી દાતરડી સરી પડી તાપણા પર પડે છે. રાજા ચોંકે છે ને દોડતોક તેને બળતી ઉપાડી લે છે]

અરેરે, પણ મારી દાતરડી—મારી દાતરડી બળી જાય. મારા નવ્વાણુ કરોડ પાણીમાં.

[દાઝવાને લીધે દાતરડી છોડી દે છે.]

દૂત : (બેબાકળો થઇને) પાણીમાં શું, મહારાજ ? પાણીમાં કાંઇ નહોતું. શું છે ?

[મહાપદ્મના શરીરમાં ઝેર વ્યાપે છે ને એ ઘેનમાં લવવા માંડે છે.]

મહાપદ્મ : કાંઇ નહિ, કાંઇ નહિ; આખું જગત શૂન્ય. હું શૂન્ય, તું શૂન્ય. કાંઈ નહિ.

દૂત : મહારાજ, ભગવાન ચાણક્યનો એક સંદેશો છે.

મહાપદ્મ : (ભાનમાં આવીને) એમ ? કહે, નિર્ભયપણે કહે.

દૂત : તે એ કે ' કૌટિલ્ય એટલે પુરુષાર્થ. '


મહાપદ્મ : હા હા, ખરૂં કુટિલ—કુટિલ . . . . . ભવિષ્યવાણી ખરી. (ડુસકાં લેતો) ને . ને . ને—

[લથોડિયું ખાઇ મહાપદ્મ ભોંયે પટકાય છે ને મૃત્યુ પામે છે. દૂત ત્યાંથી એકદમ પલાયમાન થાય છે. ધીમા તાપણાની ચોમેર ઘોર અંધારૂં ફરી વળે છે.]

પ્રવેશ ૭મો

[વનખીણમાં વૃક્ષઝુંડ વચ્ચે ઢંકાએલી એક નાની ટેકરી ઉપર આશ્રમ. આચાર્ય વિષ્ણુશર્મા પૂજામાંથી ઉઠે છે.]

વિષ્ણુશર્મા : (સ્થિર ગંભીરતાથી) વિદ્યા, પૌરુષ અને સિદ્ધિ, એ ત્રિપુટીને પંથે અનેક વિઘ્નો ને વિકરાળતાઓ



વ્યથિતા

સ્વ. રામરાવનું એક અપૂર્ણ તૈલચિત્ર



કુંજવનોમાં

ચિત્રકાર: સ્વ. ડી. રાગરાવ

ઉમાં છે; પરંતુ એ વિપત્તિઓમાંથી માર્ગ કરવામાં જ માનવ-પ્રાણની મહત્તા. [દૂત પ્રવેશ કરે છે ને નમે છે.]

વિષ્ણુશર્મા : કેમ, શા વર્તમાન ?

દૂત : આર્ય, આપનો સંદેશ સિદ્ધ થયો છે.

વિષ્ણુશર્મા : (એક બાજુ જઇ તેને ઇશારતથી પાસે બોલાવી) એ સઘળું મને કર્ણોપકર્ણ કહે.

[દૂત ધીમેથી બધી હકીકત કહે છે. વિષ્ણુશર્મા કાન માંડીને સાંભળે છે.]

વિષ્ણુશર્મા : (મોટેથી) સાધુસાધુ, હવે મેં કહ્યું તે પ્રમાણે કાર્ય સાધી સત્વર પાછો વળ.

દૂત : આર્યની જેવી આજ્ઞા. (જાય છે.)

વિષ્ણુશર્મા : (વિચારમાં મસ્તકે હાથ ફેરવતો) મહાપદ્મનો કાંટો કાઢયો. મારું વેર શમશે ને વચનસિદ્ધિ થશે. પણ આ હત્યાનું છળ પળેપળ મને ડંખી રહ્યું છે. રાજ્ય-નીતિમાં પડેલા જીવોનું અંતઃકરણ મરી નથી જઈ શકતું. (થોડીવાર વિચારમાં રહીને) અને અંતઃકરણની વૃત્તિ ને વ્યવહારની પ્રવૃત્તિનો મેળ બેસાડવો કેટલો દુષ્કર છે ? મગધના આ સંક્રાન્તિકાળમાં આ રાજકુળ અને રાજતંત્રના કંટકો કાઢયે જ છુટકો. અને મહાન રાષ્ટ્રધર્મ ઉદય પામે ત્યારે યુગનો આદેશ પ્રવર્તાવવો જ પ્રમાણ. પરંતુ . . . . ચંદ્રને આ વાતમાં સમજાવવો જોઇશે. તેજનો એ ભભુકો ન ઝંખવાય કે ન વિપથગામી થાય એ પ્રથમ વિચારવાનું. સંસારના અનુભવ વિહોણા એ કુમારના મનોરથો પ્રલય ન પ્રવર્તાવે ને મનધાર્યો લક્ષ્યવેધ કરે એ જોવાનું. પ્રભુની અગમ્ય રહસ્યભરી સૃષ્ટિલીલામાં મારે હવે અહેતુક નિમિત્તમાત્ર જ બનવું. [ચંદ્રગુપ્ત પ્રવેશે છે.]

ચંદ્રગુપ્ત : જયજય આર્ય, મગધના કાંઇ વર્તમાન ?

વિષ્ણુશર્મા : હા, વત્સ ! મહારાજ મહાપદ્મ દેવ થયા.

ચંદ્રગુપ્ત : (શોકઘેરો બનતો) શું ?—મહારાજ દેવ થયા ?

વિષ્ણુશર્મા : હા, અને નંદકુમારો પરસ્પર ઝગડે છે ને પ્રજા રૂડી છે.

ચંદ્રગુપ્ત : (આંખ લુછતો) આર્ય ! આંતરવિગ્રહના આ સાહસમાં મને કશો ધર્મલાભ દીસતો નથી. પ્રત્યેક પળ મારું મન ના કહી રહ્યું છે.

વિષ્ણુશર્મા : તાત ! આશા ને નિરાશાના અનેક ઓળાઓ છોડયા પછી જ જીવનક્રમ ઉજ્જ્વલ બનશે. મગધની મુક્તિનો અને ભારતના ભાગ્યનો ઉગમ થવા માંડયો છે. હવે આપણું ભાવિ આપણે હાથ ચડયું છે.

ચંદ્રગુપ્ત : પણ મને કોઈ ઉપાય નથી સુઝતો.

વિષ્ણુશર્મા : વત્સ, નવો ભારત ઘડવામાં ઘણીક તોડ-વછોડ ને અરુચિકર ખંડનમંડન ખેલવાનાં છે. સૃષ્ટિનો એ અનાદિ ક્રમ છે કે જે કંઇ નિર્બળ છે, સડેલું છે તેનો અવશ્ય-મેવ નાશ છે.

ચંદ્રગુપ્ત : કિંતુ ભગવન્, મને હવે જ ભાન થાય છે કે આત્મવિકાસ એ અસિધારાવ્રત જેટલો દુઃસહ હશે.

વિષ્ણુશર્મા : ખચિત; અને ખરો ક્ષાત્રધર્મ પણ એમાં જ છે. નહિતો એકલી કલ્પના, બુદ્ધિ કે આકાંક્ષા શા ખપની, જો આચાર ને અનુભવોથી ભયભિત થઈ આપણે વિજયનો પંથ તજી દઇએ ? એ તો નિર્વાણને સારુ કર્મ છોડવાં ને નિર્માણને સારુ કર્મ આચરવાં ને ભોગવવાં. પ્રજાપતિઓનું એ પરમ કર્તવ્ય. ને કર્મો કરવા છતાં ન લાગે એ માનવજગતનો રાજયોગ.

ચંદ્રગુપ્ત : (કંઇક સ્વસ્થ થઇને) આપના અનુભવજ્ઞાન વડે મારો પ્રાણદીપક ઝળહળતો રહ્યો છે, મારી દૃષ્ટિ પ્રકાશિત થઇ છે; અને જેટલી પ્રકાશિત થઇ છે તેટલી જ નિર્મળ રહે એ વાંચ્છના.

વિષ્ણુશર્મા : વત્સ ! જે પ્રકાશ પામે છે તે મલિન હોય તોપણ શુભ્રસ્વરૂપ બને છે; માટે તું નિઃશંક વર્ત. આપણો માર્ગ સરલ થયો છે. હવે તો તારો વિજયધ્વજ ફરફરતો જોવા આ આતુર નયન ઝંખે છે, ને તારા મનોરથ સફળ નીરખવા આ અનુભવી મન ઉલ્લાસ ધરે છે.

ચંદ્રગુપ્ત : (ઉત્તેજનતો) આપની આશિષ ફળો ભગવન્ !

વિષ્ણુશર્મા : તો હવે હું નિત્યકર્મે લાગું, વત્સ !

ચંદ્રગુપ્ત : સુખેથી સીધાવો આર્ય ! આ ચંદ્રની બહુ ચિંતા ન કરશો.

વિષ્ણુશર્મા : કુમાર, ' સમ્રાટ ચંદ્રગુપ્ત 'ની ચિંતા હું નથી કરનાર. [હસતાહસતા જાય છે.]

ચંદ્રગુપ્ત : (એકલોએકલો) કૃષ્ણાવતાર શા ભગવાન કૌટિલ્ય આ જરાસંઘની પરંપરા જાળવનાર નંદકુળનો વિનાશ કર્યા વગર જંપવાના નથી; અને એના અર્જુન થવાનું મારે ભાગ્યે નિર્માયું છે.

એમની સન્મુખ કહેવાતું નથી; પણ મારું મન આર્યનાં વચન કરતાં વ્યવહારથી કંઇક જુદું પડી જાય છે. મારે સારુ એમની શુભેચ્છા અથાગ છે, મમતા સાચી છે, કર્તવ્યપરા-યણતા તીવ્ર છે; તોપણ આ દ્વેષ ને વેર દ્વારા, આ છળ ને કપટ દ્વારા સામદામની જાળ રચીને ને હત્યાઓની હાર કરીને રાજ્યપ્રાપ્તિ કરવી મને અનુચિત લાગે છે. એવા વિજયનો મનોરથ મારો નથી.

માતા મુરા ! તારા વૈધવ્યકાળમાં ચંદ્ર શું કરે તો તને શાતા મળે ? અરે, એની અમરતા સારુ તો હું ઇતિહાસનું પાન બદલી નાખવા કટિબદ્ધ થયો છું. મા ! ઓ મા ! જ્યાં લગી તારો ચંદ્ર તે ચંદ્રગુપ્ત ' મૌર્ય ' નહિ કહેવાશે ત્યાંલગી એને આ જીવતરમાં નથી આનંદ કે નથી શાન્તિ.

પણ નંદભાઇઓ સંપીલા ને સ્નેહાળ હોત તો કેવું સારું ? કેવો વ્યર્થ તરંગ ! જેઓને વિનાશમુખે પડવું છે તેમને કોણ રોકશે ?

આ વનસ્પતિની સૃષ્ટિ સમભાવપૂર્વક કશા ઘોંઘાટ વગર

શાન્તસુન્દર લગી રહે છે; આ સરિતાઓનો સુખકર સંગમ પોતાનાં જળ એકપ્રવાહે સમથર વહાવે છે; આ અનંતકોટિ તારકગણનું સહકારસંગીત પ્રતિપળ કાન ભરે છે. પરંતુ રક્તતરસ્યું સ્વાર્થાંધ આ રાજકુળ. . . . પ્રભો ! મગધનું પ્રારબ્ધ ક્યારે પાર ઉતરશે ?

હજુ રાજ્યની ધાક શમી નથી; પરદેશીઓનાં આક્રમણોનો પાર નથી; મગધ પોતે છિન્નભિન્ન ઝુંઝે છે. ત્યાં મારૂં આ સ્વપ્ન સિદ્ધ થવા કેટલો સમય જોઇશે ?

સમય ગમે તેટલો જોઇએ. એક વખત કઠણ મન કરીને ક્રાન્તિકાળ ઉતરૂં એટલે પછી રાજ્યને સ્થિર ને સ્થિતિસ્થાપક બનાવી શકાશે. અને ત્યાં લગી આર્ય ચાણક્યની દૃષ્ટિ–નીતિ કદાચ અનિવાર્ય રહેશે.


ભગવતી ગંગાયમુનાને તીરપ્રાન્તે પ્રથમ આર્ય લોક આવીને વસ્યા હશે, રસરૂપ બ્રહ્માવર્ત સ્થાપ્યો હશે, ત્યારે તેઓની કને સંસ્કૃતિના પ્રાણબળ વગર બીજું શું હશે ? પણ એ ઉંડું આર્યત્વ આજ ભેદાયું છે. વેળા વસમી છે પણ એ ઘડીએ આર્ય સંસ્કૃતિનો દિગ્વિજય વ્યાપે તો જ મારો ગુપ્ત સંકેત પાર પાડે.

કિંતુ અહીં મારૂં અને આર્યનું અંતિમ લક્ષ્ય એક છતાં એમની નીતિને મારૂં અંતર માન્ય કરતું નથી. વિજય થાઓ કે ન થાઓ, પણ જો વિજયનાં સાધન અને સાધનાઓ શુદ્ધ ન હશે તો કોઇ યે નરનાથ પોતાનું કે લોકોનું શું કલ્યાણ કરવાનો હતો ?

હું તો ખુલ્લી દંડનીતિથી યવનોને વશ કરીશ. વશ થશે તેમને આર્ય સંસ્કારથી રંગીશ કે હૃદયસંબંધથી જોડીશ; ખુણેખુણે ચંદ્રગુપ્તની આણ મનાવીશ; ને પછી ઉત્તરદક્ષિણને સાંકળી બૃહદાર્યાવર્તનું સ્વપ્ન સાચું પાડીશ. અને એ મહારાજ્ય સર્વથા ધર્મરાજ્ય હશે. હા, એવી કલ્યાણવાસના જ છે મારી મહત્ત્વાકાંક્ષા.

[આંખો મીચી દઇને ગંભીર મુખ ઉપર બે હાથ મુકે છે. પછી આકાશ સામે તાકી અંજલિ રચીને] મહાપ્રભુજી, એ જ મારી મહત્ત્વાકાંક્ષા.

[પડદો પડે છે]



અથાણું

પાવળું તેલ

: મંદાક્રાંતા :

મેં હોળીને દિવસ ઉછીનું પાવળું તેલ લીધું,
ને તે તેલે નણદી હું અને ભાભીજી સોત ન્હાયાં;
ન્હાતાં બાકી વધ્યું કુરડીમાં તેટલું નાખ્યું મેં તો,
સંભાળીને ઉતરડ પરે કુરડી મુકી મેં તો.

પાડોશીની વહુ પછી ભુંડી વેવલી ભાનહોણી,
હફ્‌ફદફ્‌ફડ કરતી કરતી દેવતા આવી લેવા;
સાલ્લાની ઝાપટ કુરડીને એક જ્યાં મારી ત્યાં તો,
રે રે મારૂં બધું વળી ગયું ખોટનું તેલ ઉંધું.

રેલમછેલમ્ થઇ રહ્યું અરે તેલ તેથી રસોડું,
મોંઘાં મારાં ઉતરડ બધાં તેલ તાણી ગયું એ;
ખાબોચીઆં ફળીમહીં ઘણાં તેમ તેનાં ભરાણાં,
આજુબાજુ છલકી વહ્યું તે શેરીએ શેરીએ, ને

સાચેસાચું કહું છું તમને પાદરે પુર ચાલ્યાં,
હાથી ઘોડાં બળદ કુતરાં તેલ તાણી ગયું સૌ;
પાડા માથે ચડી પટલના છોકરાંઓ ગયાં ને,
ઢેફાં માથે ચડી બચી ગયાં દૈવનાં ભોગ જોગે.

ચક્કરભાઈ

ડાહ્યા : કેમ, એ ચોપડી જોઇને કંઇ બહુ મુંઝાઇ ગયા ?

દોઢ : હા જુઓને, એનું એક પણ પાનું કાપેલું નથી; એટલે હું વિચાર કરૂં છું કે એ છાપી હશે શી રીતે ?

✽

‘ ઈશ્વરની દરેક કૃતિની પાછળ કંઇક રહસ્ય તો રહેલું જ હોય છે. ’

‘ કેમ, કાંઇ એકાએક સ્ફુરી આવ્યું ? કંઇ પ્રત્યક્ષ અનુભવ થયો શું ? ’

‘ હા, જુઓને ! ઇશ્વરે જો કાન માથાની પાછળ મુકયા હોત તો ચશ્મા પહેરનાર તેની દાંડીઓ કયે આધારે રાખત? ’

✽

દાઇ (દાક્તરને વધામણી આપતાં)—સાહેબ, દીકરો આવ્યો.

દાક્તર—તેને કહે કે હમણાં મને ફુરસદ નથી; પછી આવે.

✽

ભીખારી—બાઇ સાહેબ, થોડી મીઠાઈ અપાવો; હું બે દિવસનો ભુખ્યો છું.

બાઇ—ભુખ્યો છે તેથી મીઠાઇ ખાવી છે ?

ભીખારી—ચપટી લોટથી ચાલે એમ છે, પણ આજે મારી વરસગાંઠ છે, એટલે મીઠાઇ ખાવી છે !



પેન્સિલ સ્કેચ : **ગોવાલણી** :સ્વ. ડી. રામરાવ



‘ કુવાકાંઠે ’ વાળા ચિત્ર માટે કાઠિયાવાડના જીવનમાંથી મળેલા મુળ સ્કેચમાંના થોડા.



‘ કુંજવનોમાં ’ નામન આ પાત્ર નજરે પડશે. . સ્કેચ.

સ્વ. રામરાવની સ્કેચબુકમાંથી



કાઠિયાવાડના જીવનના સ્કેચ




પ્રભાસપાટણના સોમનાથના જીર્ણ મંદિર ઉપરના કોતર કામમાંની નર્તકીઓની સ્કેચબુકમાં કરેલી નોંધ.

સ્વ. કલાકાર રામરાવ



સ્કેચ : ર. મ. રાવળ



ભારતવર્ષમાં ઘણા સમયથી સર્વાંગસિદ્ધ પ્રતિભાસંપન્ન પુરુષોના જન્મ વિરલ થઇ પડ્યા છે. નામ લેવા યોગ્ય એકાદ બે યોગી કે ધર્મપ્રચારક, એકાદ મહાકવિ, એકાદ વૈજ્ઞાનિક અથવા એકાદ કલાકાર;—આંગળીના વેઢા પણ પુરા થાય નહિ એટલો જ ફાલ. અને એવા એકાદની અકાલ ખોટ પડે તે જ્યાં હોય ત્યાં કેટલી ભારે કહેવાય એ ત્રીસ કરોડની વસ્તીના પ્રમાણમાં સમજવું મુશ્કેલ પડશે ?

આંધ્રદેશના સ્વ. ચિત્રકાર શ્રી ડામરલા રામરાવે વેમ્બલી અને ટોરોન્ટોમાં નામ કાઢ્યું ત્યારે ' એ કોણ છે? ' એટલો જ સવાલ હિંદુસ્તાનના શિક્ષિત લોકોને થયો ! અને એ વ્યક્તિની કીમત શી એ સવાલ તો હજુ કોઇના મગજમાં આવ્યો યે નહિ હોય, તે પહેલાં તો કલાનો એ ચિંતામણિ કાળના મોંમાં ઝડપાઇ ગયો.

માત્ર અઠ્ઠાવીસ વર્ષની ખીલતી વયમાં તો તેણે કલાનાં જુનાંનવાં સર્વ ઝરણાંનાં અમૃત પી લીધાં હતાં અને સ્વયં એક અદ્દ્ભુત રસસૌંદર્યનું ઝરણ બની રહ્યો હતો.

અજન્તાનાં ચિત્ર સમજાવનાર કોઇક જોઇએ; બંગાળી ચિત્રશૈલીનું આધ્યાત્મ વર્ણવવા મિ. હાવેલ, નિવેદિતા કે કુમારસ્વામી જોઇએ; જુની મુગલ કે રજપુત ચિત્રકળા સમજવા એની કથાઓ જાણવી જોઇએ; મુંબાઇની ચિત્રકળા ભોગવવા ટેવ પાડવી જોઇએ; પણ રામરાવનાં ચિત્રો જોનારને તો માત્ર આંખો જ જોઇએ. જેને આંખ હોય તે તેનાં ચિત્ર જોઈ મુગ્ધ થયા વિના રહે જ નહિ.

આટલી અદ્દ્ભુત શક્તિ ધરાવનારનો પૂર્વકાળ એટલો જ રસમય ને સુંદર છે.

અંગત પરિચય

મુંબાઇની સર જે. જે. સ્કુલ ઑફ આર્ટની આગલી પોર્ચમાં, ૧૯૧૬ના જુન મહીનામાં એક દિવસ બપોરે એક સુંદર છોકરો હાથમાં ચિત્રોનું આલ્બમ રાખી બાંકડા પર બેઠો હતો. તેના ચહેરામાં એવી કોઇ અજબ મોહિની હતી, એવું કોઇ મધુર કાવ્ય હતું કે જોનાર તેના તરફ આકર્ષાયા વિના રહે જ નહિ. સાધારણ રીતે હું શાળાના બીજા વિદ્યાર્થીઓથી અલગ રહેતો, કેમકે ત્યાં આવતા વિદ્યાર્થીઓમાંથી સંસ્કારી કે સુશિક્ષિત મિત્ર ભાગ્યે જ મળી આવતો.

પણ આ વિદ્યાર્થીએ તો મને મુગ્ધ કર્યો. મેં વિવેકથી તેના હાથમાંનું ચિત્રોનું આલ્બમ જોવા માગ્યું, જે તેણે જરા અચકાતાં આપ્યું.

એ ચિત્રો જોતાં જ હું સમજી શક્યો કે શાળાના ઇતિહાસમાં અગાઉ નહિ આવેલો એવો એ અપૂર્વ વિદ્યાર્થી હતો. ભાવિ કલાકારની સ્પષ્ટ પ્રતીતિ આપતી તેની નાનીનાની ચિત્રકૃતિઓમાં, કુદ્રત અને માનવ-જીવનમાં નવીનતા ને ઊર્મિથી નજર કરનાર માનસનું દર્શન થતું હતું. મેં તેનું રહેવાનું ઠેકાણું પુછી લીધું. એમ્પાયર હિંદુ હૉટેલમાં તો મારા મિત્ર મનુભાઇ બધેકા પણ રહેતા હતા. આ ચમત્કારિક શક્તિવાળો વિદ્યાર્થી એમ્પાયર હૉટેલમાં હોવાની ખબર મેં મનુભાઇને આપી, અને મૈત્રી સાધવામાં એ ચતુર હોવાથી થોડા જ વખતમાં તેઓ બંને મિત્રો થયાનું હું જાણી શક્યો. મનુભાઈ સંગીતના શોખીન હતા અને રામ-રાવને પણ સંગીતનો એટલો જ શોખ હતો. એ સામાન્ય ધર્મે તેમની વચ્ચે પરસ્પરની પ્રીતિની સાંકળ બાંધી આપી. મનુભાઇ પાસે તો હું વારંવાર જતો. રામરાવ તરફ મારી કલાભક્તિ હતી ને મનુભાઇ મારા સ્નેહી હતા, એટલે ધીમેધીમે અમારી ત્રિપુટી જામી ગઇ.

થોડા વખત પછી રામે પોતાનું રહેઠાણ મનુભાઇના ખંડમાં જ ફેરવી નાખ્યું અને તેમનો સંબંધ સગા ભાઇઓ જેટલો ગાઢો થયો. એ સંબંધથી જ રામને ગુજરાતી સંસ્કારનો પાસ લાગ્યો તથા ગુજરાતી ભાષા ને સંગીત પર એને પ્રીતિ થઇ; એ સંબંધથી જ રામે ગુજરાત કાઠિયાવાડમાં પ્રવાસો કર્યા અને તેનાં ચિત્રો દોર્યાં. આ રીતે મનુભાઈ બધેકાએ ગુજરાત ઉપર ઉપકાર કર્યો છે.

ગોદાવરીના મુખ આગળ કુદરતે એક બગીચો જ રચ્યો છે. નદીના કાંપથી તર થએલી જમીન પર ફળફુલની વિપુલતા ભોગવતી રાજમહેન્દ્રીની પ્રજા અતિશય ચોકખી, નૃત્ય ગાન ચિત્ર વગેરે કલાઓની પ્રેમી અને ખાધેપીધે સાદી છતાં સુખી છે. એક ટુકડો જમીન હોય તે પર એક કુટુંબ લીલાલ્હેર માણે. રામરાવના પિતા રાજમહેન્દ્રીના એક નામચીન દાક્તર, ઉદારચિત્ત ગૃહસ્થ અને અગ્રગણ્ય નાગરિક હતા. તેમને ગોદાવરીને કાંઠે એક સારો જેવો બગીચો, શહેરમાં પ્રતિષ્ઠા અને ઉત્તમ કેળવણી પામેલી સંતતિ છે. રામના મોટાભાઇ ડી. વ્યંકટરાવ એમ.એ. હોઇ ત્યાંની કૉલેજમાં લેક્ચરર છે. રામની બહેનો અંગ્રેજી ભણેલી છે. એક વિધવા બહેન તો ત્યાંના સાહિત્ય-મંડળમાં પણ સારો ભાગ લેનારાં સુપ્રસિદ્ધ સન્નારી છે. રામરાવના એક બનેવી શ્રી ડી. હનુમંતરાવ મહાત્મા ગાંધીજીના ચુસ્ત અનુયાયી અને પિનાકિની સત્યાગ્રહાશ્રમના સ્થાપક, થોડા વખત પહેલાં ગુજરી ગયા. સંસ્કાર, વિદ્યા અને કળા એ કુટુંબમાં સૌથી આગળપડતાં છે.

૧૮૯૭ના માર્ચની ૮મી તારીખે આ શિષ્ટ અને સંસ્કારી કુટુંબમાં રામનો જન્મ થયો. નાનપણથી જ રામરાવની ગ્રહણશક્તિ ઘણી જ તીવ્ર હતી. તેનાં મોટાં બહેન ચીતરતાં તે જોઇ તેણે ચીતરવા માંડ્યું —અને એમનાથી ચડિયાતું. એની ધુનમાં એ શાળાનો અભ્યાસ પણ વિસારે પાડતો. રામના કાકા ડ્રૉઇંગ-માસ્તર હતા, એમની પાસેથી એણે રંગ અને પીછીના ઉપયોગની દીક્ષા લીધી. ત્યાર પછી એ નાટકશાળાના કોઈ ચિત્રકારના સમાગમમાં આવ્યો, જેની પાસેથી એને ખુબ પ્રેરણા મળી.

રામરાવ આખા કુટુંબનો લાડકો બાળક હતો. ગાવાનો શોખ તો તેને ખુબ જ હતો. મિત્રો ઘણી-વાર તેને પુછતા કે જીંદગીમાં તમારૂં લક્ષ્ય શું છે? ત્યારે એ કહેતો કે હું એક મહાન ચિત્રકાર અને મહાન ગાયક થવાની ઉમેદ રાખું છું. અને ખરેખર, એ બંને વિદ્યા માટે તેની ઉપાસના હતી.

ચૌદ વર્ષની ઉમરે એ હાઇસ્કુલમાં ગયો ત્યારે ત્યાંના પ્રિન્સિપાલ મિ. ઓ. જે. કૂલ્કેના સંબંધમાં આવ્યો. મિ. કૂલ્કે અને રામરાવના આ યોગમાં વિધિની ખાસ યોજના હોય એમ જ લાગે છે. મિ. કૂલ્કે પોતે કલાના એક પરમ ઉપાસક હતા. પરણ્યા નહોતા. જેટલો પગાર આવે એટલો કલા અને અભ્યાસનાં સાધનો પાછળ ખર્ચી નાખતા અને બાંકા કલારસિકનું જીવન ગુજારતા. તેમણે પોતાના બંગલાના બગીચામાં ગોદાવરીની નહેર ખોદાવી છેક બંગલા સુધી આણી હતી અને તેમાં એક હોડી કાયમ રાખતા. રજા પડે કે તરત સાહેબ થોડાં પુસ્તકો અને ચીતરવાનો સામાન



ચિત્રકાર : સ્વ. ડી. રામરાવ   તુલસીપૂજા   કુમાર : આસો : ૧૯૮૨



કુવાકાંઠો
ચિત્રકાર: સ્વ. રામરાવ



રામરાવનું કુટુંબ

પાછળ ઉભેલા: ડાબી બાજુએથી (૧) હાથમાં પૅલેટ અને બ્રશ સાથે ઉભેલા ડી. રામરાવ ઇ. સ. ૧૯૧૨માં ૧૫ વર્ષના. (૨) રામરાવના મોટાભાઈ ડી. વ્યંકટરાવ, એમ. એ. (૩) શ્રીમતી ભાસ્કરમ્મા, રામરાવનાં સૌથી મોટાં બહેન. (૪)સ્વ. શ્રીમતી વ્યંકમ્મા. વચ્ચે બેઠેલા: (૧) ડી. વી. રામનરાવ, રામરાવના પિતા. (૨) શ્રીમતી લક્ષ્મી દેવમ્મા, રામરાવનાં માતા. પિતાના ખોળામાં: સૌથી નાનો ભાઇ પ્રબોધચંદ્ર. નીચે બેઠેલા: (૧) રામરાવથી નાનો ભાઇ રાજારાવ. (૨) શ્રીમતી કૃષ્ણમ્મા, રામરાવનાં નાનાં બહેન. (૩) શ્રીમતી ઉપનિષદ દેવી, બીજાં નાનાં બહેન.

લઇ એ હોડીમાં જ ધામા નાખતા. ખાવાનું પણ ત્યાં જ! રંગો ખીલવતી સંધ્યા વખતે કે સવારના વહેલા એ હોડી લઇ ઘણી વાર નહેરના મુખ બહાર પણ ચક્કર મારી આવતા. પણ એટલા જ રસથી ધરાય એવો એ જીવડો નહોતો. હોકી રમવાના પોશાકમાં તે શહેરની પોળોમાં પણ આથડતો, લોકો વચ્ચે ઘુમતો અને ચિત્રો કરતો. લોકો તેને ચક્રમ સાહેબ તરીકે ઓળખતા. તે ગામડિયા જોડે દોસ્તી કરતો અને ઘણીવાર બજાર વચ્ચે બેસી પડી તેમના વિચિત્ર પોશાકો અને ચહેરા પોતાની નોંધપોથીમાં ઉતારી લેતો. હમણાં જ તેમણે લગભગ ત્રણસો સ્કેચ સાથે 'સાઉથ ઇન્ડિયન અવર્સ' નામનું પુસ્તક પ્રગટ કર્યું છે.

મોટી રજાઓ આવે એટલે સાહેબે હિંદુસ્તાનના એકાદ સુંદર ભાગ તરફ દોટ મુકી જ હોય. કલાનાં બધાં મથકો તેણે એક કરતાં વધારે વાર જોઇ નાખ્યાં હતાં. એનો રસિયો આત્મા કલાથી રંગબોળ નીતરતો હતો. કલાવિહીન વસ્તુઓ એને ડંખતી. છોકરાઓ રાજમહેન્દ્રીની કૉલેજમાં આવતા કે કોટ, પાટલુન, બુટ, પહેરી સાહેબ બની જતા. ફૂલ્ડ્રે સાહેબે જોયું કે તેઓ પોતાના દેશનો મુળ સુંદર પોશાક તજીને આ વાંદરિયા નકલમાં પડે છે તે ખોટું. તરત તેમણે હુકમ કાઢ્યો કે વિદ્યાર્થીઓએ પોતાના સ્વદેશી પોશાકમાં જ કૉલેજે આવવું. અને તેનું સુંદર પરિણામ એ આવ્યું કે પોતાનો પોશાક પહેરવાની જે વિવિધ તરેહ વિદ્યાર્થીઓને વારસામાં હતી તેમાં તેઓ કળા બતાવવા લાગ્યા. કૉલેજ છુટે કે સુંદર સોનેરી કોરની પીછોડી ઓઢેલા, માથે વાંકડિયા વાળવાળા, પગમાં અવનવી ચંપલો પહેરેલા, ચોક્ખાં સફેત વસ્ત્રોમાં જાણે દેવબાલકો ઉતરી આવ્યા હોય એવા ટોળાબંધ વિદ્યાર્થીઓ ફૂલ્ડ્રે સાહેબની કલાદૃષ્ટિને ભરી દેવા લાગ્યા.

રામરાવ ફૂલ્ડ્રે સાહેબની નજરે પડયો કે તેના ચકોર આત્માએ એ કલાના અધિકારીને ઓળખ્યો અને મિત્ર બનાવી લીધો. એ વેળા રામરાવની ઉમર ચૌદપંદર વર્ષની અને સાહેબ ચાળીસ વર્ષના. પણ એની વચ્ચેનો વયનો અંતરાય કલાએ તોડી પાડયો. રામરાવ દિવસે કૉલેજમાં ભણેગણે અને સાંજે સાહેબને બંગલે જાય, સુંદર ચોપડીઓ જુએ તથા સાહેબની સાથે રખડવા જાય. કોઇ વાર સુંદર ચિત્રોની ભેટ પણ એને મળે. ઈંગ્લંડના સર ફ્રેડરિક લેઇટનના 'બંદી ઍન્ડ્રોમેડા નામના' ચિત્રે રામરાવ ઉપર બહુ અસર કરેલી. એની મોટી રંગીન છાપ ફૂલ્ડ્રે સાહેબે એને ભેટ આપેલી તે એ રોજ જોતો અને ઇચ્છતો કે આવી સબળ શૈલીમાં હું કોઇક દિવસ ચીતરીશ.

મિ. ફૂલ્ડ્રે હમેશાં તેની ચિત્રપોથીઓ જોવા માગતા. કંઇક નવું, કંઇક સરસ જોતા કે એકાદ નાનું ઇનામ રામરાવને મળતું અને સાહેબ જોડે ચા પીવાની મળતી! પોતાથી કંઇ ન બન્યું હોય ત્યારે રામને ખુબ ક્ષોભ થતો; છતાં સાહેબને મોં દેખાડવા વિના



રામરાવ : કુમારાવસ્થામાં

ચાલતું નહિ, એટલે જાય તો ખરો, પણ દૂર ઊભો રહે. સાહેબ પણ એવા કે રામરાવ કંઇ નવીન કામ ન બતાવે તો રામરાવને ચા ન મળે!

પછી તો રજાના દિવસોમાં સાહેબે રામરાવને ઇલોરાની ગુફાઓ બતાવી અને તેની પાસે ત્યાંના સ્કેચ કરાવ્યા, જે ઉપરથી પાછળના વખતમાં રામરાવે સુંદર ચિત્રો ઉપજાવ્યાં. ભર ચોમાસામાં એક વાર સાહેબ રામરાવને અજન્તાની ખીણમાં લઇ ગયા. સ્ટેશન પર સામાન રાખી વરસતા વરસાદમાં અજન્તા જોવાનો આગ્રહ રાખનાર કલાનો કેવો રસિયો હશે!

એ વેળા રામરાવના પગ દુખવા આવેલા અને થાકથી ભાઈનું મોં રડુંરડું થઇ ગએલું; ત્યારે ભલા સાહેબે 'એમ છોકરીની જેમ રડે છે શું?' કહીને એને પોતાની ખાંધ પર ઉઠાવી લીધેલો અને ફેરવી-ફેરવીને અજંતાની બધી ગુફાઓ બતાવેલી.

ફૂલ્કે ખુબ કદાવર, મજબુત અને સહિષ્ણુ હતા. રામરાવમાં તેનો ખાસ સ્વાર્થ કશો જ નહોતો. જગતમાં એક અનેરી કળી જોઈ, તે ખીલી પૂર્ણ વિકસિત ફુલ બને તે જોવાની માત્ર કલાવાંછના હતી.

રામની ઉમર ૧૯ વર્ષની થઈ ત્યારે મિ. ફૂલ્કેએ તેને મુંબાઇની સર જમશેદજી જીજીભાઇ સ્કુલ ઑફ આર્ટમાં અભ્યાસ કરવાની ગોઠવણ કરી મોકલ્યો. મિ. સેસિલ બર્ન્સ તે વેળા સ્કુલના પ્રિન્સિપાલ હતા, તેના ઉપર મિ. ફૂલ્કેએ પોતાની ભલામણ અને આવનાર વિદ્યાર્થીની શક્તિની પિછાન આપેલી.

રામરાવ પર તેનો પ્રેમ અથાગ હતો. રામરાવ મુંબાઈ હતો ત્યારે પણ દર નાતાલમાં એક સુંદર અને અમોલી કલાની ચોપડી ભેટ આવતી. એની પસંદગી જ કંઇક ઓર હોય. એના સહવાસમાં રામરાવને કુદરતનાં ચિત્રો કલાકારની નજરથી જોતાં આવડી ગયાં. પછી તે સ્મૃતિથી એ બધાં નાના કાગળો પર સ્વચ્છ રીતે ચીતરતો. પા કાગળથી મોટાં ચિત્રો એ વેળા તે ભાગ્યે જ કરતો. પણ એ નાના કટકામાં જે કલ્પના અને કાવ્ય ભરેલાં હતાં તેવાં આપણા પાકટ અને પ્રસિદ્ધ ચિત્રકારોના કોઇકિ જ ચિત્રમાં દેખાય છે.


મુંબાઇની ચિત્રશાળામાં આવ્યા પછીની રામની કારકીર્દિ એકદમ જ્વલંત બની. એક વાત નોંધવા જેવી છે કે પહેલાં તે એકલી કુદરતનો જ ચિત્રકાર હતો, પણ મુંબાઇ આવ્યા પછી તેણે માનવ ચિત્રોની શરૂઆત કરી. તે વખતે અમે બધા જોઇએ તેમ થોડા જ માસમાં તેણે મનુષ્ય શરીર ચીતરવાની અદ્ભુત સરળતા મેળવી લીધી. ચાર કે પાંચ ચોપડીઓ ભરીને તેણે સંખ્યાબંધ આકૃતિઓ સ્મૃતિથી ભરી દીધી. શાળાનાં ગ્રીક પુતળાંઓનો અભ્યાસ કેમ કરવો એ તેના જેટલું કોઇ જ સમજ્યું નહોતું. દિવસના એક પુતળું શાળાના અભ્યાસ તરીકે ચીતરાય અને રાત્રે દીવા આગળ તે પરથી ઉપજતી અનેક આકૃતિઓ તેની સ્મૃતિમાંથી સજીવ થતી તેની પેન્સિલ સર્જી કાઢે. એ ગ્રીક પુતળાં તેની સૃષ્ટિમાં તો હાલતાંચાલતાં બની જતાં; તે એટલે સુધી કે તેનાં એ સમયનાં ચિત્રોને ઘણા માણસો યૂરોપીય ચિત્રોની નકલો કહેતા! પરંતુ તેના મિત્રોને ખબર છે કે રામરાવે એક હાથમાં કોઇનું ચિત્ર રાખી બીજી બાજુ તેની નકલ કદિ કરી જ નથી.

શાળાની ભીંત પર શરીરના અભ્યાસ માટે જેટલા નમુના લટકાવ્યા હતા તે બધાનો તેણે સર્વાંગ પાકો અભ્યાસ કરી લીધો હતો અને તેની કલ્પિત આકૃતિઓમાં પણ તે અભ્યાસનું પરિણામ દેખાતું. રસ્તામાં ચાલતાં કોઇ સ્ત્રી પુરુષ કે બાળકને કોઇ નવીન બેઠક કે ઉભેલી સ્થિતિમાં જુએ કે તરત ખીસામાંની નાની નોટમાં તેની નોંધ કરી લે, અને રાત્રે અથવા જ્યારે વખત મળે ત્યારે, તે સ્કેચના આધારે એક સરસ આકૃતિ ઉપજાવે. રોજ રાત્રે ત્રણચાર પાનાં આ રીતે કર્યાં વિના તે સુવા જતો જ નહિ. આવી રીતે તૈયાર થએલી આકૃતિઓમાં તદ્દન કુદરતી છટા ઉતરતી અને તેના સંસ્કારી રેખાંકનમાં તે નવી શોભાવાળી જણાતી. મુળ તાત્કાલિક સ્કેચનું કામ તે થોડી મુદ્દાની લીટીઓથી પતાવી દે, પણ પછીથી થતા પાઠમાં તો તે દરેક અંગ કે વસ્તુ સ્પષ્ટ ઉઠાવવા પુરી મહેનત લેતો.

આવી રીતે તૈયાર થએલી સ્કેચબુકો તેનાં આખાં



મહીઆરીઓ : સ્વ. રામરાવનું કલકત્તામાં અતિશય પ્રશંસા પામેલું ચિત્ર



જેમાંથી 'મહીઆરીઓ'નું ચિત્ર નીપજાવાયું તે કાઠિયાવાડની
ભરવાડણોના કરેલા અનેક મુળ સ્કેચે.માંના થોડા.



મહીઆરી : સ્કેચ



પોતે પોતાનો દોરેલો સ્કેચ



'જગન્નાથનો રથ' નામનું એક મોટું ચિત્ર ભવિષ્યમાં તૈયાર કરવા માટે રામરાવે તેમાં મુકવાના એકેએક પાત્રનો જુદોજુદો ખાસ અભ્યાસ કરેલો.
તેમાંનું એક પાત્ર: 'ઢોલવાળો.'



એક કુમાર

સ્વ. રામરાવના ત્રણ પેન્સિલ સ્કેચ



આંધ્રદેશનું એક દશ્ય : રામરાવે કુમારાવસ્થામાં કરેલું ચિત્ર




નર્તકી : ભવિષ્યના કોઇ મોટા ચિત્રના એક પાત્ર માટે કરેલું પ્રારંભિક અભ્યાસચિત્ર

ચિત્રોની સામગ્રી પુરી પાડતી. પાછળથી થએલાં તેનાં ઘણાંખરાં મોટાં ચિત્રોનું પહેલું માળખું પણ આ ચિત્રપોથીમાં જ હોય. પોતાના ચિત્ર માટે જોઇતી બધી વસ્તુઓ મળી ન જાય ત્યાં સુધી ચિત્ર પુરૂં કરી નાખવા તે કદિ ઉતાવળ કરતો નહિ.

તેલના રંગથી ચિત્ર કરવાનું તેણે બહુ મોડું શરૂ કર્યું. તેના પહેલાંનાં તેનાં બધાં ચિત્રો આછા ભુખરા લીલા કાગળો પર કરેલાં છે. પહેલાં પેન્સિલથી સાફ રેખાંકન કરી ધીરેધીરે સફેદ રંગની મેળવણીથી પ્રકાશના રંગોને ઉઠાવ આપે; અને પછી જેમજેમ વખત જાય તેમતેમ ચિત્રમાં ઉંડાણ વધતું જાય, છાયા પ્રકાશથી આકૃતિઓ છુટી પડતી જાય અને કોઈ એક દિવસે ચિત્ર ફ્રેમ થાય ત્યારે આપણે સમજીએ કે ચિત્રકારે પીંછી અટકાવી.

એનું કયું ચિત્ર ક્યારે પુરૂં થશે તે કોઇ ન જાણે. છતાં એના પૉર્ટફોલિયોમાં જે જે ચિત્રો ચાલુ હોય તે જુઓ તો વારંવાર તેમાં નવીનતા આવતી જતી અને એ અધુરાં ચિત્રોમાં પણ એક જાતની કવિતા છુટતી જણાય. રામરાવનું અજન્તા ખીણનું એક ચિત્ર ઘણા મહીના અધુરૂં જ રહ્યું હતું. તેમાં અગ્રભાગમાં મુકવાને તેને એક વળ ખાધેલું વૃક્ષ જોઈતું હતું. કાઠિયાવાડના પ્રવાસ દરમિયાન એક વાર સાંજે ફરતાંફરતાં તેણે એક વૃક્ષ જોયું અને ચાલાક વેપારીની પેઠે પોતાનો માલ તેણે પરખ્યો. એ વૃક્ષનો, અજન્તાની ખીણમાં જાણે વર્ષોથી ઉગ્યું હોય એવો યોગ થઇ ગયો !

શાળામાં નકામો વખત ગુજારવાનું તેને ગમતું નહિ, એટલે થોડો વખત કામ કરી તે મુંબાઇની આસપાસનાં દશ્યો ચીતરવા નીકળી પડતો. તે વખતે એ એવા નવા દષ્ટિબિંદુથી ત્યાંના કેટલાક ભાગો ચીતરતો કે જેનો ખ્યાલ પણ અનેક વિદ્યાર્થીઓને નહોતો આવ્યો. 'અદ્વૈત મંથન' વાળું ચિત્ર બૅકબેના ઘસાતા કીનારા પરના જ ખડકો છે. કુદરતના જાળામાંથી તે પોતાને જોઇતી સુંદર આકૃતિ કે વસ્તુ ચતુરતાથી તારવી કાઢતો. મુંબાઇની ચિત્રશાળાના



રામરાવે કાઠિયાવાડની સફર વેળા કરેલા અનેક સ્કેચમાંના બે કલર–સ્કેચ

વિશેષ છાપ પડી.

તેની આ વિશિષ્ટ શક્તિઓની કદર શાળાના અધ્યાપકો બહુ થોડી જ કરી શક્યા, પણ પ્રિન્સિપાલ મિ. બર્ન્સને તેની પુરી કદર હતી. તેમણે તેને એક સર્ટિફિકેટ આપેલું તેમાં લખ્યું હતું કે 'રામરાવ પ્રથમ દરજ્જાનો ચિત્રકાર થશે ને આ શાળાને યશ અપાવશે.' હાલના પ્રિન્સિપાલ કૅપ્ટન સૉલોમને એક વાર તેને એકાંતમાં પ્રેમથી કહેલું, 'છોકરા, તારામાં અતિ દુર્લભ એવી ચિત્રવિધાનની શક્તિ છે; માટે તું છકી ન જતાં અભ્યાસ વધાર્યા કરજે.'

શાળાના વિદ્યાર્થીઓ તેને તરંગી અને આળસુ ગણતા કેમકે ચાલુ પ્રણાલિ બહારનું કંઇ પણ કામ તેમને મન દોષ રૂપ જ લાગતું. પણ રામરાવ શાળાની અંધ પરંપરા કદિ સ્વીકારે એમ હતો જ નહિ; અને તેટલા જ ખાતર શિક્ષકવર્ગનો આદર તેને મળ્યો નહિ. છતાં તે પોતાની આત્મશ્રદ્ધા અને ખરી અભિરુચિથી બધાંની ઉપર છાપ પાડી શક્યો. સ્મૃતિ અને અભ્યાસ બંનેનો તે પુરો ઉપયોગ કરતો; જ્યારે શાળાના શિક્ષણમાં સ્મૃતિ ઉપર બીલકુલ દુર્લક્ષ જ હતું. કલાકો સુધી એકાગ્ર ચિત્તે કામ કરવાની તેને સહજ ટેવ હતી. જે વસ્તુ હાથમાં લે તે સર્વાંગ સુંદર, સ્વચ્છ અને પ્રત્યક્ષ ન કરે ત્યાં સુધી છોડે જ નહિ. એક વાર માત્ર એક કેળનું ઝાડ ચીતરવામાં છ કલાક લીધેલા, પણ પછી જગતમાં તેનું ચિત્ર કાયમ ખાતે સુંદર જ રહેતું.

રામ અને મનુભાઇ વચ્ચેની મૈત્રી તો ગાઢ જામી હતી; તે એટલે સુધી કે રામ ઘણી વાર વૅકેશનમાં પોતાને વતન ન જતાં મનુભાઇની જોડે રજા કાઠિયાવાડમાં જ ગાળે. ગુજરાતમાં તેનો પોશાક ગુજરાતી જ રહેતો. સાધારણ રીતે મુંબાઇના વિદ્યાર્થીઓ જ્યારે ઉપરના વર્ગમાં જાય છે ત્યારે કોટ પાટલુન વગેરે પહેરવામાં સંસ્કાર માને છે. ચિત્રશાળામાં પણ એ

બગીચામાંથી એકબે વૃક્ષો તેણે એવાં આબેહુબ એક ચિત્રમાં ગોઠવ્યાં કે બધા ત્યાર પછી જ એ વૃક્ષોના વળાંકની સુંદરતા જોઇ શકયા. એ જ પ્રમાણે તેણે પાણીની ઓરડી આગળનાં એકબે ઝાડ ચીતરેલાં ત્યારે અમને એ ભાગ પહેલી જ વાર આકર્ષક લાગેલો. ઉડતાં પંખીઓ, એકાદ છોડ કે વેલ, કોઇ નજીવું લાગતું વાસણ, કટોરો કે એવી વસ્તુઓનો તેના ચિત્રમાં એવો સરસ ઉપયોગ થતો કે તેની યોજનાશક્તિથી આપણે આશ્ચર્ય પામીએ.

ગ્રીક મૂર્તિઓનો અભ્યાસ કર્યા પછી તેણે આર્ય કળાની મૂર્તિઓનો અભ્યાસ કરી લીધો. તેના પરિણામે તેની બધી આકૃતિઓમાં આર્ય કળાની સુકોમળતા અને ગ્રીક કળાની પ્રમાણબદ્ધતા આવ્યાં. તે ઘણીવાર કહેતો કે હું બંને કળાના સંદેશા ત્રાળી નવી કળાની ઝાંખી કરી રહ્યો છું.

સ્વચ્છ સ્પષ્ટ ચિત્રાંકન અને સ્મૃતિના બળથી તેણે પોતાની યોજનાશક્તિ બહુ જ વધારી હતી અને શરીરના પાકા અભ્યાસથી તેની આકૃતિઓ અજબ સરળતાથી વળતી, નૃત્ય કરતી કે ગતિમાન લાગતી. તેનું ચિત્રવિધાન શરૂઆતમાં પ્રખ્યાત ચિત્રકાર ફ્રેડરિક લેઇટનની ઢબે થતું; પણ પાછળથી તેનાં ચિત્રોની ગોઠવણીમાં મનોહર રેખાઓની એક અટપટી ગુંથણી આવી હતી. આથી જ ચિત્રમિમાંસકો ઉપર તેની





શ્રી મનુભાઇ બધેકા: રામરાવે કરેલું ચિત્ર
જમણી બાજુએ સામે: ભાવનગરના નામાંકિત
બીનકાર રહીમખાં: રામરાવે કરેલું ચિત્ર.

પવન છે. ઉગતા કલાકારો જ્યારે વાર્ષિક પર્યટનમાં નીકળે ત્યારે બને તેટલો સાહેબશાઇ ઠાઠ કરે. પરંતુ રામરાવે એમ કોટપાટલુન પહેર્યાં એવું કોઈ કહી શકશે નહિ. દિલ્હીના પર્યટન વખતે નવા દિલ્હીના મુખ્ય સ્થપિત મિ. લટયને ચિત્રશાળાના વિદ્યાર્થીઓને રાત્રે મીજબાની આપી હતી, તે વખતે એકલા રામરાવે જ પોતાનો દેશી પોશાક પહેર્યો હતો. છુટી પાટલીનું સાદું ધોતિયું, ઉપર પહેરણ અને કસબી પીછોડી, માથું ખુલ્લું, મોટા વાંકડિયા વાળ સુંદર રીતે ઓળેલા અને કપાળમાં કાળી ટીલડી. અમે એ પોશાકને વૈશ્ણવ આચાર્ય જેવો કહેતા. તે વખતે બારણા આગળ મિ. લટયન અને કૅપ્ટન સૉલોમન ઉભેલા. મિ. સૉલોમને અગ્રગણ્ય વિદ્યાર્થી તરીકે પ્રથમ તેની જ મુલાકાત કરાવી. સાહેબી નકલ કરતા હિંદીઓ જ જોવાની ટેવવાળા મિ. લટયન તેને જોતાં ચમક્યા, 'ઓહ, તમે દેશી પોશાકમાં છો કે?' રામરાવે તરત જવાબ આપ્યો, 'જરૂર; શું તેમાં સુંદરતા નથી લાગતી?' મિ. લટયન હસી પડયા, 'બેશક, તે સુંદર અને કલાયુક્ત છે.' રામરાવની પાકી સમજ હતી કે ચિત્રકારોને ઇજનેરો કે ઑફિસરો જેવા પોશાકની જરા યે જરૂર નથી. તેમનો ધંધો શાન્ત ને સુંદર વાતાવરણનો છે.

ગુજરાતી નાટકો જોવાં, ગુજરાતી ગાયનો શીખવાં એ તેનો નવો છંદ હતો. એ વખતે પણ તેનું સંગીત મિત્રોને બહુ સુકોમળ અને કલ્પનાની છાયાવાળું લાગતું. જેવું અંતર સુંદર હતું, તેવો જ એનો ચહેરો મીઠો અને શરમાળ લાગતો. માણસોને તેની તરફ સહજ આકર્ષણ થતું અને તેના માટે કંઇ પણ કરવાની ઇચ્છા પ્રગટતી. હાજીમહમ્મદની 'વીસમી સદી'માં તેણે એકબે ચિત્રો દોરી આપેલાં, પણ પછી તો તેને એ પોતાના આદર્શની વિરુદ્ધ લાગ્યું. ચોપાનિયાંની કળાને તે હલકી ને ભ્રષ્ટ માનતો; અને ખરેખર, એવું માનવાને પુરતાં કારણો હતાં.

મિ. બર્ન્સના ગયા બાદ કૅપ્ટન સૉલોમન મુંબાઇની શાળાના પ્રિન્સિપાલ થયા. તેમણે રામરાવને એકદમ પ્રથમ વિદ્યાર્થી તરીકે ઉચકી લીધો, અને સારી સ્કૉલરશિપ, પ્રથમ ચંદ્રક વગેરે આપી પોતાની નવી હીલચાલ અર્થે રામરાવને મુંબાઇમાં જ રોકી લેવા



ત્રણે મિત્રો
મનુભાઇ બધેકા — સ્વ. રામરાવ — રવિશંકર રાવળ



સામે જમણી બાજુએ: **રામરાવ**: અવસાન પહેલાં થોડા જ સમય પરનો ફોટોગ્રાફ

યત્ન કરેલો. પરંતુ જેણે આત્મપરીક્ષાથી પોતાની યોગ્યતા જાણી લીધેલી તે એમ છાયા નીચે રહી કામ કરે એ અશક્ય હતું.

એણે શાળા છોડી તે પહેલાં લગભગ છ માસ ભાવનગરમાં ગાળેલા, અને એ દરમ્યાન અમે ત્રણ જણે સાથે પચીસેક દિવસનો કાઠિયાવાડનો પ્રવાસ કરેલો ને કાઠિયાવાડનાં ઘણાંખરાં મુખ્ય ગામોમાં ઘુમેલા.

છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં તેણે ચિત્રો સાથે હાજરી આપી હતી. પરિષદ પછી ભાવનગર દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર આવેલા તે વેળા રામે માત્ર થોડી જ મિનિટમાં કરેલો તેમનો સ્કેચ તેનું સુંદર સ્મરણ બન્યો છે.

કાઠિયાવાડ તેને બહુ સુંદર ને પ્રેરક લાગેલું અને તેને તેણે હિંદનું ઍથેન્સ કહેલું. કાઠિયાવાડના પ્રવાસ ને વસવાટ દરમિયાન કેટલાયે સ્કેચ તથા સુંદર ચિત્રપ્રસંગો એણે ઝડપેલા. એમાંનું ‘ મહીઆરીઓ ’ નામનું ચિત્ર કલકત્તામાં ખુબ કદર પામ્યું. ‘ રૂપમ્ ’ નામના કલાના પ્રસિદ્ધ ત્રૈમાસિકના તંત્રીએ એના ચિત્રવિધાનનાં ખુબ વખાણ કરેલાં. ત્યાર પછી તો એણે ઉત્તરોત્તર વિકાસ જ કર્યો છે.

મુગલ ને રજપુત કળા જેવી ઝીણવટ ને સ્પષ્ટતા, છતાં યુરોપી શૈલી પ્રમાણે સંપૂર્ણ યથાદર્શન અને દૂરત્વ બતાવતી હવાઈ વિશાળતા; મહાકવિ જેવી મનોરમ કલ્પના છતાં વાસ્તવિકતાનો ભંગ નહિ; કુદરતની વિકૃતિ નહિ છતાં અતિશય સંસ્કારી અને સુઘડ શૈલીમાં આલેખન; ચિત્રના એકેએક ભાગમાં સમર્થ અને સબલ વસ્તુવિધાન છતાં સરળ અને સુગ્રાહ્ય કલ્પના;—આ બધું રામરાવનું જ. માનવીને વિરૂપ કર્યા સિવાય પણ દૈવી અને પ્રેરણાભર્યાં બનાવી શકે તે રામરાવ જ. વાસના કે લોલુપતારહિત છતાં લાલિત્ય ને અંગસૌષ્ઠવભરી સ્ત્રીઓ ચીતરવાની કળામાં તો રામરાવ પ્રાચીન મૂર્તિઓ અને ગુફાઓના શિલ્પને પણ વટાવી જાય.

સ્ત્રીમાં જ સૌંદર્ય હોય અને પુરુષશરીરમાં ન હોય એવું માનનારાઓએ, રામરાવે દોરેલા કુમારો, યુવાનો અને વૃદ્ધો જોવા, કે જેથી એ શરીરોમાં પણ સૌંદર્યનું વૈવિધ્ય કેવા પ્રકારે રહેલું છે તે સમજાય.

સૃષ્ટિસૌંદર્યના આલેખનની વાત કરીએ તો હિંદ આખામાં વિવિધ વૃક્ષોમાં વ્યક્તિત્વ બતાવનાર તરીકે



કપડાની કરચલીઓના અભ્યાસ માટે કરેલું ચિત્ર

તો રામરાવ જ પહેલો ચિત્રકાર. આપણે જેમ જુદાં માણસોને ઓળખી શકીએ છીએ તેમ રામરાવના દોરેલા વૃક્ષને દરેકને તમે જુદુંજુદું ઓળખી શકો; અને એમાં એના વ્યક્તિત્વની સાથે વ્યક્તિગત સૌંદર્ય પણ ફુટી નીકળે.

કોઇપણ પદાર્થ, દશ્ય કે માનવી રામરાવ ચીતરે ત્યારે તેમાં એક નવી ખુબી આવી જ જાય—જે બીજે ભાગ્યે જ દેખાય. તમને સમજાય નહિ કે આજ સુધી એ સૌંદર્ય તમે કેમ ન જોઇ શકયા. એ ચિત્રકાર માનવજાતિ માટે જાણે સૌંદર્યના ચશ્મારૂપ હતો. કલા માટે ખુબ માથાકુટ કરાવનાર ઉપર પણ રામરાવનાં ચિત્રો પહેલે જ સપાટે વિજય સ્થાપી દેતાં એવો આ લેખકનો પુરો અનુભવ છે.

તે ચિત્રકળાના અભ્યાસ માટે પરદેશ જવાનું ધિક્કારતો અને કહેતો કે 'આપણા દેશમાં શું ઓછા નમુના છે કે તમે નવું લાવવા માટે પરદેશ જાઓ છો ? હું તો અહીં રહીને જ એવાં ચિત્રો કરીશ કે જે યૂરોપિયનો અહીં જોવા આવે. રાફેલ અને માઇકલ ઍન્જેલો તેમના વતનમાં જ કેળવાયા હતા.' બીજી વિદ્યાઓ કરતાં કળા માટે આ પરમ સત્ય છે.



રામરાવે કરેલો રવિશંકર રાવળનો સ્કેચ

રામરાવને ધંધાદારી ચિત્રકાર થવાની મુદ્દલે ઇચ્છા નહોતી. અને તેનાં સાસુએ તેની આગળ લગ્નની વાત કરી ત્યારે તેણે સ્પષ્ટ કહ્યું કે હું કમાઈ શકું એમ લાગતું નથી અને કોઈનું ભરણપોષણ કરવા મહેનત નહિ કરૂં; હું તો કળા પાછળ જ જીવીશ. તેનાં સાસુએ હસીને જવાબ આપ્યો કે એ ચિંતાથી હું તમને મુક્ત કરૂં છું. મારે એક જ દીકરી છે અને તે નભી રહે તેટલું તો હું મુકતી જઇશ. રામને સુંદર પ્રેમળ પત્ની મળી, અને રામના જીવનમાં કળાની પ્રેરણા આપે એવી રીતે તેણે પણ કળાનો અભ્યાસ કરવા માંડયો. તેનાં પણ કેટલાંક ચિત્રો પ્રદર્શનમાં મુકાયાં છે.


લગ્ન પછી એકએક વર્ષે તેમને એક સુંદર પુત્ર જન્મ્યો. એ વખતના એક પત્રમાં તેણે લખ્યું કે 'હું સંપૂર્ણ ચિત્રકાર થાઉં કે ન થાઉં, પણ મારો પુત્ર જરૂર એક સંપૂર્ણ મહાન ચિત્રકાર થશે. મને એક શિષ્ય આપીને પ્રભુએ મહેરબાની બતાવી છે.' વળી એક પત્રમાં લખેલું કે 'કળાની અનેક ભાંજગડો અને ચર્ચાઓ આપણા દેશમાં ચાલે છે, તે બધાં-માંથી મેં માર્ગ શોધી કાઢયો છે, મારી આસપાસ થોડા વિદ્યાર્થીઓ ભેગા થયા છે તેમના સહકારથી મેં

એક શૈલી પ્રચારમાં આણી છે અને તેમનાં કેટલાક ચિત્રો તૈયાર થયા પછી હું આખા હિંદુસ્તાનમાં ફરીને બધે ઠેકાણે તે બનાવીશ.'

આમ એના સુખનો પ્યાલો પુરો ભરાએલો હતો તે વખતે બે વર્ષનો તેનો પુત્ર ગુજરી ગયો. તેનો આઘાત તેને બહુ લાગ્યો; પણ ધીમેધીમે કળાની લગનીમાં એ દુઃખ તેણે વિસારે પાડ્યું.

એની તબિયત હમેશાં બહુ સારી રહેતી. વિદ્યાર્થી અવસ્થામાંથી આઠ વાગે તે સુઇ જતો તે આખી રાત બાળકની માફક ઘસઘસાટ ઉંઘતો. સવારે ઉઠીને પેન્સિલ હાથમાં લે કે એકાદ રાગણી વગાડે. અભ્યાસ વખતે કોઇ પણ બીમારી તેને નડી નથી. મુંબાઈમાં બેત્રણ દિવસની રજા પડે કે લાનોલી અગર ખંડાલા જાય. સાથે કુટનો એક કંડિયો રાખે અને ત્રણચાર દિવસ પહાડ પર ખુબ રખડે, ચીતરે અને ફળ ઉપર જ નીભાવી લે. આંધ્રમાં જઇને ત્યાં પોતાની ચિત્રશાળા ખોલ્યા પછી પણ તેણે રોજ નિયમિત કસરત કરવા માંડી હતી, અને કહેતો કે હું એંશી વર્ષ તો જીવવા ધારૂં છું.

પણ એ વિચાર ઇશ્વરી દફ્તરે મંજુર ન થયો. ૧૯૨૫ના ફેબ્રુઆરીની શરૂઆતમાં તે પોતાની શાળાના વિદ્યાર્થીઓ જોડે નજીકના એક ગામે કળાપર્યટને ગએલો. ત્યાં શીતળાનો વા ચાલતો હતો, અને દુર્ભાગ્યે રામ જ તેનો ભોગ થયો. શીતળાના ત્રણ દિવસના તાવે એ ભવ્ય જીવન રોળી નાખ્યું અને જગતે એક અણમોલ માનવરત્ન ખોયું. **રવિશંકર રાવળ**



[આ લેખમાંનાં રામરાવનાં ત્રિરંગી, દ્વિરંગી તથા બીજાં એનાં અભ્યાસચિત્રો અમને **શ્રી** મનુભાઇ બધેકા તરફથી, તથા એના કુટુંબના ફોટોગ્રાફ, 'કુવાકાંઠે' અને 'કુંજવનોમાં' એ બંને ચિત્રો તથા તેને લગતા કાઠિયાવાડના સ્કેચ વગેરે રામરાવના મોટા ભાઈ **શ્રી** ડી. વ્યંકટરાવ તરફથી છાપવા માટે મળ્યાં છે. તે માટે એ બંને સજ્જનોના અમે ઋણી છીએ.]

પાંચ પ્રસંગો [૩]

૧૯૨૩ ના ઑક્ટોબરમાં અમારી છાવણી ખડકી પાસે આવેલી મનોહર ટેકરીઓની હારમાળામાં હતી. આછી કાળી લીલી ટેકરીઓની વચ્ચે બગલાની પાંખ જેવા અમારા તંબુઓ કોઇ રળિયામણી સંધ્યાએ પથરાતા ધુમ્મસમાં આથે ઉછળતા જલનિધિમાં સમાતા બરફના ખડક જેવા લાગે. એ સ્નેહનું ધામ ન હતું; પણ વિશ્રામનું સ્થાન હતું.

લશ્કરી છાવણીમાં તો સર્વ કંઇ યંત્રવત્ ચાલવું જોઇએ. ટકોરે ઉઠવાનું, ટકોરે ખાવાનું, ટકોરે સુવાનું; બોલાવ્યે જવાનું, હુકમે ચાલવાનું, પરવાને રહેવાનું. છતાં બધું સરસ લાગતું, કેમકે જીંદગી બેફીકર હતી.

જીવનમાં યે ઋતુ જેવા ફેરફાર ન હોય તો તે નીરસ બને. જીંદગીનો મોહ આશાનિરાશાનાં ઝોલાંમાં હોય. લશ્કરમાં યે એકધારી વહેતી શાંત સરિતા જેવી જીંદગી પુરી કરવાની હોય તો એકાદ યુદ્ધમાં કપાતાં પહેલાં નાસી છુટવાનું મન ઘણાંને થાય. મને તેમ ન હતું. કંટાળો ઉપજાવે એવા જીવનમાં રહેવું મને તો ન જ પરવડે. નાદ વિના વહેતા ઝરણમાં નાદ ન થાય તો તેને માટે કાં તો પથરા ફેંકવા, કે કાં તો જળધોધ સમ ભુસકા મારવા મને તો ગમે. પુરાઈ રહેલા ગંધાતા તળાવ જેવા નીરમાં રહેવું તે કરતાં ઉછળતા જળધોધવારિમાં રમવું એ જીવનનો ઉપભોગ છે.

અનાયાસે કે દૈવ સંજોગે, હજી યે એવા પ્રસંગોની ખોટ નથી પડી. વૈધરત કે વ્યતિપાતમાં જન્મવાનું એ ફળ હોય તો યે તે ચાખવા જેવું તો છે જ! આથી જ લશ્કરી છાવણીમાં જતાં મારૂં હૈયું ઉછળે છે. કંઇ ને કંઇ અક્કડ રાખે એવા પ્રસંગોની હું હમેશ વાટ જોતો જ રહ્યો છું. પણ આ વર્ષે તો વાટ જોયા વિના પહેલે નમસ્કારે જ પડવાનું હશે એ તો મારા સ્વપ્નમાં યે ન હતું.

પહેલે જ દિવસે, છાવણીમાં હજ્યા ન હજ્યા—ગોઠવાયા ન ગોઠવાયા, તે પહેલાં તો મારે મારા કામે લાગી જવાનું હતું; કેમકે પહેલા જ દિવસના હુકમમાં પહેલા જ દિવસને માટે મારૂં નામ છાવણીમાં વ્યવસ્થા રાખવા માટે મુકાયું હતું. મુંબાઇથી પહેરેલો ખાખી લેબાસ બદલવાનો પણ અવકાશ નહિ.

અડતાલીસ કલાક પાંચ શેર વજનના જોડા પહેરી ફરવું—તે ઉપર વીંટાળેલા પટ્ટામાં જકડાએલા પગે ગાડીના થાકને ય ઉતાર્યા વગર ચાલવું જરા અગવડવાળું તો હતું જ, પણ મુશ્કેલ ન લાગતું. કોઇને ધમકાવવામાં તો કોઇને દમભેર હુકમો આપવામાં દિવસ તો પસાર થયો. કેટલા યે યુવકોની નાનીનાની રમુજી ફરિયાદો સાંભળી, બન્યું ત્યાં મદદ કરી, ન બન્યું ત્યાં આશ્વાસન આપી સંધ્યાકાળે તંબુમાં આવ્યો ત્યાં તો વગર સુતે ઉંઘ આવવા માંડી હતી. પણ અગિયાર વાગ્યા વિના મારા નશીબમાં પગ લંબાવવાનું ન હતું.

સાડા નવ વાગે એટલે બધા સીપાઇઓને ઘાસની પથારી ઉપર, સુવું ન સુવું હોય તો યે સુવાડી, છાવણીનો એકેએક દીવો હોલવી નંખાવવાનો.

રાત્રિ ઘોર અંધારી હતી, પણ એ અંધારામાં આકાશના હજારો હીરા જેવા તારાઓ તરફ નજર કરતાં ઘડીભર પૃથ્વી પર છીએ એવું ભાન ભુલાતું. શાંતિના વખતમાં અમારા આ 'સૈનિકનગર'માં ઉપરથી ચાલ્યા જતા કોઇ એરોપ્લેનમાથી બૉમ્બ પડવાનો કે ઓચિંતા શત્રુઓનાં ચળકતાં બૅયોનેટો કે વીજળીના સપાટા જેવી પસાર થતી ગોળીઓને ભેટવાનો તો ભય ન જ હતો; ઉલટું, વધારેપડતી નિર્ભયતા હતી. કેમકે અમારી મુલાકાત દિવસે પણ કોઇ લેવા હીંમત ન કરે ત્યાં રાતના તો પૃથ્વી રસાતાળ જાય તોપણ બનવું અશકય એમ અમે માનતા.

છાવણીમાં વધારેમાં વધારે સંભાળ શસ્ત્રની રાખવાની. શસ્ત્રભંડાર (આર્મરી)ની ચોપાસ રાતના પહેરાગીર ઉઘાડે બૅયોનેટે સારી રાત પહેરો ભરે. એટલે છાવણીમાં નિર્ભયમાં નિર્ભય જગ્યા તો એ જ. લડાઇના વખતમાં તો ઠેકઠેકાણે ચોકીઓ કે પહેરા હોય. કડકમાં કડક હુકમોને આધીન તે રહેવાના. શાંતિના વખતમાં છાવણી સાચવવા માટે થોડા જ પહેરાગીર હોય. છતાં આ વર્ષે તો તેમ પણ ન હતું.

કોઇક કવિતામય પળે, મેં છાવણીને મોખરે જ આવેલો જંગલ તરફનો તંબુ રહેવા માટે પસંદ કર્યો હતો, અને જોડે રાખવો જોઇતો સહગામી સૈનિક પણ એકલા રહેવાની અભિલાષાએ જતો કર્યો હતો. તેમાં એક ખાટલાને સુવા પુરતો રાખી બીજાનો ઉપયોગ ટેબલ, ત્રીપાઇ, અભરાઇ એમ બને તેટલાં ફર્નિચરના બદલામાં કરાતો. દિવસ પહેલો જ હોવાથી અને કામના દબાણમાં, મુંબાઇથી આણેલો બધો ય સામાન એમ ને એમ રહ્યો હતો.

ચારે તરફ બધું શાંત હતું. અંધારી રાત્રે છુપાઇ બોલતાં તમરાંનો અવાજ ફક્ત સંભળાતો. ઠંડી પણ અજબ હતી. ભુતની બીકે માદળિયું કે તાવીજ પહેરવાનું કે એકાદ કવચ બોલવાનું કાચાપોચાને મન થાય. ગાર્ડરૂમમાં સંત્રીઓને કૉફી અપાવી વાતો કરતાં અગિયાર સહજ વાગી ગયા. પાસે ઉભેલા સંત્રીએ 'ઓલવેલ'ની બાંગ મારતાં આપણે તંબુ તરફ કુચ કરી. તંબુમાં અંધારૂં હતું. વાટ કચરાવાળું ઘાસલેટ પીતી હોવાથી ફાનસ બીચારૂં ધુમાઇ જાતે જ હોલવાઈ ગયું હતું. જેમતેમ અંધારે ખાખી લેબાસ અને પટ્ટાપટ્ટી ઉતાર્યાં. સવારના પાંચ વાગ્યે તો પાછા વહેલા ઉઠી, બટન સાફ કરી, જોડા પૉલિશ કરી, ચહેરો મુંડી પરેડની તૈયારી કરવાની; એટલે આપણે તો વધારે લુગડાં પહેરવાની તસ્દી લીધા વગર જ, રૂમાલ પહેરી ઓવરકોટ લપેટી ખાટલા ઉપર પાથરેલા કામળા ઉપર જ લંબાવ્યું. તંબુના નેફા તો દોરી બાંધી સજ્જડ કર્યા હતા.

કયારે ઉંઘ્યો ને રાત કેમ ગઇ તે સમજાયું નહિ. પણ ચિંતામાં ને ચિંતામાં ઉઠવાનું બ્યૂગલ થતાં જ ખાટલામાંથી કુદી પડયો. તંબુના નેફા ઉઘાડી, પહેલું ધ્યાન દાઢી સાફ કરવા અસ્ત્રો શોધવા તરફ ગયું. આતુર નજર ખાલી ખાટલા ઉપર મુકેલી ટ્રંક તરફ ગઇ. પણ ન મળે ટ્રંક કે ન મળે લશ્કરી સરંજામ ! જરાક થંભ્યો. બૅયોનેટ તો સોડમાંથી સંભાળ્યું.

બીજાની ફરિયાદ મારે સાંભળવાની હોય ત્યાં મારે કોની આગળ ફરિયાદ કરવી ? પહેરેલો એકલો રૂમાલ અને ઉપર લપેટેલો ઓવરકોટ જ અત્યારે તો મારા શરીર ઉપરાંત મારી માલકીનાં હતાં ! વખતસર પરેડ ઉપર ન જવાય તોપણ કમબખ્તી. ચિંતા અને ગભરાટનો હુમલો સાથે જ થયો !

જરા અજવાળું થતાં જ એક વિચારે રેજિમેન્ટના સાર્જન્ટ મેજર એક અંગ્રેજ પાસે દોડયો. ઉતાવળમાં જરા તોડછાઇથી બુમ મારતાં તે પણ સફાળો ઉઠયો. નિયમ પ્રમાણે 'આર્મરી'ની કુંચી જોઇતી હશે એમ

માની તે ઝુમખું લઇ બહાર આવ્યો. 'ગુડમૉર્નિંગ' કહેવાનું મુલતવી રાખી મેં મારા તંબુમાં થએલી સાફસુફી વર્ણવી! ઉતાવળે ઝાપટેલા અંગ્રેજીથી તે પણ સમજ્યો કે વાત ગંભીર છે.

બચ્ચો હતો તો અંગ્રેજ, પણ હિંદુસ્તાનના ચોરોથી મારા કરતાં વધારે વાકેફ હતો. પહેલાં મારા તંબુમાં આવી નજર ફેરવી મને સાથે આવવા કહ્યું. આપણે પણ એની સાથે ચલાવ્યું. રસ્તામાં આશ્વાસન આપતાં તેણે સમજાવ્યું કે હિંદુસ્તાનના ચોરો ટ્રંક વગેરે તોડી, કામનું કાઢી લઈ પાસે જ નાળાં વગેરેમાં બીજું બધું ફેંકી દે છે. માટે આપણે નાળાં તરફ જઇએ. અને ખરેખર, પોણોએક માઈલ ફરતાં એક વિશાળ નાળામાં મારા સામાનની દુર્દશા અમે જોઇ. કેટલી યે મહેનતે સાચવીને આણેલો સામાન ઝાકળથી ભીંજાએલી જમીન ઉપર વેરાએલો પડેલો! ટ્રંક ઉંધી હતી. ખાનગી કપડાં, સાબુ, કાગળ વગેરે સામાન અને ઉપર ત્રીસેક રૂપિયાની દક્ષિણા લઇ તે રાતનો અજાણ્યો મહેમાન પસાર થએલો! સરકારી સર્વ વસ્તુઓ સલામત રાખેલી, એટલો ડાહ્યો!

મળ્યું તેટલું લઈ સંભાળી અમારો સંઘ પાછો ફર્યો. પાછા આવીએ ત્યાં છાવણીના અંગ્રેજ સોલ્જરો અને બીજા કેટલા યે એવી જ ફરિયાદ માટે તૈયાર હતા! ખબર પડી કે રાતના છાવણીમાં ચોરોની ટોળીએ જ હલ્લો કર્યો હતો.

પરેડને પોણોએક કલાકની વાર હતી. એટલામાં ઉતાવળે કપડાં પહેરી, કોઇને અસ્ત્રો દાઢી બોડી, પેટમાં જરાતરા ચા હાલવી મેં પરેડ માટે સીસોટી મારી.

ચડીચુપ, કંઇ જ ન બન્યું હોય તેમ, પરેડ ઉપર ચલાવ્યું અને સાંજના લશ્કરી ફૉર્મ ઉપર ફરિયાદ નોંધી આપી. એ ફરિયાદથી હજુ યે કાંઇ ચોર તો પકડાયા નથી. ગયું તે તો ગયું જ. તે જ દિવસે મારા એક ઓળખીતાને આ વાતની ખબર પડતાં તેણે કેટલાં યે કટાણાં, કચવાયલાં મોઢાં કરેલાં. શીખામણોનું આખું નીતિશાસ્ત્ર ઉઘાડેલું;—કેમ જાણે મેં જાતે જ ચોરને 'લે ભાઇ, તું લઇ જા' કરી આપી દીધું ન હોય! કાગળથી મારા એક બીજા જાણીતાને ખબર પડતાં તેણે ડાયરીમાં ટપકાવેલું કે 'શેરને માથે સવાશેર!' તે ભાઇ કદાચ મને 'ચોરપુરૂ' ધારતા હશે, તેથી એમ લખ્યું હશે!

પ્રસંગ ભારે હતો. સંકટમાં પણ ધીરજથી જે કરતા હોઇએ તે કર્યાં જવાનું મને આ પ્રસંગે આવડ્યું. બાકી તો ગુજરાતના એકાદ ઘરમાં આવી ચોરી થતાં, વખતે ઘરનાં બૈરાં રડતાં હોય કે શેરીમાં અને ચોટે વાતો કરતાં ટોળાં ભેગાં મળ્યાં હોય. લાગતી લ્હાય પણ હસતે મોંએ જોવા હીંમતની જરૂર છે.

પહેલે જ દિવસે ફરજિયાત લેવી પડેલી ફકીરીથી પછીના દિવસોની અગવડ ભારે હતી. છતાં યે દિવસ જતાં પવનથી ઘસડાઇ જતાં વાદળાં માફક બેફિકર જીંદગીથી ચોરીનો ખટકો ગયો.

હજુ આજે પણ એ ભાંગેલો આયનો, તુટેલું બ્રશ અને ફાટેલું પાકીટ, કોઇ મહાન જીતનાં ચિહ્ન જેવાં મેં રાખેલાં છે તે જોતાં જીવનમાં ઉલ્લાસ આવે છે; બીજાં સંકટોમાં હીંમતની પ્રેરણા મળે છે. **'સૈનિક'**

એક સુધારો


ગયા અંકમાં આપેલ અ૦ જદુનાથ સરકારના જીવન-ચિત્રમાં જણાવ્યું છે કે 'કલકત્તાના કારાગૃહ જેવો કોઈ પ્રસંગ બન્યો નથી એમ પુરવાર કરનાર પ્રો. સરકાર છે.' પરંતુ આ બાબત સમજફેરથી ખોટી છપાઇ છે. તે તરફ શ્રી મહાશંકર ઇન્દ્રજી દવેએ અમારૂં લક્ષ ખેંચી નીચેની હકીકત અમને મોકલી છે. તે માટે એ ભાઇનો આભાર માની અમે એમણે મોકલેલો સુધારો આ નીચે છાપીએ છીએ:

'ખરી વાત એમ છે કે કલકત્તા કારાગૃહ બનાવને એક જબરી છેતરપીંડી તરીકે ઓળખાવનાર સૌ પહેલા મિ. જે. એચ. લિટ્લ નામના સાહેબ હતા. તેમણે કલકત્તા હિસ્ટૉરિકલ સોસાઇટી સમક્ષ આ વાત સૌ પહેલી રજુ કરી. તે પછી બંગાળાના પ્રસિદ્ધ ઇતિહાસકાર બાબુ અક્ષયકુમાર મૈત્રેયે ઉપર્યુક્ત સોસાઇટીના જર્નલમાં એ બનાવ કેવળ હૉલ્વેલના મગજમાંથી પ્રકટ થયો છે એવું સાબીત કર્યું હતું, અને તે સંબંધેની સબળ દલીલો તેમણે પોતાના 'સિરાજુદ્દૌલા' નામના પ્રસિદ્ધ બંગાળી પુસ્તકમાં વિસ્તારથી રજુ કરી છે. અત્યારે બંગાળામાં કલકત્તાના કારાગૃહને મિથ્યા પુરવાર કરનાર પક્ષની આગેવાની હજુ એ ઇતિહાસકાર લઈ રહ્યા છે અને તેમનો જ મત ધીમેધીમે ઇતિહાસકારો સ્વીકારતા જાય છે.' **મહાશંકર ઇન્દ્રજી દવે**

રેશમનો કીડો ૫૦ થી ૭૩ દિવસ સુધી જીવે છે.
સિંહ કરતાં વાઘ વધારે તાકાતવાળો હોય છે.
વિલાયતમાં વળી શકે એવો એક પથ્થર મળ્યો છે.

ઈંગ્લંડ
ઑસ્ટ્રેલિયા
વચ્ચેનો
છેલ્લો
ક્રિકેટ-જંગ





ઈંગ્લંડ—ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાતાં ક્રિકેટના ભૂતકાળમાં તો આપણે ડોકિયું કરી લીધું; હવે વર્તમાન જોવા રહ્યો. આ સાલ (૧૯૨૯માં) ઑસ્ટ્રેલિયાએ એક ટીમ ઈંગ્લંડ મોકલેલી અને એ જંગમાં ઈંગ્લંડ જીત્યું છે. લડાઈ શરૂ થયા પછી ઈંગ્લંડની આ પહેલી જ જીત છે. એ છેલ્લા જંગમાં રમનારા બંને ટીમના ખેલાડીઓની થોડીથોડી ઓળખાણ કરી લઇશું એટલે એ ક્રિકેટનો વર્તમાનકાળ સમજી શકાશે.

ઉપરના ચિત્રમાં, છેલ્લા જંગ વખતે રમેલા એ બંને ટીમનાં બધા ખેલાડીઓ એમની પોતપોતાની વિશિષ્ટતા રૂપે બતાવ્યા છે. એમાં જમણી તરફ ઑસ્ટ્રેલિયાના અને ડાબી બાજુએ ઈંગ્લંડના રમનારાઓ છે. પહેલી ઓળખ આપણે ઑસ્ટ્રેલિયાની કરીએ.

ઈંગ્લંડમાં બે જાતના ખેલાડીઓ હોય છે. 'ઍમૅચ્યોઅર્સ' એટલે પગાર કે મહેનતાણું લીધા વિના પોતાના શોખથી ક્રિકેટ રમનારાઓ, અને બીજા 'પ્રોફેશનલ્સ' એટલે ધંધાદારી—ક્રિકેટને જ જેમણે જીવનનો ધંધો બનાવ્યો છે એવા. પણ ઑસ્ટ્રેલિયામાં આવા ભેદ નથી. ત્યાં તો સામાન્ય વર્ગમાંથી પણ ઉત્તમ રમનારા નીકળી આવે છે. હમણાં ઈંગ્લંડ ગએલી એમની ટીમના જુદાજુદા ખેલાડીઓ પોતે કયો કયો ધંધો કરનારા છે તે તથા બીજી વિગતોનો નીચલો કોઠો જાણવા જેવો છે. એમાં શરૂઆતથી અનુક્રમે નામ, ઉમર, વતન અને પછી ધંધો જણાવેલાં છે. એ સોળમાં એક માત્ર ગ્રિમેટ પરણેલો છે; બીજા બધા અવિવાહિત છે.

નામ	ઉમ્મર	ગામ	ધંધો
ઍન્ડ્રૂઝ	૩૫	ન્યૂ સાઉથ વેલ્સ	'મૉન્યુમેન્ટસ' બાંધનાર કડિયો
બાર્ડ્સ્લી	૪૨	,,	સ્પૉર્ટના સામાનનો સ્પેશ્યાલિસ્ટ
કોલિન્સ	૩૭	,,	સ્ટ્રિપેન્ડિયરી સ્ટુવર્ડ
એલિસ	૩૪	વિક્ટોરિયા	લાકડાના કારખાનાનો માલીક
એવરેટ	૨૮	ન્યૂ સાઉથ વેલ્સ	કારકુન
ગ્રેગરી	૩૦	,,	ઇન્ડેન્ટ એજન્ટ
ઓલ્ડફીલ્ડ	૨૮	,,	સ્પૉર્ટનો સામાન વેચનાર
ટેલર	૩૦	,,	દાંતનો દાક્તર
વુડફુલ	૨૮	વિક્ટોરિયા	માસ્તર
ગ્રિમેટ	૩૩	સાઉથ ઑસ્ટ્રેલિયા	ઘર ગોઠવનાર
હેન્ડ્રી	૩૨	વિક્ટોરિયા	મેલબોર્ન ક્રિકેટ ક્લબનો માણસ
મેકાર્ટની	૩૯	ન્યૂ સાઉથ વેલ્સ	ઓલ્ડફીલ્ડ સાથે ભાગીદાર
મેઇલી	૩૮	,,	કાર્ટૂનિસ્ટ (કટાક્ષચિત્રો ચીતરનાર)
પૉન્સફર્ડ	૨૫	વિક્ટોરિયા	બૅંકનો કારકુન
રાઇડર	૩૬	,,	વેપારી
રિચાર્ડસન	૩૭	સાઉથ ઑસ્ટ્રેલિયા	વીમાદલાલ

'હૉર્સ શૂ' (નશીબદાર) કોલિન્સ

ઑસ્ટ્રેલિયનો માને છે કે આ વખતની ટીમ જેવી બૅટિંગમાં મજબુત હજી સુધી એક પણ ટીમ ઇંગ્લંડ ક્રિકેટયુદ્ધ ખેલવા ગઇ નથી. એનો કૅપ્ટન કોલિન્સ બહુ જ નશીબદાર મનાય છે. દરેક મૅચમાં 'ટૉસ' એ જીતવાનો જ. આથી તે 'હૉર્સ શૂ કોલિન્સ' કહેવાય છે. (હૉર્સ શૂ—એટલે ઘોડાની નાળ પશ્ચિમના દેશોમાં શુભ શુકન અને સારા નશીબની નીશાની ગણાય છે.) ટીમના દરેક જણની એના પર પુરેપુરી શ્રદ્ધા. 'ટેસ્ટ' ક્રિકેટમાં આ વસ્તુ અસાધારણ કહેવાય. પોતે કૅપ્ટન તરીકે પોતાની ટીમના બોલરોનો બહુ સારી રીતે ઉપયોગ કરી જાણે છે અને દરેક બોલરની જરૂરિયાત પ્રમાણે બહુ વિચારપૂર્વક અને દીર્ઘદષ્ટિથી ફીલ્ડિંગ ગોઠવે છે. પોતે જાતે પણ અચ્છો ફીલ્ડર છે. કોઇકોઇવાર બોલિંગ પણ કરી શકે છે. બહારથી જોનારને એ જરા શિથિલ લાગે, પરંતુ ખરી વાત એથી તદ્દન ઉલટી જ છે.

નાચતો મૅકાર્ટની (મૅકાર્ટની ઑફ ધ ડૅન્સિંગ ફીટ)

ઉમરે ૩૯ વર્ષનો હોવા છતાં આ ઉત્તમ ક્રિકેટર હજી પણ જેવો ને તેવો જ સરસ રમનાર છે. એને ઑસ્ટ્રેલિયનો ઇંગ્લંડના ઉસ્તાદ ક્રિકેટર હૉબ્સ કરતાં પણ સારો ગણે છે. એની રમતમાં એક જાતની જે ઝમક છે તે બીજા કોઇમાં જોવામાં આવતી નથી. જેમ પાણીદાર અરબ્બી ઘોડો એક જગ્યાએ સ્થિર ઉભો રહી શકતો નથી, તેવી જ રીતે આ પાણીદાર ખેલાડી દરેક બૉલ રમતી વખતે પોતાના પગમાં એટલી સરસ સ્ફૂર્તિ રાખે છે કે આપણને એ જાણે નાચતો હોય એમ લાગે છે.

બાર્ડ્સ્લી

એ ખેલાડી ટેસ્ટ મૅચોનો ગ્રાન્ડ વેટરન (ભીષ્મ પિતામહ) છે. ક્રિકેટનું યુદ્ધ ખેલવા એ આ સુદ્ધાં ચોથી વાર ઇંગ્લંડ આવ્યો. ઇંગ્લંડના 'સ્લો પિચ' ઉપર એ વધારે સારી રમત રમી શકે છે. આ વખતની ટીમનો એ વાઇસ કૅપ્ટન હતો. ૪૨ વરસની આજની વયે પણ બૉલને નીરખી લેવાની એની નજર એવી ને એવી જ છે. એ હમેશાં 'ઓપનિંગ બૅટસમૅન' તરીકે જાણીતો છે. એની ફીલ્ડિંગ પણ સારી છે અને બહુ જ આબાદ રીતે બૉલ પાછા 'રિટર્ન' કરી શકે છે.

ટેલર અને ઍન્ડ્રૂઝ

એ બંને મૅચ જીતાડી આપે એવા ઉસ્તાદ બૅટ્સ-મૅનો છે. ઇ. સ. ૧૯૨૧ કરતાં હમણાંની બંનેની રમતમાં ઘણો સુધારો થયો છે. તેમાંયે ટેલરની બૅટિંગ વધારે મજબુત થઇ છે. એની આંખ બાજના જેવી ઝડપવાળી છે; અને એક વખત જામી ગયા પછી ગમે તેવા બોલરને હંફાવીને શરમાવે તેવી રમત એ ખેલી બતાવે છે. 'આઉટ ફીલ્ડ'માં એને ઇંગ્લંડના હૅન્ડ્રનની જોડે જ સરખાવી શકાય.

ઍન્ડ્રૂઝ બહુ જ 'સ્ટાઇલિશ બૅટસમૅન' છે. અગાઉના કરતાં એની બૅટિંગ વેળાની પગ વાપરવાની સફાઇ વધી છે. ફીલ્ડિંગમાં પણ એ ઘણો સારો છે. એની ફીલ્ડિંગ હમેશાં 'કવર પોઇન્ટ'ની હોય.







ઉપર : ઑસ્ટ્રેલિયન ટીમ ઇંગ્લંડના કિનારે પગ મુકીને પહેલે જ દહાડે 'નેટ'માં (જાળીઓ બાંધીને) પ્રૅક્ટિસ કરે છે. બાજુએ તથા નીચે : ઑસ્ટ્રેલિયન ટીમના સોળે ય ખેલાડીઓ, એમની પોતપોતાની અવનવી 'ઍક્શન–પોઝ'માં. મથાળેથી શરૂ કરીને ડાબેથી જમણી તરફ ગણતાં: પૉન્સફર્ડ, રાઇડર, મેઈલી, ઍન્ડ્રુઝ, ગ્રેગરી, રિચાર્ડસન, ટેઈલર, ગ્રિમેટ, કોલિન્સ (કૅપ્ટન), વુડફુલ, હેન્ડ્રી, એલિસ, એલ્ડફીલ્ડ, બાર્ડ્સિલ, એવરેટ અને મૅકાર્ટની.

રાઈડર

'ચેન્જ બૉલર' તરીકે એ ઘણો ઉપયોગી છે; અને બૅટિંગમાં પણ સારો કહેવાય. ઈંગ્લંડની સામે ઑસ્ટ્રેલિયામાં એણે ગઈ વખતે ઘણા રન કરેલા.

ગ્રેગરી

એ ઑસ્ટ્રેલિયાના 'સ્પીડ મરચન્ટ' બોલર તરીકે પ્રખ્યાત છે. આ સાલ એ પહેલાના જેટલી ફાસ્ટ બોલિંગ નથી કરી શક્યો. 'સ્લિપ'ની ફીલ્ડિંગમાં એ અદ્વિતીય છે. એની બૅટિંગની શક્તિ અણીને વખતે મદદ આપનારી છે. યુદ્ધની વચમાં એ ઘુમે છે અને બને તો પોતાની આખી બાજુને પોતાના ખભા ઉપર ઉચકીને સહીસલામત જગ્યાએ લઇ જવાનો મહાભારત પ્રયત્ન કરવા એ ચુકતો નથી. અણીને વખતે એ પોતાની શાન્તિ અને નિશ્ચયથી પોતાના પક્ષની ઘણી જ સેવા કરે છે.

હેન્ડ્રી

'ચેન્જ બૉલર' અને 'સ્લિપ'ના ફીલ્ડર તરીકે એ ઘણો સારો છે. ઇ. સ. ૧૯૨૧ ના કરતાં એનામાં ઘણો જ સુધારો થયો છે. એ પણ અણીને વખતે કામ આપનારો. ખરાબ 'વિકેટ' પર પણ એ સારી રમત કરી જાણે છે.

મેઇલી અને ગ્રિમેટ

મેઇલી ગૂગલી બોલર તરીકે પ્રખ્યાત છે. બોલિંગ કરતાં-કરતાં એ પોતાનું મગજ વાપરે છે. હમેશાં કાંઇ ને કાંઇ નવી યુક્તિઓથી એ પોતાની ગૂગલી બોલિંગ ફેંકયે જ જાય છે, અને ઘણા બૅટ્સમૅનોને થાપ આપે છે. બૅટિંગ પણ એ સારી કરી જાણે છે.

ગ્રિમેટ પણ મેઇલીની માફક ગૂગલી બોલર છે. કદમાં ઠીંગણો એ બોલર ઘણો નીચો નમીને બોલિંગ કરે છે. એને બોલિંગ કરતાં જુએ તેને તરત જ લાગે કે આ બોલર કુનેહબાજ છે.

રિચાર્ડસન, એવરેટ, પૉન્સફર્ડ અને વુડફુલ

રિચાર્ડસન ઈ. સ. ૧૯૧૯થી ખ્યાતિમાં આવ્યો. મૅકલેરનની ઑસ્ટ્રેલિયા ગએલી ટીમ સામે એણે ખુબ રન કરેલા. કદમાં મોટા અને ભારે લાગતા એ

ખેલાડીની બૅટિંગમાં, જોનારને જોમ અને બળ ખુબ જણાઇ આવે. ગિલિગનની ટીમ સામે પોતાની પહેલી ટેસ્ટ મૅચમાં પણ એણે ઘણા રન કરેલા. બોલર તરીકે પણ એ ઘણો સારો છે અને ફીલ્ડિંગ પણ અચ્છી કરે છે.

એવરેટ ૨૪ વર્ષનો ઉગતો નવયુવાન છે અને ફાસ્ટ બોલર તરીકે જાણીતો છે.

પૉન્સફર્ડ પણ ૨૫ વર્ષનો જ છે; છતાં એની બૅટિંગ કમાલ છે. બૅટિંગની ઘણી રેકર્ડો એણે તોડી છે. ઑસ્ટ્રેલિયામાં પહેલી જ ટેસ્ટ મૅચમાં એણે ૧૧૦ રન કરેલા. ક્રિકેટ ઉપરાંત એ બીજી રમતો પણ રમી જાણે છે. એ દારૂ કે બીડી કશું પીતો નથી.

વુડફુલ ઘણો લોકપ્રિય રમનારો છે. એ ગ્રૅજ્યુએટ થએલો છે, ધંધે માસ્તર છે અને [illegible] પૉન્સફર્ડની પેઠે એ પણ બીડી કે દારૂ પીતો નથી. બે વર્ષમાં એણે પોતાની બૅટિંગ ઘણી જ સારી કરી છે. પહેલાં એની રમત ખરબચડી લાગતી; પણ હવે એ ઘણી જ 'ડિફેન્સિવ' રમત રમે છે. રન પણ ઘણા કરી શકે છે.

ઓલ્ડફીલ્ડ અને એલીસ

એ બંને 'વિકેટકીપરો' છે. એમાં ઓલ્ડફીલ્ડ વિકેટકીપર તરીકે ઘણું ઉંચું સ્થાન ભોગવે છે. એ જ્યારે વિકેટકીપિંગ કરતો હોય ત્યારે બૅટ્સમૅનને ચટપટી રહ્યાં જ કરે છે. એની બૅટિંગ પણ સારી.

હવે આવ્યા ઈંગ્લંડના ખેલાડીઓ.

નામ	ઉમર	પરગણું	પ્રકાર
કાર	૩૨	નૉટિંગહામ	ઍમૅચ્યોઅર
ચૅપમૅન	૨૫	કેન્ટ	,,
સ્ટિવન્સ	આશરે ૨૮-૩૦	મિડલસેક્સ	,,
હોડ્સ	૪૯	યૉર્કશાયર	પ્રોફેશનલ
હૉબ્સ	૪૪	સરે	,,
વૂલી	૩૭	કેન્ટ	,,
હૅન્ડ્રન	૩૫	મિડલસેક્સ	પ્રોફેશનલ
હીઅર્ન	૩૫	,,	,,
સટક્લિફ	૩૨	યૉર્કશાયર	,,
રૂટ	૩૫	વૉરસેસ્ટરશાયર	,,
ટેટ *	૩૧	સસેક્સ	,,
ગીઅરી *	આશરે ૩૫	લીસેસ્ટરશાયર	,,
મેકૉલે	આશરે ૩૦	યૉર્કશાયર	,,
કિલ્નર	આશરે ૩૫	,,	,,
લારવુડ	૨૧	નૉટિંગહામ	,,
ટિલ્ડસ્લી	આશરે ૩૩	લૅન્કેશાયર	,,
સ્ટ્રુડવિક	૪૮	સરે	,,
સૅન્ડહામ *	૩૬	સરે	,,
હેમ્સ	૩૯	યૉર્કશાયર	,,
બ્રાઉન *	આશરે ૩૫	હૅમ્પશાયર	,,

ઉપર જણાવેલા રમનારાઓમાંથી કેટલાક પાંચ પાંચ ટેસ્ટ મૅચો રમેલા, કેટલાક ત્રણ અને કેટલાક એક જ રમેલા છે. વળી એએક જણ તો સબ્સ્ટિટ્યૂટ તરીકે જ રહ્યા. * આ ચિહ્ન વાળા રમનારાઓ, હાલ જે એમ.સી.સી. ટીમ હિંદુસ્તાનમાં આવી છે તેનાં આવ્યા છે.

કાર, ચૅપમૅન, સ્ટિવન્સ

કાર તો ૧૭ વર્ષનો હતો ત્યારથી જ પોતાના કાઉન્ટી (પરગણા) નૉટિંગહામ તરફથી રમતો આવ્યો છે. ઇ. સ. ૧૯૧૯થી તો એ પોતાની કાઉન્ટીનો કૅપ્ટન પણ થયો છે. એ જુસ્સાવાળો રમનાર છે અને પોતાની રમતમાં જોમ ખુબ લાવે છે. ફીલ્ડર તરીકે બહુ જ સારો ગણાય છે. સ્લિપની ફીલ્ડિંગમાં એની ચપળતા જાણીતી છે. 'મિડ ઑફ'માં પણ એ સારૂં કામ કરી બતાવે છે. આ ઉપરાંત કૅપ્ટન તરીકે એણે સારો યશ મેળવ્યો છે.

ચૅપમૅન ૨૫ વર્ષનો છોકરો છે એમ કહીએ તો ચાલે. પણ શરીરે ઉંચો ને કદાવર છે. ગમે તે જગ્યાએ એ ફીલ્ડિંગમાં દીપી ઉઠે છે. બૅટિંગમાં એના ફટાકાથી અપૂર્વ રસ એ લાવી શકે છે. ભલભલા બોલરનાં પણ એ પાણી ઉતરાવે છે.

દીવાળી

: ઇન્દ્રવજ્રા :

"ઇલા ! દીવાળી ! દીવડા કરીશું !
તારા સર્યા વ્યોમ થકી અહીં શું ?
કેવા ફટાકા અહીંઆ ફુટે છે ?
આ કાનના તો પડદા ત્રુટે છે."

"સુણ્યા નથી તેં વીજના કડાકા ?
એ સ્વર્ગમાંના ફુટતા ફટાકા !
ત્યાં વાદળીવાદળીઓ અકાળી,
સૌ દેવબાલો ઉજવે દીવાળી."

"તું બ્હેન ! જ્યારે કદિ લે અબોલા,
ઝીલું ન તારાં વચનો અમોલાં,
મુંગા ફટાકા દિલ માંહીં ફુટે;
ને એ સમે તો ઉરતંતુ ત્રુટે."

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

સ્ટિવન્સ પણ ચેન્જ બોલર તરીકે અને બૅટસમૅન તરીકે સારો ગણાય છે.

હ્રોડઝ

૪૯ વર્ષના એ ખેલાડીએ ક્રિકેટના ઘણાં યે યુદ્ધો જોયાં છે, અને ઘણામાં પોતાની કુશળતાથી જીત અપાવી છે. બોલર તરીકે એ હજી પણ ઇંગ્લંડમાં પહેલું સ્થાન ભોગવે છે. ધારી રીતે એ બૅટ્સમૅનને કાબુમાં રાખે છે અને રમાડે છે. બૅટ્સમૅન તરીકે પણ એ ઘણો બાહોશ છે. જેમ અત્યારે હૅાબ્ઝ અને સટ્ક્લિફની જોડી ઓપનિંગ બૅટસમેન તરીકે પ્રખ્યાત છે તેવી જ રીતે હૅાબ્ઝ અને હ્રોડઝની જોડી પણ એક વખત અતુલ હતી. જયારે એ ટીમમાં રમનાર તરીકે હોય છે ત્યારે એની જોડે રમનારને હૂંફ રહે છે.

હૅાબ્ઝ

આખી દુનિયામાં સર્વશ્રેષ્ઠ જો કોઇપણ બૅટ્સમૅન હોય તો તે હૅાબ્ઝ. એણે ડબ્લ્યુ. જી.ની ૧૨૬ સેન્ચ્યુરીઓની રેકર્ડ તોડી છે. એક જ સીઝનમાં એણે ૧૬ સેન્ચ્યુરીઓ કરી છે. આટલી સેન્ચ્યુરીઓ કોઇપણ બૅટ્સમૅને કદિ એક સીઝનમાં કરી નથી. એ હમેશાં સૌથી પહેલો રમવા જાય છે, અને એક વખત જામી ગયા પછી એની બૅટિંગ જોયાથી આંખ ઠરે છે. બૅટ્સમૅન તરીકે એનો જોટો નથી. મૅકલૅરન હૅાબ્ઝને બૅટ્સમૅન તરીકે સંપૂર્ણ માને છે. અત્યારે એની ઝમક આગળ બધા ઝાંખા લાગે છે. ફીલ્ડિંગમાં પણ એ ઉસ્તાદ છે. એની દરેક હીલચાલ સફાઇ અને ચપળતાથી ભરપુર છે.

હૅન્ડ્રન અને હીઅર્ન

હૅન્ડ્રનને બધા 'પૅટ્સી' તરીકે ઓળખે છે. એ ૩૫ વર્ષનો છે અને લૅાર્ડ્ઝના ગ્રાઉન્ડ સ્ટાફમાં જ એ રહ્યો છે. ઇ. સ. ૧૯૦૯થી એ પ્રખ્યાતીમાં આવ્યો. બૅટસમૅન તરીકે એ બધી જાતના 'સ્ટ્રોક્સ' (ફટકા) મારવામાં પ્રવીણ છે અને ફીલ્ડર તરીકે 'લૅાન્ગ'માં એની જોડી નથી. કદમાં ઠીંગણો હોઇ જ્યારે એ બૅાલ રોકવા દોડે છે ત્યારે પોતાની ઝડપથી બધાને દિગ્મૂઢ કરી નાખે છે. અને બૅાલને 'રિટર્ન' કરવામાં–પાછો ફેંકવામાં તો એ એવો ચપળ છે કે આપણે વાહવાહ કર્યા વગર રહીએ જ નહિ.

હીઅર્ન કુટુંબ ક્રિકેટરોના કુટુંબ તરીકે સુવિખ્યાત છે. આ હીઅર્ન પોતે સર્વદેશી ક્રિકેટર છે. એ ગૂગલી બોલિંગ કરી શકે છે ને ગમે તેવા બોલરને હંફાવી શકે એવી બૅટિંગ કરી જાણે છે.

કિલ્નર, રૂટ, ટેટ, મૅકૉલે, લારવુડ અને ગીઅરી

કિલ્નર 'ઑલરાઉન્ડર' છે અને બોલિંગ ને બૅટિંગ બંનેમાં સારો છે.

રૂટે બોલર તરીકે નામ મેળવ્યું છે. 'લેગ' બાજુ 'સ્લિપ'માં જેમ ફીલ્ડિંગ રાખીએ છીએ તેવી રીતે ફીલ્ડિંગ રાખી 'લેગ'માં જાળ ગોઠવીને એમાં બૅટ્સમૅનને ફસાવવામાં એ કુશળ ગણાય છે.

ટેટ મીડિયમ ફાસ્ટ બોલર તરીકે જાણીતો છે.

ચન્દ્રિકાનો રાસ

સંધ્યા સીમડીએથી સુતેલી રજની,
 કાળાં અંબર ધરી આવી હો બ્હેન!
નક્ષત્રનાં વૃન્દને ઝીલવતી વન્દનો,
 ડોલંતી ચન્દ્રિકા દેખાણી હો બ્હેન!
પિયૂષની અંજલિઓ પાઈ જગતને,
 રજનીની વાડી અજવાળી હો બ્હેન!
ગરબો ચગાવતી શી રૂપલીઆ ચોકમાં,
 લેતી તારલીઓથી તાળી હો બ્હેન!
નયણાંનાં તેજ એનાં રમે કુંજછાંયમાં,
 ફુલડાં પાંદડીએ એ હીંચતી હો બ્હેન!
દિશદિશનાં દ્વાર ગોખ દુધેથી ધોળતી,
 ઊર્મિઓની શીત ધાર સીંચતી હો બ્હેન!
ગગન ઝરૂખે જરી વારવાર બેસી,
 વાદળીની વેલને નીહાળતી હો બ્હેન!
જીવન સંકેલી ધીમા સંયમને સ્હોડીએ,
 ઉરને સોપાન સ્વર્ગ સાંચરે હો બ્હેન!
પવનપાવડીએ એ જુએ ત્રિલોકને
 યુગના અબોલ સાદ સાંભળે હો બ્હેન!
ચંદ્રી! વરસાવ તારૂં અંતર અમૃતસર,
 આત્માના દીપ મહીં રોપજે હો બ્હેન!

'ઈન્દુ'

ઇંગ્લંડથી ગઈ વખત જે ટીમ ઑસ્ટ્રેલિયા ગએલી તેમાં એ ગએલો અને ત્યાં બોલર તરીકે એણે પ્રથમ સ્થાન મેળવી ઘણો યશ પ્રાપ્ત કરેલો.

મેકૅાલે પણ ટેટની માફક જ બોલિંગ કરે છે, પણ એ જરાક લેવાઇ જાય છે. કોઇ વખત બોલિંગ કરતાં ચીડાઇ પણ જાય છે. આથી તે જોઇએ તેવો ફતેહમંદ થતો નથી. બૅટિંગમાં તો ટેટ અને મેકૅાલે બંને સારા છે. લારવુડ ૨૧ વર્ષનો આશાસ્પદ જુવાન છોકરો છે અને ઘણી જ ફાસ્ટ બોલિંગ કરે છે. વખત જતાં એ હજી વધારે સારો બોલર નીવડશે એમ બધાનું માનવું છે. ગીઅરી 'સ્લો પિચ' પર સારી બોલિંગ કરે છે અને ફીલ્ડર તરીકે સારો ગણાય છે.

વુલી

શરીરે પાતળો, ઉંચો ને દેખાવડો આ ખેલાડી બહુ જ 'સ્ટાઇલિશ બૅટ્સમૅન' ગણાય છે. એની રમત બહુ આકર્ષક છે. એણે ઘણાં યે 'ટેસ્ટ' યુદ્ધોમાં બહુ મોટો હિસ્સો આપેલો છે અને અણીને વખતે સરસ રમત કરી નાક રાખ્યું છે. એક વખત જામી ગયા પછી એની રમત જોવામાં બહુ જ રસ આવે છે. 'સ્લિપ'નો એ ઘણો સારો ફીલ્ડર છે.

સટ્ક્લિફ

આ સુંદર, સફાઇદાર ક્રિકેટર હૉબ્ઝની જોડેના 'ઓપનિંગ બૅટ્સમૅન' તરીકે ઘણી ખ્યાતિ પામ્યો છે. એની રમત પણ ઘણી આકર્ષક છે. એણે હમેશાં હૉબ્ઝને ખરી વખતે ટેકો આપી પોતાના પક્ષને સારો 'સ્ટાર્ટ' આપ્યો છે. ફીલ્ડર તરીકે પણ એ ઘણું ઉંચું સ્થાન ભોગવે છે.

સ્ટ્રુડવીક

'સ્ટ્રુડી'ના લાડકવાયા નામથી જાણીતો, આ કદે ઠીંગણો ક્રિકેટર હમેશાં રમુજી ને હસમુખો લાગે છે. એ ઇંગ્લંડનો વિકેટકીપર છે. પાછલાં કેટલાંક વર્ષોથી લગભગ દરેક ટેસ્ટમાં એણે ભાગ લીધો છે. લગભગ ૨૫–૩૦ વર્ષથી એ વિકેટકીપર તરીકે કામ કરે છે.

સૅન્ડહામ, ટિલ્ડસ્લિ, હોમ્સ અને બ્રાઉન

સૅન્ડહામ પણ હૉબ્ઝની જોડે આવતા 'ઓપનિંગ બૅટ્સમૅન' તરીકે જાણીતો છે. એ ઘણો જ નિઃસ્વાર્થી ખેલાડી છે. એની ટીમનો સ્વાર્થ જ એના મનમાં સર્વોપરી સ્થાન ભોગવે છે.

ટિલ્ડ્સ્લિ પણ અચ્છો ખેલાડી છે. શરૂઆતમાં

[અનુસંધાન બાજુના કોલમને છેડે]

સ્કાઉટ અને સ્વચ્છતા [૨]



શરીરની તંદુરસ્તી જાળવવા વિષે તથા આંખ અને દાંતની માવજત રાખવા સંબંધે આપણે આગળ જોઇ ગયા. હવે આપણે નાક અને કાન ઉપર વિચાર કરીએ. આપણે ઘણાં માણસોને નાકને બદલે મોઢેથી શ્વાસ લેતાં જોઇએ છીએ. પણ શ્વાસ લેવાનું કામ નાકનું છે, અને મોંનું કામ તો ખાવાનું છે. જો આપણે નાક વતી ખોરાક ખાઇ શકીએ તો જ આપણે મોં વડે શ્વાસ લઇ શકીએ! મોઢા વતી શ્વાસ લેવાથી નાકની અંદર મસા વધે છે અને તેને લીધે છાતીનાં ભયંકર દર્દો થાય છે. આ ઉપરાંત નાકમાં કુદરતી ગળણી જેવી રચના હોવાને લીધે જે ધુળનાં રજકણો તથા ઝેરી જીવડાં અટકી રહે છે તે મુખ વાટે શ્વાસ લેવાથી શરીરમાં પ્રવેશ કરે છે.

વળી, મોઢેથી શ્વાસ લેવાની ટેવવાળો માણસ સુએ છે ત્યારે તે ઘોરે છે. જો માણસ સુતી વખતે ઘોરે તે છુપી રીતે કોઈ પણ સ્થળે સુઇ શકે નહિ;

એ જરાક ખચકાતો ખચકાતો રમે છે, પણ જામી ગયા પછી બહુ જ સહેલાઇથી બૅટિંગ કરે છે.

હૉમ્સ પણ સારો 'ફર્સ્ટ વિકેટ બૅટ્સમૅન' છે અને ફીલ્ડિંગમાં 'ડીપ થર્ડ મૅન' તરીકે એ ઘણો સારો છે.

બ્રાઉન ઘણો જ સારો 'ઑલ રાઉન્ડર' છે. એ ફીલ્ડિંગમાં ગમે ત્યાં દીપી ઉઠે એવો છે અને 'ચેન્જ બોલર' તરીકે પણ ઉપયોગી છે.

બંને ટીમોના ખેલાડીઓના ઉપલા ટુંકા પરિચયથી આપણને એ ક્રિકેટજંગની વર્તમાન પરિસ્થિતિ થોડીઘણી સમજાશે.

'ચૈતન્ય'

અને લડાઇના વખતમાં કે દુશ્મનના દેશમાં તો તેને પકડાઇ જવાનો પુરતો સંભવ. અમેરિકાના રેડ ઇન્ડિયન લોકો તો પોતાનાં બાળકોને નાક વાટે શ્વાસ લેવાની ટેવ પડે તે સારૂ તેમને સુવાડતી વેળા પટ્ટો બાંધી તેમનાં મોં બંધ રાખે છે! મોઢેથી શ્વાસ લેવાની ટેવ બચપણથી જ પડે છે, માટે તેનો ઉપાય ઉગતાં જ કરવો ઘટે છે. શિક્ષકો જો ધ્યાન આપે તો પોતપોતાના વર્ગમાં મોઢે શ્વાસ લેતા વિદ્યાર્થીને શોધીને તેમની તે ટેવ દૂર કરે.

સ્કાઉટની ઘ્રાણેન્દ્રિય ઘણી જ તીવ્ર હોવી જોઇએ. એ શક્તિ ખીલવવા માટે આંખે પાટા બાંધી જુદીજુદી કોથળીઓમાં લસણ, ડુંગળી, લીંબુ, જાતજાતનાં સુગંધી ફુલો વગેરે ભરી તેને સુંઘાડવી અને કઇ ચીજ છે તેનું અનુમાન કરવા કહેવું. આ પદ્ધતિથી નાકની શક્તિ ઘણી જ તીવ્ર બને છે. બીડી અથવા તમાકુ પીનારની ઘ્રાણશક્તિ તદ્દન નાશ પામે છે. સ્કાઉટોને તો આ વ્યસન બીલકુલ પાલવે જ નહિ. એ ટેવથી તો તે દુશ્મનને કે કોઇ જંગલી જનાવરને શોધે તેના કરતાં તમાકુની વાસ પરથી તે પોતે જ શોધાઇ જાય! સર બેડન પૉવેલે પોતાની આખી જીંદગીમાં બીડી માત્ર બે જ દિવસ પીધેલી, અને તે પણ અમુક સંયોગોમાં. પશ્ચિમ આફ્રિકામાં અશાંતિના વિગ્રહમાં તેઓ ગએલા ત્યારે એક નામીચા સેનાપતિએ તેમને સલાહ આપેલી કે સુતી વખતે મચ્છરદાનીની અંદર એકાદ બે બીડી પીવી, જેના ધુમાડાથી મૅલૅરિયાની ઝેરી હવા નાશ પામશે. (તે વખતે મચ્છરના કરડવાથી મૅલૅરીયા થાય છે એ શોધાયું ન હતું.) તેમણે આ પ્રમાણે બે દિવસ કર્યું. ત્રીજે દિવસે તો વરસાદના ઝપાટાથી તેમની તમાકુ પલળી ગઇ અને તેમણે બીડી ફેંકી દીધી.

મોં વાટે શ્વાસ લેવાથી નાક ખરાબ થાય છે એટલું જ નહિ, પણ આગળ જતાં સાંભળવાની શક્તિ પણ ક્ષીણ થતી જાય છે. કાન ઘણું નાજુક યંત્ર છે. અંદર એક ઝીણો અક્કડ પડદો હોય છે, જેના પર અવાજનાં આંદોલનો અથડાવાથી આપણે સાંભળી શકીએ છીએ. ઘણી વાર માણસોને કાન પર સખ્ત થપાટ મારવાની ટેવ હોય છે. આવી થપાટથી કાન બગડી જાય છે અને સાંભળવાની શક્તિ ક્ષીણ થતી જાય છે. આ ઉપરાંત આપણને ઘણી વાર હોલ્ડર, પેન્સિલ કે સળી વતી કાન ખોતરવાની ખરાબ આદત હોય છે. ઘણા માણસો તો કાનમાં રૂનાં મજબુત પુમડાંનો સખ્ત ખુચ દે છે; જાણેકે કાન એ તેલ કે દવા ભરવાની શીશી હોય નહિ!

કાનની ખોટવાળો માણસ સૈનિક કે સ્કાઉટ તરીકે નિરૂપયોગી છે. અંધારી રાત્રે દૂરથી આવતા અવાજ ઉપરથી તે કોનો પગરવ—ઘોડા, માણસ કે જંગલી જનાવરનો—છે તે પરખી કાઢવાની આપણામાં શક્તિ હોવી જોઇએ. સારામાં સારો સાંભળવાનો રસ્તો તો એ છે કે આપણે જમીન પર કાન માંડી સુઇ જવું. હવા કરતાં જમીનની અંદર અવાજ વધુ સારી રીતે મુસાફરી કરે છે. કાન કરતાં પણ આપણા મોંના ઉપલા જડબા વતી વધુ સ્પષ્ટ સાંભળી શકાય છે. દાખલા તરીકે કાન બંધ કરી ઘડિયાળ સામું જોવાથી આપણે બીલકુલ અવાજ નથી સાંભળી શકતા; પણ ઘડિયાળને દાંત વચ્ચે પકડવાથી બહુ જ સ્પષ્ટ અવાજ સંભળાશે. ચપ્પુને જમીનમાં ખોડી તેનો બીજો છેડો દાંત વચ્ચે પકડવાથી દૂરથી આવતાં પગલાંનો અવાજ સ્પષ્ટ સાંભળી શકાશે. જંગલજીવન ગાળનારાએ તો આવી રીતો જાણવા જેવી છે.

હવે આપણે અમેરિકન પ્રતિજ્ઞાનો બાકીનો ત્રીજો ભાગ તપાસીએ: 'મનથી જાગૃત અને રહેણીમાં પવિત્ર રહેવા વચન આપું છું.'

પહેલાં 'મનથી જાગૃત'નો અર્થ સમજીએ.

ઘણી યે વાર એવું બને છે કે આપણને અમુક બાબતનું ઘણું જ્ઞાન હોવા છતાં જ્યારે તેને લગતો પ્રસંગ ઉભો થાય છે ત્યારે તે ભુલી જઇએ છીએ અને ન કરવાનું કરીએ છીએ. આનો અર્થ એ કે આપણે મનથી બરાબર જાગૃત નથી. આપણે સૌ સારીરીતે જાણીએ છીએ કે કોઇ સળગી ઉઠ્યું હોય ત્યારે તેના પર પાણી ન રેડતાં કામળો કે ગોદડું ઓઢાડી દેવું, તેને દોડવા ન દેતાં સુવાડી દેવો. છતાં, જ્યારે એવો પ્રસંગ આવે છે ત્યારે આપણને ઉપરની એકે વાત યાદ આવતી નથી અને ન કરવાનું જ કરી બેસીએ છીએ. ઘણે ભાગે જ્યારે કોઇ કુવામાં પડી જાય, કોઇ સળગે કે કોઇનો હાથપગ ભાંગે અથવા કપાય,

ત્યારે પાસેનો માણસ એકદમ બુમો પાડતો કોઇ ત્રીજાની મદદ લેવા એકાદ માઇલ સુધી દોડી જાય છે! તેને નથી સુઝતું કે કુવામાં ફેંટો કે દોરડું લટકાવી તેને પકડવાનું કહું; સળગતા માણસને દોડવા ન દેતાં તેને નીચે સુવાડી કોઈ જાડા કપડા વતી ઢાંકી દઉં કે ઉપર ધુળ નાખુ; ભાંગેલ હાથપગને સુવ્યવસ્થિત કરી તેને સમો સુવાડી પછી દાક્તરનો બંદોબસ્ત કરૂં; કે લોહી નીકળતા ભાગને ઉપરથી મજબુત બાંધી અથવા અંગુઠા વતી જખમને દાબી કે દરદીને સુવાડી કોઇ ત્રીજા માણસને દાકતરી મદદ લેવા મોકલું. આનું કારણ એટલું જ કે આપણે આવા પ્રસંગો માટે બીલકુલ જાગૃત હોતા નથી. સ્કાઉટે તો હમેશાં એવા જ વિચાર કરવા કે ઉપરનો કોઇ પ્રસંગ પ્રાપ્ત થાય તો હું શું કરૂં?

એક માણસનું કાંડું કપાયું અને ધોરી નસમાંથી લોહી વહેવા લાગ્યું. સાથે બીજો માણસ હતો તે તો લોહી જોઇને ગભરાયો અને અરધો માઇલ દૂર આવેલા દાક્તરને તેડવા બુમો પાડતો ઉપડ્યો. એકાદ કલાકે જ્યારે તેઓ આવી પહોંચ્યા ત્યારે તે ઘાયલ માણસના શરીરમાંથી એટલું બધું લોહી વહી ગયું હતું કે તે બચે તેવો રહ્યો નહોતો! તેના સાથીએ દોડી જવાને બદલે તેણે ઘા ઉપરના ભાગ પર મજબુત પાટો બાંધ્યો હોત કે પોતાના અંગુઠા વતી જખમ પર ખુબ દબાણ કરી લોહી અટકાવવા પ્રયત્ન કર્યો હોત, તો ચોક્કસ તે માણસની જીંદગી બચી જાત. આપણી આવી નાનીસરખી દેખાતી અણુ-આવડતથી ઘણાની જીંદગી જાય છે. આવી નાની મદદો હીંમત અને ધીરજથી કરી શકાય તે માટે દરેક સ્કાઉટે 'ફર્સ્ટ એઇડ ટુ ધી ઇન્જર્ડ—' તાતકાલિક ઇલાજ' શીખી લેવા જોઇએ. સ્કાઉટનો મુદ્રાલેખ 'બી પ્રિપૅઅર્ડ' (તૈયાર રહો) છે તેનો અર્થ જ એ કે કોઇપણ કામ કે અકસ્માત માટે તે હરપળે સમયસૂચક અને તૈયાર હોવો જોઇએ, તેને ઉપાય સુઝવો જ જોઇએ. 'માટલીદાવ' 'હુડતુતુ' તથા બીજી એવી રમતો રમવાની ટેવને લીધે પણ સ્કાઉટ મનથી જાગૃત બને છે.

'રહેણીમાં પવિત્ર'વાળો વિષય તો એક નવો લેખ માગશે.

ગજાનન ભટ્ટ

વિચિત્ર આકારના સિક્કાઓ

સિક્કો તો ગોળ અને ચપટો જ હોય એવી આપણી સામાન્ય માન્યતા છે. પણ કેટલાય સૈકાઓને અંતે, જુનામાં જુના સિક્કામાંથી ધીમેધીમે સુધરતાં આજના સિક્કાનું રૂપ આવ્યું છે. હાલનો એ આકાર માણસને તરત ખ્યાલમાં આવે એવો છે. અને લઇ જવા-લાવવામાં, સંગ્રહ કરવામાં લેણદેણ કરવામાં અને ગણવામાં તે બહુ જ સરળ પડે એવો છે. પણ સિક્કાની જાતમાં એવા વિચિત્ર આકારો જોવામાં આવે છે કે સિક્કા વિષે સામાન્ય જ્ઞાન મેળવવું રસિક થઇ પડશે.

જુનામાં જુના સિક્કા તો છાપ મારેલા ધાતુના વાંકાચુંકા ટુકડા જ હતા અને મોટેભાગે તેમનો આકાર ગોળા જેવો હતો. પણ જેમ વખત જતો ગયો તેમ તે ચપટા ને ગોળ થતા ગયા. સિક્કા પરની બંને બાજુની છાપ પણ સરખી સપાટીમાં હોય એવું ચપટાપણું તો સિક્કાઓમાં હમણાંનું જ જોવામાં આવે છે. સિક્કાઓ ગોળ હોવા જોઇએ એવો ખ્યાલ તો લોકોને વહેલો આવેલો, પણ હાલની સિક્કાની પદ્ધતિ નીકળી ત્યાં સુધી સિક્કા તદ્દન ગોળ કરવાનો કોઇએ પ્રયત્ન કર્યો નથી. યૂરોપ ને અમેરિકામાં તો જુદાજુદા સમયના સિક્કાઓ મળી આવે છે, પણ વિચિત્ર આકારના સિક્કાઓ તો ઘણાખરા પૂર્વના દેશોમાંથી જ મળી આવે છે.

દુનિયાના કેટલાક ભાગો જ્યાં ટંકશાળની સગવડ નથી હોતી ત્યાંના સિક્કા જોતાં માલુમ પડે છે કે તે ધાતુની પાટમાંથી જ બનાવી કાઢેલા હોય છે. જાવા અને સીલોનના સિક્કા એના નમુના છે. આવા સિક્કા ઢાળેલી ધાતુમાંથી તેની કીમત પ્રમાણે નાના-મોટા બનાવવામાં આવતા. સિયામમાં ઢાળિયાને ઘડી તેના પાટા બનાવી તેમાંથી સિક્કા થતા. જુના સિક્કાના આકારોમાં વચ્ચે કાપ અને બંને બાજુ વાળેલી જોવામાં આવે છે. ત્યાર પછીના સિક્કાઓ સાંકડા આકારના થતા ગયા.

ધાતુના તારના સિક્કાઓ

આવી જાતના સિક્કા સીલોનમાં પણ વપરાતા અને હિંદુસ્તાનના બીજા ભાગોમાં તારના આવા સીધા કકડા સિક્કા તરીકે વપરાતા. અરબસ્તાનમાં

અને કૉકેસસના જ્યૉર્જિયામાં આવા ચોવડા કરેલા તારના ટુકડા વપરાતા.

૪૮ શેર વજનનો સિક્કો

સ્વીડનમાં સત્તરમી ને અઢારમી સદીમાં લગભગ સોએક વર્ષ સુધી ત્રાંબાના મોટા ટુકડા નાનીનાની છાપ સાથે સિક્કા તરીકે વપરાતા. આ સિક્કા તેમની કીમત પ્રમાણે ૪૮ શેર સુધીના વજનના, અઢી ઈંચ લંબાઇ અને એક ફુટ પહોળાઇથી માંડીને એક ઈંચના વ્યાસ સુધી જેટલા નાના હતા.

પહેલાં જ્યારે શહેરોને ઘેરા ઘલાતા અથવા તરતને માટે ટંકશાળો ઉભી કરવામાં આવતી ત્યારે રૂપાનાં પતરામાંથી ચોરસ, અષ્ટકોણ કે એવા ગમે તેવા ટુકડાઓ કાપી તેના પર છાપ પાડી સિક્કા તરીકે વપરાતા. ૧૭૦૨માં લૅન્ડોમાંથી એક રૂપાના પ્યાલામાંથી કાપેલો અને પ્યાલાની ગોળ વાળેલી નીશાનીવાળો સિક્કો મળી આવેલો જોવામાં આવે છે. ૧૬મી ને ૧૭મી સદીમાં સમાન્યરીતે સિક્કા ગોળ બનાવવામાં આવતા. ચોરસ, ષટ્કોણુ કે અષ્ટકોણુ બનાવાતા તે તો ખાસ કારણોને લઇને.



(૧) ગોળા જેવો લાગતો પ્રાચીન ગ્રીક સિક્કો. (૨) વલંદા લોકોએ ઇ. સ. ૧૮૦૦માં જાવામાં ત્રાંબાની પાટીમાંથી કાપીને બનાવેલો સિક્કો. (૩) રૂપાના સળિયાને કાપી તથા વાળીને તૈયાર કરેલો સિયામનો પુરાતન સિક્કો. (૪) રૂપાના તારનો બનાવેલો હિન્દુસ્તાનનો જુનો સિક્કો. (૫) ત્રાંબાના તારમાંથી બનાવેલો સિક્કો. (૬) ૧૫૭૨માં સ્પૅનીશ લોકોએ હરલેમને ઘેરો ઘાલ્યો ત્યારે છાપેલો સિક્કો. (૭) ૧૭૦૨ના લૅન્ડોના ઘેરા વખતનો સિક્કો. જે રૂપાની રકાબી કાપીને બનાવવામાં આવ્યા હતા, ને જેમાં રકાબીની કીનારી પણ દેખાય છે. (૮) શક લોકોના સમયનો પ્રાચીન હિન્દનો સિક્કો. (૯) અકબરના સમયનો ચોરસ રૂપિયો. (૧૦) સ્વિટ્ઝર્લૅંડનો 'ક્રેકટ્રીએટ' નામનો પુરાણો સિક્કો. (૧૧) સોનાની ખાણોની શોધ સમયનો કૅલીફોર્નિયાનો સિક્કો. (૧૨) (૧૩) (૧૪) આજના નિકલના બ્રિટિશ સિક્કાઓ. (૧૫) સિયામની ઉત્તરે આવેલા લેઓ સ્ટેટમાંનો હોડી ઘાટનો સિક્કો. (૧૬) અકબરની 'મીહરાબી' મહોર. (૧૭) પેહાંગનો ટોપી ઘાટનો સિક્કો. (૧૮) કેડાનો લંબગોળ સિક્કો. (૧૯) કેડાનો વિચિત્ર સિક્કો. (૨૦) ઇટલીના ઈગુવિયમ પરગણાનો ત્રાંબાનો લંબગોળ સિક્કો. (૨૧) એજીનાનો એક પુરાતન કદરૂપો ગ્રીક સિક્કો. (૨૨) મધ્યકાળમાં અમેરિકામાં પાડવામાં આવતા તરેહવાર સિક્કાઓમાંનો એક. (૨૩) (૨૪) ૧૭મી સદીના બેડોળ મેક્સિકન સિક્કાઓ. (૨૫) વેસ્ટ ઈન્ડીઝ ટાપુઓમાં વપરાતું સ્પૅનીશ ડોલરનું ચોથિયું. (૨૬) સેંટ લ્યુસિયા ટાપુનું પરચુરણ નાણું. (૨૭) (૨૮) ઇસ્વીસનની શરૂઆતમાં બનેલા ચીનાઈ સિક્કાઓ. (૨૯) 'શો' નામનો વિચિત્ર રૂપાનો સિક્કો. (૩૦) 'સીસી' નામનો ચીનાઇ સિક્કો. (૩૧) આ નામનો રૂપાનો સિક્કો. (૩૨) કોમોડોર પેરી જાપાનમાં ઉતર્યો તે સમયનો જાપાનીઝ રૂપાનો સિક્કો. (૩૩) સ્પેનનો કાણાવાળો સિક્કો. એ કાણાના ગાળાના કકડાની કીમત બે સિક્કા જેટલી થાય છે! (૩૪) પ્રાચીન ચીનનો છરી ઘાટનો સિક્કો. (૩૫) 'પસ' નામનો કેથેનો પ્રાચીન સિક્કો.

હિંદુસ્તાન હમેશાં ચોરસ સિક્કાને જ વળગતું આવ્યું છે. અતિ પુરાણા સિક્કા પણ ઘણી છાપ વાળા રૂપાના જ ટુકડા હતા.

સ્વિટ્ઝર્લૅંડના ૧૨મી–૧૩મી સદીના બૅક્ટ્રીએટ નામના સિક્કા રૂપાના તદ્દન સાદા પાતળા પતરાંના જ બનેલા હતા. આ સિક્કા જોવા જેવા છે. તે કાગળ જેવા તદ્દન પાતળા છે અને તેની એક બાજુ ઉપસાવેલી તથા બીજી બાજુ ખાડો પડેલી છે. કૅલિફૉર્નિયામાં જ્યારે સોનું નીકળતું ત્યારે 'સ્લગ' નામના ૫૦ ડૉલરની કીમતના સોનાના અષ્ટકોણ સિક્કા બનતા.

બ્રિટિશ સરકારે હમણાં હિંદુસ્તાનમાં દાખલ કરેલા નિકલના કાંગરાવાળા ગોળ, ચોરસ ને અષ્ટકોણ સિક્કાથી તો આપણે સૌ પુરા માહીતગાર છીએ. ઘણી પ્રજાઓએ નિકલના સિક્કા બનાવ્યા છે, પણ તેમને રૂપાના સિક્કાથી ઓળખાય એવા રાખવા માટે વચ્ચે કાણાં પાડ્યાં છે.

૧૫૭૪માં મોગલ શહેનશાહ અકબરે આગ્રામાં એક ખાસ આકારની સોનામહોર બહાર પાડી હતી. તેનો આકાર મસ્જિદની મહેરાબના જેવો હતો એટલે તેનું નામ મીહરાબી મહોર પાડ્યું હતું.

સિક્કાના કેટલાક વિચિત્ર પ્રકાર તો બ્રહ્મદેશ અને મલાયા દ્વિપકલ્પમાંથી મળી આવે છે. સિયામના સિક્કા વિષે તો આપણે જાણ્યું. બ્રહ્મદેશની ઉત્તર અને પશ્ચિમ દિશાએથી હોડકાંના આકારના ઢાળેલા નાના સિક્કા મળી આવે છે. મલાયા દ્વિપકલ્પમાં આવેલા પેહાંગમાં એક વખત પહોળી કીનાર વાળી ચોરસ ટોપીના આકારના ટીનના બનાવેલા સિક્કા પણ વપરાશમાં હતા. કેડામાં નાના લંબગોળ ટીનના સિક્કા અને વીંટી જેવા ગોળાકાર પર બેસાડેલા કુકડાના આકારના સિક્કા વપરાતા.

જુના વખતના લોકો ભાગ્યે જ ગોળ કે દડા જેવા આકાર સિવાયના સિક્કા બનાવતા. છતાં યે કોઇકોઇ વખત બીજા આકારના સિક્કા પણ મળી આવે છે ખરા. કાળા સમુદ્રમાં આવેલા ઑલ્બિયામાં ડોલ્ફીનના આકારનો પિત્તળનો કકડો સિક્કા તરીકે વપરાતો. ઇગુવીઅમ (ઇટાલી)માં બદામના આકારના લંબગોળ સિક્કા વપરાતા.

મુળ સિક્કો ગોળ હોય છતાં ધૂન ચડે તો ગમે તેવો કાપીને જુદા આકારનો પણ બનાવવો એવું જુના કાળથી મધ્યુયુગ સુધી ચાલતું. પણ આજથી ૧૦૦–૨૦૦ વર્ષ પહેલાં વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં એક નવાઇ પમાડે તેવો રિવાજ હતો. ત્યાં છુટું પરચુરણ બનાવવા માટે ત્યાં વપરાતા સ્પૅનિશ ડૉલરને કાપીને ટુકડા કરતા. ડૉલરના બે, ચાર, આઠ કે વધારે ભાગ કરવા એ તો ત્યાં સામાન્ય રિવાજ થઈ ગયો હતો. કોઈ વખત સિક્કાનાં અડધિયાં જ કરવામાં આવતા. કેટલાક ટાપુમાં સિક્કાના સીધા ત્રણ ભાગ કરવામાં આવતા. કેટલીક વખત તેમાં જુદાજુદા માપનાં કાણાં પાડવામાં આવતાં, જેમાંના બંને ભાગ (બહારનો કડી જેવો ગોળ અને વચલો ભાગ) ઉપયોગમાં લેવાતા.

પૂર્વના દેશોમાં તો વિચિત્ર આકારો જ ચાલતા. હજી સુધી ચીનની અસર વાળા સિક્કા વિષે કંઈ જણાવવામાં નથી આવ્યું. આવા સિક્કાઓ તો વિચિત્ર આકારના જ હતા. આવા આકારો હોવાના કારણમાં એટલું જ કહી શકાય કે એ સિક્કાઓ વિનિમયથી વ્યવહાર ચાલતો તે વખતના ચાલ્યા આવે છે. જુના સિક્કાઓના આકારમાં ખાસ કરીને છરીના આકારના સિક્કા જોવામાં આવે છે. ખ્રિસ્તી યુગ શરૂ થયો તે પહેલાં ઘણા યે સૈકાઓ સુધી આવા સિક્કા ચાલ્યા. ત્યાં બીજી સામાન્ય જાત 'પુ' અથવા વજન અને કોદાળીના આકારની હતી. તે ઘણુંખરૂં ખેતીનાં ઓજારો ઉપરથી નીકળી હશે. ઉપરની બંને જાતો વંગમંગ નામના એક માણસે ઇ. સ.ની શરૂઆતના અરસામાં લગભગ શોધી કાઢી હતી. ચીનાઓએ કેટલા યે સૈકા સુધી રૂપાના સિક્કામાં તો ઢાળેલા કકડા જ વાપર્યા છે; જેમાંનો એક 'જોડા'ના નામથી જાણીતો છે. અનામમાં લંબચોરસ સિક્કા વપરાતા. જાપાનમાં ૧૮૬૦ની લગભગ સોનારૂપા નાણું પાતળા લંબગોળ પતરા અથવા નાના જાડા લંબચોરસ કકડાનું જોવામાં આવતું.

આ બધું તપાસતાં આપણે જોઇ શકીએ છીએ કે પૂર્વના દેશો સિવાય લગભગ બધે સિક્કા ગોળ ને ચપટા જ હતા. અને જ્યાં ખાસ જુદી જાતના જોવામાં આવતા ત્યાં ખાસ ચડાઇ, અખતરા કે જુદાજુદા સિક્કાથી ભેદ બતાવવા સિવાય બીજાં કારણ ન હતાં.

▫ બા ળ ▫ વિ ભા ગ ▫




કાગનું કરાંઉં

સુણજો સજ્જન! આ કરાંઉં કરાંઉં,
કેવું મધુરૂં હું કરૂં કરાંઉં!
કા કા કે કાગ કાગ,
કાઢું ઘણાક રાગ;
તો યે પિયારૂં ગીત કરાંઉં કરાંઉં:
સુણજો સજ્જન! આ કરાંઉં કરાંઉં.
મીની મિયાંઉં કરે,
દેડક ડરાંઉં કરે;
મારે ગંભીરૂં ગીત કરાંઉં કરાંઉં:
સુણજો સજ્જન! આ કરાંઉં કરાંઉં.



પંખીની બોલીઓ



સાત હતી બહેનો. સાતે વચ્ચે એક જ ભાઇ. ઘણેઘણે વરસે ભાઇ બહેનોને ઘેર મળવા આવ્યો. ભાઇને જોતાં જ સાતે બહેનોએ દોટ દીધી. એક કહે મારે ઘેર! બીજી કહે ના, મારે ઘેર! એમ સાતે જણીઓ ભાઇને પોતપોતાને ઘેર તેડી જવા રકઝક કરવા લાગી.

પછી તો હાથે ઝાલીને ભાઇને પોતપોતાના ઘર ભણી ખેંચવા માંડી. કોઇએ ઝાલ્યો એક હાથ, કોઇએ બીજો હાથ, કોઇએ ગરદન, તો કોઇએ માથાના વાળ. આમ ખેંચે ને તેમ ખેંચે.

ભાઇને તો સાતે બહેનો ઉપર સરખું હેત. કોને ઘેર જાઉં એ નક્કી ન કરી શક્યો. બહેનો તો ખેંચતાણ કરતી જ રહી. એમ કરતાં ખેંચાઇખેંચાઇને ભાઇનો જીવ નીકળી ગયો!

સાતે બહેનો રોવા મંડી. એકબીજીને આળ દેવા મંડી કે 'તેં માર્યો! તેં માર્યો! તેં! તેં! તેં!'

મરીને સાતે બહેનોને લલેડાંનો અવતાર આવ્યો. આજ પણ લલેડાં પંખી એકઠાં મળીને રોતાંરોતાં જાણેકે એકબીજાની સામે ચીસો પાડે છે કે 'તેં! તેં! તેં! તેં! તેં! તેં! તેં!'

ॐ

કહેવત છે કે 'તેતર બોલે ઘરની વાણી.' એટલે કે તેતર જેનેજેને બોલતાં સાંભળે તેની વાચા શીખી લે. તેતર તો ભાતભાતની બોલી બોલે છે. કોઇકોઈ વાર કહે છે કે 'પટલ કયો? પટલ કયો? પટલ કયો?' કોઈ વાર લોકોને આવતા જોઇને પોતાનાં જાતભાઇઓનાં ટોળાંને તરત ચેતાવે છે કે 'ખેરૂ! ખેરૂ! ખેરૂ! ખેરૂ!' એટલે કે 'વિખરાઈ જાઓ.'

કોઇ વાર વળી લોકો એની બોલીનો એવો અર્થ કરે છે કે 'સટી જાવ! સટી જાવ! સટી જાવ!' એટલે કે હે લોકો, તમે જે કામે જઈ રહ્યા છો તે કામે જલદી જલદી પહોંચી જાઓ; 'શુભસ્ય શિઘ્રમ્' કરો.

ગામતરે જતા લોકો જમણી બાજુથી જ્યારે તેતરને સટી જાવ! સટી જાવ! સટી જાવ! કરતું સાંભળે છે ત્યારે શુભ શુકન સમજે છે.

ॐ

પણ તેતરની તો એક બીજી કરુણાજનક કથા કહેવાય છે. આગલા અવતારમાં એ હતો એક ગરીબ માનવી. પોતાને એક દિવસ તલ ખાવાનું મન થયું, એટલે ગામમાંથી તલ વેચાતા લઇને ઘેર ગયો. એની બહેને તો કાંકરે કાંકરો કાઢીને તલ ચોકખા બનાવ્યા.

વહુએ ચાડી ખાધી કે 'બહેન તલના ભુકડા ભરી ગઇ છે!' ભાઇએ તલ જોખી જોયા. ઓછા થયા. 'હેં બહેન! તું તલ ખાઈ ગઈ કે?'

બીચારી બહેનની તો આ ખોટું આળ સાંભળીને જીભ જ ન ઉપડી; હેબતાઈ ગઈ. ભાઇને વધુ વહેમ આવ્યો. એણે તો ઉઠીને બહેનના માથા ઉપર એવા જોરથી લાકડી લગાવી કે બહેનની ફુલ જેવી સુંવાળી કાયા ત્યાં ને ત્યાં ઢળી પડી; જીવ નીકળી ગયો!

પછી ભાઇને ભાન આવ્યું. તલ લઇને ભાઇએ જોયા તો મોતીના દાણા જેવા ચોકખા પડેલા, અને તેમાંથી બહેને વીણેલા કાંકરાની ઢગલી પણ પડેલી!

'અરેરે! આ તો બહેને મારે માટે સાફ કરેલા તલ! આ ઘટ તો કાંકરાની! આવી બહેનને મેં મારી નાખી!'

બહેનનું મડદું પડ્યું હતું તેને ઢંઢોળીને ભાઇ કહેવા લાગ્યો, 'ઉઠ બહેન! ઉઠ બહેન! તલ કેટલા? તલ કેટલા? તલ કેટલા?' પણ બહેન તો ક્યાંથી ઉઠે?

ભાઇએ પોતાનો જીવ કાઢી નાખ્યો. મરીને એ તેતર સરજાયો. અત્યારે પણ તેતર પંખી ક્યાંયે જંપીને બેસતું નથી. બહાવરૂં બનીબનીને આમતેમ દોડાદોડ કરે છે, અને જાણે પોતાની કોઈ બહેનને ઉઠાડતું હોય તેમ બોલે છે કે 'ઉઠ બહેન! ઉઠ બહેન! ઉઠ બહેન! તલ તેતલા' તલ તેતલા! તલ તેતલા! (તલ કેટલા? તલ કેટલા? તલ કેટલા?)

卐

ઘરના છાપરા ઉપર બેસીને બોલતો હોલો તો તમે સાંભળ્યો હશે 'ઘૂઘૂ ઘુ! ઘૂઘૂ ઘુ!'

નાનાં છોકરાં કહેશે કે હોલો તો 'ઘૂઘૂ ઘુ! તેજુ ફુઇ! ઘેઘે ગઇ!' એવુંએવું બોલે છે. વળી કેટલાંક છોકરાં કહેશે કે 'ઘૂઘૂ ઘુ' એટલે હોલો એમ કહે છે કે 'વાગડ જાઉં! બોખાં ખાઉં!'

આપણાં ડોશીમા હોય એ તો કહેશે કે પીટિયો હોલો તો 'ડોશીની કરગઠડી! ડોશીની કરગઠડી!' એવું બોલીને અમારૂં મોત વાંછે છે. છ મહીના સુધી લાગટ હોલો જે ઘર ઉપર એમ બોલે તે ઘરનાં ડોશીમા મરી જાય, એવો લોકોમાં વહેમ છે!

પરંતુ પશુપંખીઓના પ્રેમી લોકો તો એથી ઉલટી જ એવી મઝાની વાત કરે છે કે હોલો તો ખરે બપોરે બળતા તાપમાં, છાંયડી વિનાના ઠુંઠા પર બેસીને "પ્રભુ—તું! પ્રભુ—તું' એમ પ્રભુને જ રટયા કરે છે. એ તો નિર્દોષ અને ભોળું પક્ષી છે. મુસલમાનો પણ માને છે કે હોલો તો ખુદાનો બંદો છે. એ બોલે છે કે 'એક જ—તું! એક જ—તું!'

卐

કાકાસાહેબ કાલેલકર હોલા વિષે મહારાષ્ટ્રની એક હૃદયભેદક લોકકથા વર્ણવે છે. ત્યાંના હોલા ઘૂઘૂ ઘુ ને બદલે 'કુટુર, કુટુર્ર, કુટુર્ર' એવો અવાજ કાઢે છે. ત્યાંના લોકો એને કવડો (કપોત) કહી બોલાવે છે.

કહે છે કે કવડો આગલે અવતાર માણસ હતો. ઘરમાં તેની સ્ત્રી અને સીતા કરીને એક તેની બહેન હતી. એક દિવસ એને પૌંઆ ખાવાનું મન થયું. અક્કેક શેર ડાંગર લાવીને બહેન સીતાને તથા પોતાની સ્ત્રીને આપીને કહ્યું કે મને આના પૌંઆ બનાવી આપો.

બાઇડીએ તો ડાંગરને ખાંડીને ફોતરાં સહિત ધણીની પાસે મુકી. પણ સીતાએ તો સોઇ ઝાટકીને કુશકા નોખા કરી નાખ્યા. બંને ઢગલા ભાઇએ જોયા. બહેનનો ઢગલો નાનો દેખાયો. 'હાં, નક્કી સ્વાર્થી ને પેટભરી બહેન પૌંઆ ખાઈ ગઇ!' ખીજાઇને ભાઇએ બહેનના કપાળમાં શેરિયો માર્યો. બહેન બીચારી ત્યાં જ તરફડીને મરી ગઇ!

કવડો પૌંઆ ખાવા બેઠો. બાઇડીએ તૈયાર કરેલા પૌંઆ મોંમાં નાખે ત્યાં તો કુશકા! કુશકા કેમ ખવાય? થુ થુ કરીને કાઢી નાખ્યા. પછી બહેનના પૌંઆ ચાખ્યા. 'આહાહા! કેવી મીઠાશ! બહેને કેવા હેતથી સાફ કર્યા હશે! અને સાફ કરવાને લીધે જ ઘટયા હશે, ખરૂં? હાય હાય! નિર્દોષ બહેનને મેં મારી નાખી!'

માથું પટકીને કવડાએ પ્રાણ છોડયા. મરીને એ હોલો સરજાયો. અત્યારે એ મહારાષ્ટ્રનો કવડો બેઠો બેઠો બોલ્યા જ કરે છે કે 'ઉઠ સીતે! કવડા પોર પોર! પોહે ગોડ ગોડ! કવડા પોર પોર! પોહે ગોડ ગોડ!' (ઉઠ બહેન સીતા, કવડાએ તો છોકરવાદી કરી. તારા પૌંઆ તો મીઠા હતા, મીઠા હતા.)

卐

એક હતી સાસુ ને એક હતી વહુ. વહુ હતી કજીઆળી. સાસુને રોજ સતાવે. સાસુ દાણા ભરડવા આપે તો વહુજી સોવે ય નહિ, ઝાટકે ય નહિ, ને કાંકરા સોના જ ભરડી નાખે. મરીને એ અવળચંડી વહુને ટાંકણા પક્ષીનો અવતાર આવ્યો. ટાંકણું એટલે લક્કડખોદ. આ પંખી આખો વખત એઠું'એઠું' ઝાડના લાકડાને ચાંચના ટોચા માર્યા કરે છે અને ચીસ પાડીને બોલ્યા કરે છે કે 'બાઈજી, મગ ભરડું કે કાં . . . .કરા! મગ ભરડું કે કાં . . . .કરા!'

દેવચકલી 'પિક પેરો! પિક પેરો!' એમ બોલે છે તે પરથી લોકો કહે છે કે એ તો એમ બોલે છે કે 'વાવણી કરો! વાવણી કરો!'


卐

એક બાઇ હતી. એને પેટ સંતાન ન મળે. એણે તો વ્રત આદર્યું. પણ એનાથી ભુખ દુઃખ સહેવાયાં નહિ. એણે અધુરૂં વ્રત તોડયું. મરીને એ ટીટોડી જન્મી. અત્યારે નદી સરોવરમાં કે વાડીઓમાં એ


[અનુસંધાન સામેના પાનાના પહેલા કોલમને છેડે]

જ્ઞાનલીલા

અષાડની જ્ઞાનલીલા માટે આવેલા અનેક ઉત્તરોમાંથી માત્ર આઠ જ પુરા સાચા છે. ઘણાએ ષટકોણ ગોઠવવામાં થાપ ખાધી છે. કેટલાકને તો શબ્દ ગોઠવણમાંનો 'તેલુગુ' શબ્દ સાચો નથી આવડ્યો. હજી ઘણા જણ નિયમ વિરુદ્ધ કાર્ડ ઉપર ઉત્તરો લખી મોકલે છે; તે તપાસાતા નથી. નીચેના આઠને ઇનામ મોકલાશે: (૧) સુરેન્દ્ર બી. મહેતા, અમદાવાદ; (૨) ચાંપસિંહ વિજપાર, મુંબાઇ; (૩) છોટાલાલ ગિ. ભટ્ટ, વડોદરા; (૪) છગનલાલ ભ. સોલંકી, વાંકાનેર; (૫) કપીન્દ્ર મહેતા, ભાવનગર; (૬) વિષ્ણુપ્રસાદ શિવશંકર, ભાવનગર; (૭) શાન્તિલાલ રેવાશંકર, વાંકાનેર; (૮) રામપ્રસાદ મ. વ્યાસ, આણંદ. ખરા જવાબ નીચે મુજબ:



શોધી કાઢો: પહેલા જવાબમાંનાં ટપકાં અનેક રીતે ગોઠવી શકાય, પણ આવી રીત વધારે સુંદર લાગે છે. (૨) કહેવતો: ટકે શેર ભાજી ટકે શેર ખાજા; બે ઘરનો પરોણો ભુખે મરે; કરે તેવું પામે ને વાવે તેવું લણે; મોંઇ ભેંશના મોટા ડોળા; ઘેરઘેર માટીના ચુલા. (૩) કાગળમાંથી કાપેલા ટુકડામાંથી આવી રીતે ષટકોણ બનાવી શકાય. (૪) દુનિયાનાં બધાં માણસો 'એકી સાથે શ્વાસ લે છે.'



શબ્દગોઠવણ

વિ કા **સ**
પ્ર **ત્ય** ય
મે વા ડ
પા **વ** ન
અં ત્ય **જ**
ના **ય** ક
તે લુ ગુ

ગણિતગમ્મતના કોઠા પણ ઘણી રીતે બનાવી શકાય. એક અહીં આપ્યો છે (૨) પોસ્ટ ઓફિસમાંથી ટીકીટો નીચે મુજબ ખરીદેલી: ૩ એક આનાવાળી, ૩૦ અરધા આનાવાળી અને ૧૨ અઢી આનાવાળી.

	૧	૪	
૧૧	૬	૭	૨
૮	૧૦	૩	૫
	૯	૧૨	

નવા સવાલ



(૧) બાજુએ બતાવેલ વિચિત્ર ટુકડાઓમાં એક કાંગારૂ પ્રાણી સંતાએલું છે; શોધી કાઢીને મોકલો.

(૨) નીચેના અર્થવાળા પાંચ શબ્દોના પ્રથમ અક્ષરો ભેગા કરવાથી જે બને છે તે તમે પોતે છો: (૧) ખોળો (૨) લીન (૩) ત્રાંસું (૪) આળસ (૫) ચાર

(૩) હું તમારો જીવજાન દોસ્ત છું. રાતદિન સાથે રહેલો છું, રહું છું અને દેહાન્ત સુધી રહીશ. મોટો સમ્રાટ કે વિજ્ઞાનશાસ્ત્રી પણ મને તમારાથી વિખુટો પાડવા સમર્થ નથી; છતાં હું કોઈ વેળા અદ્દશ્ય રહું છું. સવારસાંજ મારૂં સ્વરૂપ જુઓ તો ભયંકર ભાસું. તમારૂં એક પણ કામ મારાથી છાનું નથી, છતાં કદિ યે હું વિશ્વાસઘાત કરતો નથી. બોલો, હું કોણ?

(અ. ડો. ચોહાણ)

(૪) મનુ—કનુ તારી ઉમર કેટલી?

કનુ—તારી ઉમર મારા જેવડી હતી ત્યારે હું જેવડો હતો તેથી બમણી આજે તારી ઉમર છે.

મનુ—જો એમ જ હોય તો તું જ્યારે મારા જેવડો થઈશ ત્યારની આપણી ઉમરનો સરવાળો આજની તારી ઉમરથી ત્રણગણો થશે.

કનુ—હા, સાવ સાચી વાત છે. બીજી પણ એક ગમ્મત છે તે તને ખબર છે? આજની આપણી બંનેની ઉમરનો જે દઢભાજક, એ જ આજની આપણી ઉમરના સરવાળાનો અને તારા જેવડો હું થઇશ ત્યારની આપણી બંનેની ઉમરના સરવાળાનો દઢભાજક થશે!

મનુ—એ તો ઠીક; પણ આજની આપણી બંનેની ઉમર તથા તું મારા જેવડો થઈશ ત્યારની આપણી બંનેની ઉમરના લઘુતમ જેટલો જ, તું મારા જેવડો થઈશ ત્યારની આપણી ઉમરનો ગુણાકાર થશે.

આ બે ભાઇબંધની વાત સાંભળીને તનુ તો વિચારમાં જ પડી ગયો કે આ બંનેની ઉમરમાં એવાં તે શાં જાદુ ભર્યાં હશે? તમે શોધી કાઢશો?

(૫) હું ત્રણ અક્ષરનું સાદું સીધું નામ છું. પાણીમાં હું પેદા થાઉં છું. લોકોને હું બહુ ગમું છું. મારૂં માથું કાપો તો બધા મને ફેંકી દે; પગ કાપો તો હું ઓછું થઇ જાઉં. પેટ ચીરો તો મારા ઉપયોગ સારૂ તમને ચાવીની જરૂર પડે.

(૬) પરીક્ષક—૧૦ રૂ. ૧૦ આનાને બે રૂપયા વડે ગુણીએ તો શું આવે?

શું બોલી રહી હોય છે! 'હટ્ટી . . . ટિ હટ્ટ! હટ્ટી . . . ટિ હટ્ટ!' એટલે કરતી . . . તી વ્રત! કરતી . . . તી વ્રત! કરતી . . . તી વ્રત!'

ટીટોડી ઉંડા પાણીમાં જાય નહિ. ચોમાસામાં નદી કે સરોવરને કાંઠે પાલર પાણી (થોડાંથોડાં પાણી) ભર્યાં હોય તેમાંથી એ પાણી પીતી હોય છે. એટલે લોકો કહે છે કે

ટીટોડી બાઇ ટીઉં ટીઉં! પાલર પાણી પીઉં પીઉં! આઘે જાઉં તો બુડી મરૂં! પાસે રહું તો તરશી મરૂં!

વિદ્યાર્થી—એકવીસ રૂપિયા ચાર આના, સાહેબ!

પરીક્ષકે આ વિદ્યાર્થીનો દાખલો ખોટો આપ્યો. શા માટે?

(૭) મારી ઘડિયાળ શિયાળાની ઠંડીમાં દર કલાકે ૩ મિનિટ પાછળ પડતી; પણ જ્યારે તડકો નીકળે ત્યારે તડકાની ગરમીથી દર કલાકે પાંચ મિનિટ ઉતાવળે ચાલતી; છતાં ૨૪ કલાકે વખત મેળવતાં વખતમાં ફેર પડેલો ન જણાતો. તો આ ઘડિયાળને ક્યાંથી ક્યાં સુધી તડકાની ગરમી મળતી અને કેટલો વખત એ ગરમી ન મળવાથી ઠંડી પડતી તે તમે કહી શકશો?

નવાં પુસ્તકો

બાળવાર્તાવલિ : સંપાદક તથા પ્રકાશક, સૌ. હંસા મહેતા; મળવાનાં ઠેકાણાં: હરિલાલ રણછોડદાસ, ૯૩-૧૦૭ બારભાયા મહોલ્લા મુંબાઈ-૩ તથા કુમાર કાર્યાલય અમદાવાદ; કીમત દોઢ રૂપિયો.

બાળ સાહિત્યનાં સંશોધન અને વિકાસનો યુગ ગુજરાતમાં ક્યારનો બેસી ચુક્યો છે અને તેના અવનવા ફાલ ઉતરવા લાગ્યા છે, તેમાં આ પુસ્તક એક સુંદર પુષ્પ જેવું શોભી ઉઠશે. છેક નાનાં બાળકોને રસથી સાંભળવી ગમે એવી આપણી 'સાત પુંછડિયા ઉંદર' જેવી ઘરઘરની વાર્તાઓનો આ નાનકડો સંગ્રહ, બાળ સાહિત્યમાં રસ લેતાં સૌ. બહેન હંસા મહેતાએ સંપાદિત કર્યો છે; અને એમાંની બાર વાર્તાઓ જેટલું જ આકર્ષણ કરે એવાં બાલોચિત ચાર ત્રિરંગી તથા ત્રીસ સાદાં ઉઠાવદાર ચિત્રો તેને માટે એમણે મોટે ખર્ચે તૈયાર કરાવીને પુસ્તકને સુશોભિત અને વધુ ઉપયોગી બનાવ્યું છે.

ઉંચા જાડા ઍન્ટિક કાગળ પર, મોટા ઉઠાવદાર અક્ષરોમાં છાપેલું પાકી બાંધણીનું આ સુંદર પુસ્તક કુમાર કાર્યાલયમાં તૈયાર થયું છે એટલે એનાં રૂપરંગ વિષે કંઈ કહેવાથી પક્ષપાત ગણાવા સંભવ છે, છતાં એટલું અવશ્ય કહી શકાય કે અંગ્રેજી કંપનીઓ બાળકો માટે આથી યે વધુ કીમતનાં જે પુસ્તકો દર વર્ષે બહાર પાડે છે તે પૈકી કોઇની પણ જોડમાં મુકી શકાય એવું એ છે. અને ગુજરાત જો આ પ્રથમ આવૃત્તિનો ઉપાડ જલદી કરી લેશે તો ભવિષ્યમાં હજી પણ સસ્તી કીમતે તે આપી શકાશે.

વીરની વાતો પુસ્તક બીજું: લેખક-પ્રકાશક, તારાચંદ્ર પોપટલાલ અડાલજા, કોડી પાસે વડોદરા. કીમત અઢી રૂપિયા.

ગઇ દીવાળીએ અમે ભેટ આપવાનાં પુસ્તકોમાં ગણાવેલી વીરની વાતોનો બીજો ભાગ આ દીવાળીએ પાછો બહાર પડ્યો છે. એક વરસની ટુંક મુદ્દતમાં બીજો ભાગ બહાર પડવાનો અવસર આવે એ જ એ પુસ્તકની લોકપ્રિયતાની સાખીતી છે. આ બીજો ભાગ પણ પહેલાના જેટલો જ દળદાર અને વિવિધરંગી બત્રીસ ચિત્રોથી ભરપુર છે, જેમાંનાં બે ત્રિરંગી છે. એમાં રા. અડાલજાની સાત લાંબી વીરની વાતો છે. વીરની વાતો વાંચવી તો કોને ન ગમે?

બુદ્ધ અને મહાવીર : પ્રો. ઍર્ન્સ્ત લોઈમાનના જર્મન નિબંધ ઉપરથી અનુવાદક, નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ; પ્રકાશક જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય, પૂના સિટી. ભારતના એ બે ધર્મસંસ્થાપકોના ઉપદેશો અને તત્ત્વજ્ઞાન વિષે ચર્ચા કરતો આ વિદ્વાન નિબંધ અભ્યાસીઓને અવશ્ય ઉપયોગી છે.

જિહ્વાકુવરના રાત્રિસંભાષણો : સંપાદક, હરરાય અમુલખરાય દેસાઈ; પ્રકાશક, સાકરલાલ બુલાખીદાસ બુકસેલર, રીચીરોડ અમદાવાદ. કીમત ૦-૮-૦

અંગ્રેજી ઉપરથી સૂચિત હોવા છતાં પણ આ પુસ્તકના વિનોદમય વસ્તુને એટલી સફળતાથી આપણા જીવનને અનુરૂપ ઉતારવામાં આવ્યું છે કે એ વાંચતાં સ્વાભાવિકતા લાગી આવે છે. એનું વાંચન તમને મનમાન્યો વિનોદ આપશે.

દલપત સ્ત્રીબોધ ગરબાવળી : ચુંટણી કરનાર મણિલાલ છબારામ ભટ્ટ, પ્રકાશક ઉપર પ્રમાણે, કીમત ૦-૫-૦.

ઉદ્ધારક : અમદાવાદ અંત્યજ સેવાસમાજનું મુખપત્ર; ઠેકાણું મીરજાપુર મીરસીવાડ; વાર્ષિક ૦-૧૨-૦

મોડાસા ખડાયતા કેળવણી મંડળનો ત્રીજો અહેવાલ.

એમ? કેમ

દરિયાનાં મોજાં કિનારા તરફ કેમ વળે છે?

કપડાને એક છેડેથી ઝાટકીએ તો તેમાં જે ગતિ ઉત્પન્ન થાય તે બીજા છેડા સુધી પહોંચે છે. મેજ ઉપર પાથરેલ કપડાના એક છેડાને પણ જો એવી જ રીતે ઉંચો કરી મુકી દેવામાં આવે તો તેમાં ઉત્પન્ન થએલાં મોજાં બીજા છેડા સુધી પહોંચે છે. શાંત સરોવરમાં એક કાંકરો નાખવામાં આવે તો તેમાં મોજાં ઉત્પન્ન થઇને આખા સરોવરમાં પથરાય છે. તે જ પ્રમાણે દરિયાના મધ્ય ભાગમાંથી પાણીનાં મોજાં ઉત્પન્ન થાય છે અને તેથી તે કિનારા સુધી પહોંચે છે.

ઘણે ઉંચેથી નીચે જોતાં આપણી આંખે અંધારાં કેમ આવે છે?

જો આંખ બંધ રાખીને ગમે તેટલે ઉંચેથી નીચે જોઇએ તો ચક્કર કે અંધારાં નથી આવતાં; પણ આંખ ઉઘડે છે એટલે ચક્કર આવવા માંડે છે. આનું કારણ એમ છે કે ઘણે ઉંચેથી નીચે સુધી નજર બરોબર ન પહોંચવાથી આંખ ખેંચાય છે, અને તેને લીધે મગજની અંદર જે સમતોલપણું સાચવવાની શક્તિ છે તેમાં ઉંડાણની છાપ બરોબર ન પડવાને લીધે ગરબડ થાય છે. વળી નીચે નજર ન પહોંચી શકવાથી મગજમાં પડી જવાની બીક ઉત્પન્ન થાય છે, એથી પણ ચક્કર આવે છે. સમતોલપણું સાચવવાની શક્તિનો આધાર નજર ઉપર રહેલો છે.



માધુકરી

પ્રભુની મોંઘી ઓ માતા! ઓ સુંદરતાની કુંજ!
તુજ નિર્મળ ને સુખશાતા વહશે ક્યારે નવગુંજ?
તુજ દૈવી પુણ્યપુરાણુ પ્રભાનો કરવો પુનરૂદ્ધાર,—ઓ ભારતમાત, વિચાર!
અરધી દુનિયા રૂહે તાકી તુજને કરવા સ્વાધીન,
ખખડાવે શસ્ત્ર તુમાખી સમજી અમને બળહીન:
પણ અર્ધ જગતશું બાથ ભરી તુજ કાજે મરશું વીર—ઓ ભારત, ધરજે ધીર!
ઓ માત! અમે સૌ તારા, તુજ કીર્તિ અમારૂં સર્વ;
રજની ભરતા જ્યમ તારા રાખે રજનીનો ગર્વ:
દે હાક, અને ખુણેખુણેથી ધસશું હારોહાર!—ઓ ભારતમાત પુકાર!

—કવિ ખબરદાર

નીતિનિપુણ ચાણક્ય

ભારતભરમાં અઠંગ રાજપુરુષ અને પહેલી કોટિના મુત્સદ્દી તરીકે આર્ય ચાણક્યનું નામ પ્રસિદ્ધ છે. નંદ કુળને ઉત્થાપનાર અને મૌર્યકુળને સંસ્થાપનાર આ મહાન ઇતિહાસવિભૂતિનું ચરિત્ર ‘મુદ્રારાક્ષસ’ વગર બીજે કશે મળી આવતું નથી. એનો સમય ઈ. સ. પૂર્વે ૩૫૦ એટલે આજથી આશરે ૨૨૫૦ વર્ષ પહેલાંનો ગણાય છે. થોડા વખત થયાં રાજ્યનીતિ ઉપર લખેલો એમનો મહાગ્રન્થ ‘અર્થશાસ્ત્ર’ મળી આવ્યો છે. તોપણ એમને પોતાને વિષે તો કશી જ પ્રમાણભૂત માહીતી મળતી નથી. એમના એ ગ્રંથમાંથી આપણને ચંદ્રગુપ્તના રાજ્યતંત્ર ને રાજ્યપદ્ધતિના ઉંચા સિદ્ધાન્તો ઉપલબ્ધ થાય છે. આ પુસ્તકની ચર્ચા ને સમાલોચના પશ્ચિમના મોટમોટા વિદ્વાનો કરી રહ્યા છે. એ જાતે જમદગ્નિગોત્રી બ્રાહ્મણ અને ચણક મુનિના વંશ જ હતા, એટલે ચાણક્ય કહેવાતા. ‘કુટિલ’ ઓળખ પરથી કૌટિલ્ય પણ કહેવાતા. પરંતુ એમનું મુળ નામ વિષ્ણુગુપ્ત અથવા વિષ્ણુશર્મા હતું.

દંતકથા કહે છે કે એ વિધવા માતાનો અનાથ બાળક હતો; અને મદ્રદેશ (હાલ પંજાબ)ની તક્ષશિલાની પ્રસિદ્ધ વિદ્યાપીઠમાં એમણે અભ્યાસ કર્યો હતો. પછી એની માતા યે મરી ગઇ, પણ મૃત્યુશય્યાએ એ કહેતી ગઈ કે ‘બેટા, તારો ભાગ્યોદય સદ્ય થશે.’ માતાની આ છેલ્લી આશિષ લઇ મનમાં મહાકાંક્ષા ધરીને એ પોતાનું ભવિષ્ય ઘડવા મગધદેશ તરફ ચાલી નીકળ્યો. આ વખતે ત્યાં મહારાજા મહાનંદનો રાજ્યકાળ ચાલતો હતો. અહીં ગંગાજીને તીરે પોતે પર્ણકુટિ બાંધી રહ્યો. ધીમેધીમે એની વિદ્વત્તાનો પ્રતાપ મગધની કચેરીમાં પહોંચ્યો.

આ વખતે ઉત્તર ભારતમાં ચાર મહારાજ્યો અને બીજાં અનેક નાનાં રાજ્યો હતાં. ગ્રીસનો જગદ્વિજયી મહાન સીકંદર સવારી કરીને આર્યાવર્ત પર ચડ્યો હતો. પરંતુ મદ્રદેશથી આગળ ધપવાની એની હીમત ચાલી ન હતી.

મહારાજા મહાપદ્મને સુનંદા રાણીથી આઠ પુત્રો થયા હતા. આ ઉપરાંત મુરા નામની એક સુશીલ અને સંસ્કારી ‘નાયણ’થી ચંદ્ર નામે પુત્ર હતો. લાડકવાયા કુંવર ચંદ્રના શિક્ષણ સારૂ મહાપદ્મે વિદ્વાન ચાણક્યને આચાર્ય નીમ્યા.

ચાણક્યના જીવનમાં આ પહેલાં એક બનાવ બની ગએલો. લોભી અને પ્રજાપીડ નંદ મહાપદ્મે એક વાર રાજચોરાશી કરેલી તેમાં બ્રાહ્મણોની સંગાથે ચાણક્ય પણ એક પંક્તિએ જમવા આવ્યો. આ અજાણ્યા અતિથિ સામે બ્રાહ્મણોએ અને નંદે પોતે વિરોધ ઉઠાવ્યો. કહેવાય છે કે નંદકુળનો નાશ કર્યા વગર શિખાબંધન ન કરવાનું પણ તેણે એ ઘડીએ લીધેલું.

એક દંતકથા એવી પણ છે કે પાટલિપુત્રને રસ્તે ચાલતાં એને દર્ભનો કાંટો વાગ્યો. એથી એ જ ઘડીએ તે દર્ભનું મુળ કાઢવા મંડ્યો. આ વખતે, કોઇક કારણસર દેશપાર થએલો ચંદ્રગુપ્ત તેને મળ્યો. એમનું ઓળખાણ થયું, અને બંને એક જ લક્ષ્ય--નંદવંશનિકંદન—ને સારૂ મથવા લાગ્યા. ચંદ્રગુપ્તને બદલે કોઇકોઇ મહાપદ્મના દેશનિકાલ થએલા પ્રધાનમંત્રી શકટારનું નામ પણ દે છે.

ચંદ્રગુપ્ત અને વિષ્ણુશર્માએ મળીને મહારાજા મહાપદ્મને ઝેર દીધાનું કહેવાય છે. ત્યાર પછી બીજાં બાર વર્ષમાં તેણે આઠે નંદકુંવરોને ખડ્ગ કે વિષ દ્વારા મારી નંખાવ્યા, મગધનું

રાજ્ય વશ કર્યું, ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડ્યો, રાજ્યમાં શાન્તિ સ્થાપી ને રાજ્યકારભારનું કર્તાહર્તાપણું હાથ પર લીધું. પણ પછીથી પ્રધાન રાક્ષસને કાર્યભાર સોંપી પોતે વાનપ્રસ્થી થયા.

એમના પારદર્શી જીવનના પૂર્વાર્ધમાં ચાણક્ય આચાર્ય તરીકે ને ઉત્તરાર્ધમાં શક્તિસિદ્ધ રાજ્યગુરુ તરીકે શોભે છે. એ પોતે સંસ્કૃતના અઠંગ વિદ્વાન, વેદમાં પારંગત અને ઋષિધર્મ પાળનારા હતા. મગધના ભાગ્યવિધાતા, નવા ભારતના આદિ સુધારક અને તારણહાર તરીકે આપણે એમને ગણી શકીએ. વળી આર્યાવર્તની વિશાળ ભાવના એ એમની જ દીર્ઘદૃષ્ટિનું ફળ હતું.

પરંતુ એ જબરા મુત્સદ્દી હતા. એમની રાજ્યનીતિ કુટિલ હતી. ધાર્યું લક્ષ્ય પાર પાડવાને સારાંનરસાં સાધનો ને રીતોની એમણે છૂટ લીધી. સામ, દામ, ભેદ અને દંડ-નીતિ એમને સ્વીકાર્ય હતી. બૌદ્ધ અને જૈન ધર્મના એ અહિંસાકાળમાં યુદ્ધો ને હત્યાઓને એમણે અનિવાર્ય માન્યાં. છળકપટ અને ષડ્યંત્રની જાળ રચવામાં અને ધોરણસર ચાર-પદ્ધતિનો ઉપયોગ કરવામાં એના જેવો બાહોશ કોઇ જ થયો નથી.

ચાણક્ય આર્યે નાગરિકના હક્ક તો કબુલે છે, પણ એની શાસનપદ્ધતિ મુખ્યત્વે પ્રજાસત્તાક નહિ પરંતુ રાજ-પક્ષની પક્ષપાતી હતી. એ સુધારક છતાં શિષ્ટ પરંપરાને રક્ષવાની ભલામણ કરે છે. ચાણક્યનો જીવનમંત્ર પુરુષાર્થ હતો; પ્રારબ્ધ નહિ.

સમ્રાટ ચંદ્રગુપ્તનું સરદાર સેલ્યુકસની ગ્રીક કુમારી જોડે લગ્ન, એ પણ કદાચ એ અજોડ નીતિદક્ષ રાજપુરુષનો જ તર્ક હોઇ શકે આ લગ્ન અદ્ભુત હતું, એટલું જ નહિ પરંતુ આન્તરરાષ્ટ્રીય રાજકારણનું પહેલું પગથિયું અને સામ્રાજ્ય-સ્થાપનાનું મુખ્ય અંગ બન્યું;—જે મોગલ પાદશાહ મહાન અકબરે આચર્યું અને અંગ્રેજો ન આચરવા જેટલા સાવધાન છે!

પશ્ચિમના કોઇ પણ ભૂતવર્તમાન રાજનીતિજ્ઞને આંટી દે તેવા આ મંત્રીવર્યના ચરિત્રથી આપણા ઇતિહાસના અભ્યાસીઓ તદ્દન અજાણ છે એ શોચનીય છે.

આર્યાવર્તના ઇતિહાસમાં વિદ્વાન આચાર્ય, સમર્થ રાજ્ય-કાર્યદક્ષ, પ્રખર શાસક, અજોડ મુત્સદ્દી અને નીતિનિપુણ કૌટિલ્ય તરીકે એ અદ્ભુત વિભૂતિ સદાકાળ અમર રહેશે.

નવા જાપાનનો નાયક

હાલના જમાનામાં જાપાન ઘણો આગળપડતો અને સુધરેલો દેશ ગણાય છે. ત્યાંના લોક પુષ્કળ ધંધારોજગાર ખેડે છે અને દેશ આગળ કેમ વધે તે વિષે નવાનવા વિચારો અમલમાં મુકે છે. ત્યાંની પ્રજાનો એકેએક માણસ પ્રાણવાન, અસ્મિતાવાળો અને પ્રગતિમાન છે; અને એ દેશની એ પ્રગતિમાં મોટો ફાળો ત્યાંના પ્રજાનાયકોનો છે.

નવા વિચારો ઝીલીને જાપાનને પ્રગતિમાન બનાવવાની



કગવા

ખાહેશ વાળા એવા લોકનાયકોમાં ટોયોહીકો કગવાનું સ્થાન ઉંચું છે. સુધારાઓનો આજ એ મોવડી છે. એનું વય છત્રીસ વર્ષનું છે. કોબેના એક તવંગર કુટુંબનો એ નબીરો છે.

કગવા કૉલેજમાં અભ્યાસ કરતો ત્યારે એકવાર તેની તબિયત લથડી અને પાસેના માછીમારોના ગામમાં સાજો થવા ગયો. અહીં તેણે ગરીબ મજુરોની માઠી હાલત જોઇ. આ ઉપરથી દેશમાં નવો યુગ બેસાડવાની તેને ચાનક ચડી.

પછી એ કોબેના ગંદા લત્તાઓમાં રહેવા ગયો અને એક જાપાનીને છાજે તેવાં બળ ને શ્રમ ખેડીને પોતાનું કાર્ય કરવા લાગ્યો. તેણે એકલે હાથે ગરીબ મજુરો માટે ભંડારો, કારખાનાં, દવાખાનાં, શાળાઓ ને સમાચારપત્રો કાઢ્યાં ને ઘણી ચોપડીઓ લખી. 'મૃત્યુના મુખમાં' નામે એની નવલ-કથાની ત્રણ લાખ નકલો ખપી ગઇ. એમાંથી જે પૈસા મળ્યા તે વડે એ પોતાનો લોકસેવાનો બધો કારભાર ચલાવે છે.

ઈન્દ્રગોપ

ઇન્દ્રગોપ એ નામ બહુ જ ઓછા લોકોએ સાંભળ્યું હશે; પણ ઇન્દ્રગોપ જોયો ન હોય એવો માણસ ભાગ્યે જ મળે. ચોમાસાની શરૂઆતમાં દાડમના દાણા જેવાં લાલ ને મખમલ જેવાં સુંવાળાં નાનાં જીવડાં જમીનમાંથી બહાર આવે છે ને ફર્યાં કરે છે. આઠ દિવસ સુધી જ તે દેખા દે છે, અને વરસમાં આઠ દિવસની જિંદગી ભોગવી અલોપ થઇ જાય છે. આ આઠ દિવસની અંદર આ પ્રાણીઓ પોતાનું બાળપણ, યૌવન અને ઘડપણ ભોગવી લે છે અને ભૂમિમાતાને પોતાનાં ઇંડાં શ્રદ્ધાપૂર્વક સોંપી દઇ આ દુનિયામાંથી વિદાય લે છે.

(ઓતરાતી દીવાલો) દ. બ. કાલેલકર

સિદ્ધિનું રહસ્ય

સંધ્યાનો સમય હતો. ધારેલા કાર્યની સફળતા વિષે અનેક યુક્તિઓ ગોઠવતો હું અભ્યાસગૃહ તરફ જતો હતો.

દ્વાર આગળ આવતાં જ કંઇક અવાજ આવ્યો. અંદર ડોકિયું કર્યું, પરંતુ કોઈ દેખાયું નહિ. ત્યારે અવાજ કોનો આવ્યો? હું વિસ્મય પામ્યો અને બારણા આગળ થોભ્યો.

મારી વિચારમાળા પણ હજી સાવ તુટી ન હતી. તેથી અંદરથી આવતા અવાજમાં સંપૂર્ણ ધ્યાન આપી શકતો ન હતો; તોપણ એ અર્ધનિદ્રિત અવસ્થામાં જણાયું કે અભ્યાસ-ગૃહની વસ્તુઓ પોતપોતાને સ્થાને રહીને ' કાર્યસિદ્ધિનું રહસ્ય શું? ' એ વિષય ઉપર ગંભીર ચર્ચા ચલાવી રહી હતી, અને ચર્ચા પુરી થઇ રહી હોવાથી મત લેવાતા હતા.

પ્રમુખ તરફથી પુછવામાં આવતાં કોટના બટને મત આપ્યો, 'છિદ્ર શોધી બહાર નીકળો.'

પેન્સિલે કહ્યું, ' કોઈના દોરવ્યા દોરવાઇ જાઓ નહિ. '

કૅલેન્ડર બોલ્યું, ' પ્રતિદિન નવીનતા દાખવો. '

રબ્બરે કહ્યું, ' ભુલોને દૂર કરો '

ચપ્પુ બોલ્યું, ' તીક્ષ્ણ બનો. '

ઘડિયાળે કહ્યું, ' સમય જાળવો. '

પુસ્તકો બોલ્યાં, ' સ્થાનભ્રષ્ટ થાઓ નહિ. '

રબરનો સિક્કો કહે, ' સચોટ છાપ પાડે. '

ગુંદિયું બોલ્યું, ' સારૂં સ્થાન શોધી ચોંટયા રહો. '

સોય બોલી. ' વસ્તુઓ ભેગી કરી અનુકુળ બનાવો. '

એવામાં બારણું બોલ્યું, ' બંધ રહો; કોઈ સાંભળતું જણાય છે! '

શાન્તિ પ્રસરી રહી, અને એ બધા મતો ઉપર વિચાર કરતો હું અભ્યાસખંડમાં દાખલ થયો. (ક. જ. અન્નદાણી)

આટલું તમે કરો છો?

અમેરિકાના એક આરોગ્ય–સપ્તાહમાં નીચે લખ્યું છાપેલાં હસ્તપત્ર છુટથી વહેંચવામાં આવ્યાં હતાં. એમાંની કેટલી વસ્તુને તમે અનુસરો છો એ તપાસી જુઓ જોઇએ:

(૧) તમે જે ઘરમાં રહેતા હો તેને ચોકખું ને પુરતા હવાઉજાસવાળું રાખો.

(૨) ઋતુ, હવા અને રહેઠાણને અનુકુળ, છિદ્રોવાળાં ઢીલાં વસ્ત્રો પહેરો.

(૩) તમારો ધંધો ઘરમાં બેસીને કામ કરવાનો હોય તો એકવાર અચુક બહાર જઇને ફરી આવવાનું ભુલતા નહિ.

(૪) તાજી હવામાં સુઓ;–અને બને તો ખુલ્લા આકાશ નીચે.

(૫) ઉધરસ કે છીંક ખાઓ ત્યારે મોં આડો રૂમાલ રાખો, અને બીજા પણ એમ કરે એવો આગ્રહ કરો.

(૬) જમવા બેસતાં પહેલાં હાથપગ અવશ્ય ધુઓ.

(૭) અતિ બહુ ન જમો.

(૮) શાકભાજી કે બીજાં ફળ છુટથી આરોગો.

(૯) ધીમેધીમે જમો—ચાવીને જમો.

(૧૦) જરવા બાદ દિવસનું નવદસ પ્યાલા પાણી પીઓ.

(૧૨) ટટ્ટાર બેસો, ઉભા રહો અને ચાલો.

(૧૩) દાંત અને પેઢાં ચોકખાં રાખો.

(૧૪) આરામ, રમત કે કામ, જે કરો તે બધું હદમાં રહીને કરો. અતિશયતા વર્જો.

(૧૫) શાન્ત સૌમ્ય રહો. બળતરા અને ચિંતા એ આરોગ્યની ચુડેલો છે.

(૧૬) હાથલાગી જે તે દવા ન લો. બનાવટી પેટંટ દવાઓથી ચેતતા રહો.

આખો ખંડ ખસે છે!

ઘણા શાસ્ત્રજ્ઞો કહે છે કે, અમેરિકા ખંડ દિવસે દિવસે એશિયા ખંડ તરફ સરકતો ચાલ્યો જાય છે. તેઓ રેડિયોની સહાયથી ઉપલી બીનાને સિદ્ધ કરવા ચાહે છે. તેમણે વૉશિંગ્ટન, સૅનડીઆગો જેવા પ્રમુખ ઠેકાણે કાલદર્શક કેટલીક નીશાનીઓ કરી રાખી છે. આ નીશાનીઓની મદદથી રેખાંશમાં કેવો કેવો ફરક પડે છે તે તેઓ જોનાર છે. શાસ્ત્રજ્ઞોની કલ્પના પ્રમાણે તેમાં ફરક દેખાઈ આવશે તો અમેરિકા ખંડ એક કાળે યૂરોપ અને આફ્રિકાનો જ ભાગ હતો ને એ ભાગ આ બે ખંડમાંથી વિભક્ત થતાં ત્યાં આગળ આટલાંટિક મહાસાગર બન્યો એ સિદ્ધાન્તને પુષ્ટિ મળશે. ભૂગર્ભશાસ્ત્રવેત્તાઓ કહે છે કે પૃષ્ઠ ભાગ ઉપર જે આવરણ છે તેનાથી ૬૦ માઇલ નીચે અર્ધવટ પીગળેલો એવો તપ્તરસ છે. આ તપ્તરસને લીધે પૃથ્વી એકસરખી સરકે છે, તેથી એક ઠેકાણેના ખંડ કાળાન્તરે બીજી તરફ જવા અસંભવનીય નથી. આપણે જો નકશો ઉઘાડીને જોઇએ તો અમેરિકાના કિનારાની રેષા આફ્રિકા ને યૂરોપખંડના કિનારાની રેષામાં બેસે છે એવું આપણને દેખાશે. આ ઉપરથી પણ અમેરિકા આગળ સરકે છે એવું માલમ પડી આવે છે. (પ્રજાબંધુ)

બાપ—હું નાનો હતો ત્યારે કદિ જુઠું બોલતો નહિ.
દીકરો—ત્યારે તમે કેટલી ઉમરે શીખ્યા?

સત્સંગ

એક ફારસી કવિએ પવિત્ર કુરાને શરીફ ઉપર થોડી ધુળ-રજ પડેલી જોઈ. તેથી તેણે એને પુછ્યું કે તારા જેવી હલકી અને નાચીઝ વસ્તુ આવા પવિત્ર કુરાન ઉપર કયાંથી આવીને પડી? ધુળને વાચા ઉત્પન્ન થઇ. તેણે જવાબ આપ્યો: 'સત્સંગથી. પહેલાં મને પવનનો સત્સંગ થયો. તે મને એક ફુલ ઉપર લઇ ગયો. અને જ્યારે કુરાને શરીફ પર ફુલ ચડાવવામાં આવ્યાં ત્યારે ફુલના સત્સંગને લીધે હું ફુલની સાથે કુરાનેશરીફ જેવા પવિત્ર સ્થાન પર આવી પડી.'

ભીખારી—શેઠ એક પૈસો આપોને-

શેઠ—હું એક શરતે તારૂં કહ્યું માનું.

ભીખારી—કહો શેઠ, શી શરત ?

શેઠ—શરત એટલી જ કે તારે કંઇ પણ માગ્યા વગર અહીંથી ચાલ્યા જવું.

આવાં બીજાં શોધી કાઢો


બાણ તો રામનું; ક્રોધ તો દુર્વાસાનો; ધીર તો પ્રહલાદની; નીર તો ગંગાનું; દુધ તો માતાનું; ઘટા તો મેઘની; કળા તો મોરની; નાણું તો સોનાનું; ગાણું તો લગ્નનું; ખાણું તો ભુખનું; છાણું તો શિયાળાનું; ફુલ તો કમળનું; ભુલ તો સમજુની; મુલ તો સજ્જનનાં; પાયા તો પર્વતના; માયા તો માડીની; છાયા તો ઝાડીની; લ્હેર તો સાગરની; વેર તો કાઠીનું. (ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ)

વરસાદનાં ટીપાં ખરેખરાં કેવડાં મોટાં હોતાં હશે એમ આપણને ઘણી વાર થાય છે. એ જાણવાનો એક રસ્તો છે. તવી પર થોડો લોટ પાથરી વરસાદ શરૂ થાય ત્યારે મુકો અને થોડાં ટીપાં અંદર પડે કે લઇ લો. પછી તવીને દેવતા પર મુકો. લોટ શેકાવાથી વરસાદનાં જ્યાં ટીપાં પડ્યાં હશે તેટલા લોટની ગોળીઓ બની જશે. એ ગોળીઓ બરાબર ટીપાં જેવડી જ હશે.

માણસ પોતાના વજન કરતાં સરેરાશ અઢીગણું વજન ઉચકી શકે.



દોરડાંની ગાંઠોના વધુ નમુના



ફાયરપ્રુફ કાગળ

બાજુના ચિત્રમાં બતાવ્યા મુજબ ખુબ ફટકડી ઓગાળી હોય એવા પાણીમાં કોઈપણ લખવાના કાગળનો કટકો (ગ્લેઝવાળો નહિ) ત્રણ વખત પલાળો. દર વખતે પલાળ્યા પછી એને સુકાવા દેજો. પછી એ કાગળને તમારા મિત્રોની હાજરીમાં દીવા ઉપર ધરો. કાગળને જરા પણ આંચ નહિ આવે.

ગણિતગમ્મત

કોઈપણ રકમ લખી તેને ઉલટાવો. પછી મુળ રકમ અને ઉલટાવેલી રકમની બાદબાકી કરતાં જે રકમ આવે તેના આંકડાનો સરવાળો કરી જુઓ. તે ૯ અથવા ૯નો ગુણક જ થશે.

'ગુવાર' શબ્દ મુળ સંસ્કૃત 'ગૌ આહાર' પરથી થયો. ગૌ આહાર એટલે ગાયોનો ખોરાક. આજ પણ ગાયો વધુ દુધ દે તે માટે તેમને ગુવાર બાફીને ખવડાવવામાં આવે છે.


રૂપાના દાગીનાને કાટથી કાળા પડી જતા અટકાવવાને માટે તેના દાબડામાં કપુર રાખજો.

કપડાંની પેટીમાં ઉધઈ કે કસારી ન થવા દેવાં હોય તો કપડાં ભરતાં પહેલાં તેમાં થોડું ટર્પેન્ટાઇન છાંટજો.

ખરો મિત્ર તેને સમજજો, જે સુખનો ગુણાકાર કરે ને દુઃખનો ભાગાકાર.

આપણને દાંત બત્રીસ શા માટે હોય છે? દરેક કોળિયો ઓછામાં ઓછો ૩૨ વખત ચાવવા માટે.

ઘેર બેઠાં અત્તર બનાવો



વાદળીનો એક નાનકડો ગોળ ટુકડો લઇ તેને મીઠા તેલમાં બોળી, જોડેના ચિત્રમાં બતાવ્યા મુજબ, એક સળી કે ખીલા વડે ટિનની એક ગળણીમાં લટકાવો. પછી જે ફુલનું અત્તર બનાવવું હોય તેની તાજી પાંખડીઓ એક કાચની બરણીમાં ભરી તેના ઉપર પેલી વાદળી લટકતી રહે એમ ગળણી ઉંધી ઢાંકી દો. આઠદસ કલાક પછી જોશો તો વાદળીમાંના તેલમાં ફુલની વાસ બેસી ગઇ હશે. તેને નીચોવી લઇ વાપરો.

ચા તથા કૉફીના ડાઘ કપડા પરથી કાઢવા માટે તે પર થોડું ટર્પેન્ટાઇન લગાડો ને થોડીવાર પછી સાબુથી ધોઇ નાખો: જતા રહેશે.

આંગળાંનાં નખ બહુ વધે એ તંદુરસ્તીની નીશાની ગણાય છે.